بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

رَبِّ زِدْنِیْ عِلْمًا وَّارْزُقْنِیْ فَهْمًا

રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**


**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૧૧ ❖ ૧૦, જુલાઈ–૨૦૧૩
૩૦, રમઝાન, હિ.સન–૧૪૩૪ ❖ સળંગ અંક : ૩૮૩

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી એચ. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ઊઘડતે પાને | ૦૧ |
| કુરઆન શિક્ષણ | ૦૬ |
| અહાદીસ | ૦૮ |
| ગડમથલ | ૧૦ |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | ૧૧ |
| મદીનતુલ ઈલ્મ | ૧૫ |
| મશાયખવાણી | ૨૫ |
| શાહઝાદી ઝયનબ (સ.અ.) | ૨૭ |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૨૯ |
| ખુત્બો : કર્ઝે હસ્ના વિષે | ૩૩ |
| અલ ઈર્શાદ | ૩૮ |
| નહજુલ અસરાર | ૪૧ |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૩ |
| બ્લોગ | ૪૫ |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૫૧ |
| મીર અનીસના મરસિયા | ૫૩ |
| જ્ઞાનગોષ્ઠિ | ૫૭ |
| આપણા ઘરની વાતો | ૬૧ |
| જાફરી પંચાંગ | ૬૪ |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૫ |


## ઊઘડતે પાને...

ઈસ્લામના મહાન પયગમ્બર.

હઝરત મોહંમદ મુસ્તફા (સ.).

જ્યારે હઝરત મોહંમદ મુસ્તફા (સ.) મેઅરાજ માટે તશરીફ લઈ ગયા હતા ત્યારે અલ્લાહ તઆલાએ તેમને ભેદની ઘણી વાતો કરી હતી. તેમાંથી અમુક બાબતો આપ (સ.)

એ પોતાના અસ્હાબોને કરી હતી જે હદીસે મેઅરાજ તરીકે મશહૂર છે. હઝરત (સ.)એ હદીસે મેઅરાજ ઉપરથી રહસ્યનો પડદો કેવી રીતે ઊંચક્યો હતો તે બાબત જોઈએ.

કિતાબ અલ મોહતઝરમાં હસન બિન સુલયમાને શેખ સાલેહ અબૂ મોહંમદ હસનની કિતાબ અલ મેઅરાજના હવાલાથી નકલ કરી છે. એમની જ સનદોની સાથે સદૂક (રહે.) થી, તેમણે ઈબ્ને ઈદરીસથી, તેમણે પોતાના વાલિદથી, તેમણે સહલથી, તેમણે મોહંમદ બિન આદમ નિસાઈથી, તેમણે પોતાના વાલિદ આદમ બિન અબૂ અયાસથી, તેમણે મુબારક બિન ફઝાલાથી, તેમણે વહબ બિન મુનબ્બાથી મરફૂઅન અને તેમણે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે કે ઈબ્ને અબ્બાસનું બયાન છે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું,

(૧) "જ્યારે મારો પરવરદિગાર મને મેઅરાજ પર લઈ ગયો ત્યારે અવાજ આવ્યો તો મેં અરજ કરી,

હાજર છું તારી બારગાહમાં, અય અઝમતવાળા પરવરદિગાર ! હું હાજર છું.

તો અલ્લાહ તઆલાએ મારી તરફ વહી ફરમાવી,

અય મોહંમદ ! શું તમને ખબર છે કે ફરિશ્તાઓની અંદર કઈ બાબત પર ઈખ્તેલાફ થયો હતો ?

મેં અરજ કરી,

પરવરદિગાર ! મને તો તેનું ઈલ્મ નથી.

અલ્લાહ તઆલાએ મને ઈરશાદ ફરમાવ્યો,

અય મોહંમદ ! શું મનુષ્યોમાંથી તમે તમારો કોઈ વઝીર અને ભાઈ અને તમારો વસી પણ ચૂંટી કાઢ્યો છે કે મુકર્રર કર્યો છે તમારા પછી (ના માટે) ?

મેં અરજ કરી,

પરવરદિગાર ! અને અય મારા માઅબૂદ ! હું કોને ચૂંટી કાઢું ?

ત્યાર પછી મારી તરફ વહી ફરમાવી,

અય મોહંમદ ! મેં અલી ઈબ્ને અબીતાલિબને મનુષ્યોમાંથી તમારા માટે ચૂંટી કાઢ્યો છે.

મેં અરજ કરી,

અય મારા માઅબૂદ ! શું મારા પિત્રાઈ (ભાઈ)ને ?

ફરીથી મારી તરફ વહી ફરમાવી,

અય મોહંમદ ! નિ:શંકપણે તમારા પછી અલી (અ.) જ તમારો વારિસ, અને તમારા ઈલ્મનો વારિસ અને કયામતના દિવસે તમારી લિવા (ઝંડા)ને ઉપાડનારો અર્થાત્ લિવાએ હમ્દને ઉઠાવનારો (અને બુલંદ કરનારો) અને તમારા હૌઝ (કૌસર)નો સાકી હશે. તમારી ઉમ્મતમાંથી જે મારા ઉપર ઈમાન લાવનારો ત્યાં આવશે, તે (અલી) તેને આબે કૌસરથી સયરાબ કરશે.

(૨) અને એવી પણ વહી કરવામાં આવી,

(અય મોહંમદ !) મેં મારા નફસની અને ઝાતની કસમ ખાધી છે કે જે કોઈ તમારો

દુશ્મન, તમારી અહલેબૈતનો દુશ્મન અને તમારી પાકીઝા ઓલાદનો દુશ્મન હશે. તે આ હૌઝ (કૌસર)થી પાણી નહીં પીએ. અને અય મોહંમદ! હું સાચે સાચું કહું છું કે તમારી સઘળી ઉમ્મતને જન્નતમાં દાખલ કરી દઈશ સિવાય એ લોકોના કે જેઓ જન્નતમાં દાખલ થવાનો ઈન્કાર કરશે.

(૩) મેં અરજ કરી.

અય મારા માઅબૂદ ! વળી કોઈ જન્નતમાં જવાનો પણ ઈન્કાર કરશે ?

મારી તરફ વહી કરવામાં આવી,

હા, હા, ઈન્કાર કરશે.

મેં અરજ કરી,

કોઈ વળી કેવી રીતે ઈન્કાર કરશે ?

મારી તરફ વહી આવી,

અય મોહંમદ ! મેં મારા સઘળા બંદાઓ અને મખ્લૂકમાં તમને ચૂંટી કાઢ્યા છે અને તમારા પછીનાઓ માટે તમારો એક વસી પણ ચૂંટી કાઢ્યો છે અને તેને તમારી સાથે એવો સંબંધ અને મંઝેલત (દરજ્જો) અતા ફરમાવ્યો છે કે જેવો હારૂન (અ.)ને મૂસા (અ.)ની સાથે હતો સિવાય એના કે તમારા પછી કોઈ નબી નહીં હોય અને મેં તેની મોહબ્બત તમારા દિલમાં નાખી દીધી, તમારા ફરઝંદોનો તેને વાલિદ બનાવ્યો, તેથી તમારા પછી તમારી ઉમ્મત પર તેને એવો જ હક પ્રાપ્ત હશે જેવો (હક) તમને તમારી જિંદગીમાં એ લોકોના ઉપર પ્રાપ્ત છે. હવે જે તેના હકથી ઈન્કાર કરશે તેણે જાણે કે તમારા હકથી ઈન્કાર કર્યો, જેણે તેની વિલાયતનો ઈન્કાર કર્યો જાણે તેણે જન્નતમાં જવાથી ઈન્કાર કર્યો.

(૪) આ સાંભળીને મેં અલ્લાહનો શુક્ર અદા કરવા માટે તરત જ માથુ સજ્દામાં એટલા માટે મૂકી દીધું કે આ તો અલ્લાહનો ખૂબ જ મોટો કરમ છે. એટલામાં એક મુનાદી (પોકારનારા)એ નિદા આપી કે અય મોહમંદ ! તમારા મસ્તકને સજ્દામાંથી ઉઠાવી લો. તમે મારી પાસે જે માગશો તે હું અતા કરીશ.

મેં અરજ કરી,

અય મારા માઅબૂદ ! મારી સઘળી ઉમ્મતને અલી બિન અબીતાલિબ (અ.)ની વિલાયતમાં શામિલ કરી દે જેથી તે બધા જ કયામતના દિવસે મારી પાસે મારા હૌઝ (કૌસર) પર આવે.

(૫) ત્યાર પછી મારી તરફ વહી કરવામાં આવી,

અય મોહંમદ ! મેં મારા બંદાઓ માટે તેમને પેદા કરવાના પહેલાં જ ફેંસલો કરી લીધો છે અને મારો ફેંસલો તેમનામાં ચાલુ થઈને જ રહેશે કે હું જેને ચાહીશ, તે (અલી)ના કારણે હલાક કરીશ અને જેને ચાહીશ તેના કારણે હિદાયત આપીશ અને મેં તમારા પછી તમારું ઈલ્મ તેને અર્પણ કરી દીધું છે અને તેને તમારો વઝીર બનાવ્યો છે. તમારા પછી તમારી અહલ અને તમારી ઉમ્મત પર તેને તમારો ખલીફો મુકર્રર

કરી દીધો છે અને મેં એવું નક્કી કરી લીધું છે કે જે એનાથી બુગ્ઝ અને દુશ્મની રાખશે અને તેની વિલાયતથી ઈન્કાર કરશે, તે જન્નતમાં કદાપિ નહીં જાય.

અને આ પણ સમજી લો કે –

જે માણસે તેના(અલી)થી અદાવત કરી તેણે જાણે કે તમારી સાથે અદાવત કરી અને જેણે તમારી સાથે અદાવત કરી જાણે કે તેણે મારી સાથે અદાવત કરી અને જેણે તેની સાથે મોહબ્બત કરી તેણે તમારી સાથે મોહબ્બત કરી અને જેણે તમારી સાથે મોહબ્બત કરી, તેણે મારી સાથે મોહબ્બત કરી.

(૬) અને મેં તે (અલી)ના માટે એવો ફેંસલો પણ લઈ લીધો છે અને તે એ છે કે તેની સુલ્બથી (નસલથી) અગિયાર મહદી પેદા કરીશ અને એ બધાય તમારી ઝુર્રિયત (ઓલાદ) અને બતૂલ (અ.)ની ઓલાદમાંથી હશે જેમાં આખરી મહદી (અ.) એવા હશે કે જેની પાછળ ઈસા ઈબ્ને મરયમ (અ.) નમાઝ પઢશે અને તે જમીનને અદ્લ અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે કે જેવી રીતે તે જુલ્મ અને જોરથી ભરાઈ ગયેલી હશે. હું તેના ઝરીઆથી લોકોને હલાકતથી નજાત આપીશ અને ગુમરાહીથી હિદાયત તરફ લાવીશ અને તેના ઝરીઆથી આંધળાઓને આંખો અને બીમારોને શિફા આપીશ.

મેં અરજ કરી,

અય મારા માઅબૂદ ! આ બધું કયારે બનશે?

(૭) ત્યાર પછી મારી તરફ વહી આવી કે– આવું તે સમયે બનશે કે જ્યારે દુનિયામાંથી ઈલ્મ જતું રહેશે, જહલ (અજ્ઞાનતા) છવાઈ જશે, (કુરઆનના) કારીઓની વિપુલતા હશે, અમલ ઓછો હશે, કતલ વધારે હશે, હિદાયત કરવાવાળા ફુકહા (ધર્મશાસ્ત્રીઓ) ઓછા અને ગુમરાહ અને ખયાનત કરવાવાળા ફુકહાની વિપુલતા હશે અને શાયરોનું પ્રમાણ વધારે હશે.

(૮) (આવું બધું ત્યારે બનશે કે જ્યારે) તમારી ઉમ્મત કબરોના ઉપર મસ્જિદો બનાવશે, (કુરઆને મજીદની) મુસાહિફ (નકલો) ગોઠવેલી હશે, મસ્જિદોને શણગારવામાં અને સજાવવામાં આવશે. જુલ્મ અને ફસાદની વિપુલતા તેમજ ગુના છડીચોક આચરવામાં આવશે અને તમારી ઉમ્મતને બૂરાઈનો અને ગુના (કરવાનો) હુકમ આપવામાં આવશે. અને તેમને નેકી (કરવા)થી રોકવામાં આવશે. પુરૂષો પુરૂષોને કાફી સમજશે અને સ્ત્રીઓ સ્ત્રીઓને કાફી સમજશે. ઉમરાવો અને હાકિમો કાફિર હશે અને તેમના હવાલી મવાલી ફાજિર (બદકાર) હશે અને તેમના મદદગારો અને અન્સારો જાલિમ હશે અને તેમના સલાહકારો ફાસિક હશે.

(૯) એ વખતે ત્રણ સ્થળોની જમીન ધસી પડશે એક પૂર્વની તરફ અને બીજી

પશ્ચિમમાં અને ત્રીજી જઝીરતુલ અરબ (અરબ મહાદ્વિપ)માં અને તમારી ઝુર્રિયત (ઓલાદ) માંથી એક માણસના હાથે બસરા બરબાદ થશે જેમનું અનુસરણ ઝનૂજ કરશે અને હસન (અ.)ની ઓલાદમાંથી એક માણસ ઝહૂર કરશે અને દજ્જાલ જાહેર થશે કે જે પૂર્વ તરફથી સુજતાનથી નીકળશે અને સુફ્યાની ખુરૂજ કરશે.

(૧૦) મેં અરજ કરી,

અય મારા માઅબૂદ ! મારા પછી કેવા કેવા ફિત્ના પેદા થશે ?

તેથી મારા ઉપર વહી આવી, અને મને બની ઉમય્યાની આફતો અને મારા કાકા (અબ્બાસ)ની ઓલાદના ફિત્નાની બાબતમાં બતાવવામાં આવ્યું અને કયામત સુધી થનારા પ્રસંગોની બાબતમાં પણ બતાવવામાં આવ્યું. ટૂંકમાં જ્યારે હું મેઅરાજથી જમીન ઉપર પાછો આવ્યો તો મેં મારા પિત્રાઈ ભાઈ (હઝરત અલી (અ.))ને તેની વસિયત અને હિદાયત કરી અને અલ્લાહનો પયગામ તેમના સુધી પહોંચાડ્યો. હું એ બાબત માટે અલ્લાહની હમ્દ કરું છું કે જેવી રીતે અંબિયાએ કિરામે તેની હમ્દ કરી છે જેવી રીતે મારા પહેલાં લોકો તેની હમ્દ કરી ચૂક્યા છે અને જેવી રીતે એ બધી જ બાબતો કે જે કયામત સુધી પેદા થનારી છે તેમની હમ્દ અને તારીફ કરશે.''

(સંદર્ભ : બિહારૂલ અન્વાર (ઉર્દૂ), ભાગ–૧૨, બાબ–૫, સફા–૨૨૭ થી ૨૨૯) *




**મીકદાદઅલી**

**MO 99257 47592**

**(જેઠીપુરાવાળા)**

**મંઝર ચશ્માઘર**

Manzar Optical

**નંબરના ચશ્મા, ફેન્સી ગોગલ્સ તથા સનગ્લાસના ચશ્મા બનાવી આપવામાં આવશે.**

**L-5, આકાશગંગા કોમ્પલેક્ષ, નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

قَالَ الَّذِیۡ عِنۡدَہٗ عِلۡمٌ مِّنَ الۡکِتٰبِ
اَنَا اٰتِیۡکَ بِہٖ قَبۡلَ اَنۡ یَّرۡتَدَّ اِلَیۡکَ
طَرۡفُکَ فَلَمَّا رَاٰہُ مُسۡتَقِرًّا عِنۡدَہٗ قَالَ
ہٰذَا مِنۡ فَضۡلِ رَبِّیۡ لِیَبۡلُوَنِیۡۤ ءَاَشۡکُرُ
اَمۡ اَکۡفُرُ وَ مَنۡ شَکَرَ فَاِنَّمَا یَشۡکُرُ
لِنَفۡسِہٖ وَ مَنۡ کَفَرَ فَاِنَّ رَبِّیۡ غَنِیٌّ
کَرِیۡمٌ ﴿۴۰﴾

❂ અને એ શખ્સ કે જેને (આકાશી) કિતાબનું થોડુંક જ્ઞાન હતું તેણે અરજ કરી કે હું તે (સિંહાસન) તારી પલક ઝપકે તે અગાઉ લઈ આવીશ; સારાંશ કે જ્યારે તે (સુલયમાને તે સિંહાસન પોતાની) પાસે ગોઠવેલું દીઠું ત્યારે કહ્યું કે આ મારા પરવરદિગારની કૃપાથી (થયું) છે, અને આ એ માટે કે તે મને અજમાવે કે હું ઉપકાર માનનારો છું કે અનુપકારી; અને જે કોઈ (અલ્લાહનો) આભાર માને છે તો તે પોતાની જાત (ના ફાયદા)ને માટે જ આભાર માને છે, અને જે કોઈ નેઅમતોની) કૃત્ઘ્નતા કરે છે તો નિ:સંશય મારો પરવરદિગાર બેપરવા (અને) ઉદાર છે.

**(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૪૦)**

---

اِنَّکَ لَا تُسۡمِعُ الۡمَوۡتٰی وَ لَا تُسۡمِعُ الصُّمَّ
الدُّعَآءَ اِذَا وَلَّوۡا مُدۡبِرِیۡنَ ﴿۸۰﴾

❂ નિ:સંશય આ ખરી વાત છે કે તું મરી ગયેલાઓને સંભળાવી શકતો નથી, તેમ બહેરાઓને પણ અવાજ સંભળાવી શકતો નથી, (ખાસ કરીને) જ્યારે કે તેઓ પીઠ ફેરવીને ચાલતી પકડે છે.

**(પારો–૨૦, સૂરએ નમ્લ, આયત–૮૦)**

وَمَآ اَنْتَ بِهٰدِى الْعُمْىِ عَنْ ضَلٰلَتِهِمْ ؕ
اِنْ تُسْمِعُ اِلَّا مَنْ يُّؤْمِنُ بِاٰيٰتِنَا فَهُمْ
مُّسْلِمُوْنَ ﴿٨١﴾

❂ અને ન તું આંધળાઓને તેમના અવળા માર્ગથી સરળ માર્ગ પર લાવી શકે છે; તું તો માત્ર તે શખ્સને સંભળાવી શકે છે કે જેઓ અમારી આયતો પર ઈમાન રાખે છે, પછી તેઓ (તેને) આધીન થાય છે.

**(પારો–૨૦, સૂરએ નમ્લ, આયત–૮૧)**

---

وَ اِذَا وَقَعَ الْقَوْلُ عَلَيْهِمْ اَخْرَجْنَا لَهُمْ
دَآبَّةً مِّنَ الْاَرْضِ تُكَلِّمُهُمْ ۙ اَنَّ النَّاسَ
كَانُوْا بِاٰيٰتِنَا لَا يُوْقِنُوْنَ ﴿٨٢﴾

❂ અને જ્યારે તેમના પર (કયામતના વાયદાનો) બોલ પૂર્ણ થશે ત્યારે અમે એમના માટે જમીનમાંથી એક એવું પ્રાણી કાઢી લાવીશું કે જે (કયામતની નિશાનીઓ માંહેની એક નિશાની હશે અને તે એટલા માટે કે) તેમની સાથે વાતો કરશે કે (ઘણા ખરા) લોકો અમારી આયતો પર વિશ્વાસ રાખતા ન હતા.

**(પારો–૨૦, સૂરએ નમ્લ, આયત–૮૨)**

---

وَ قَالَتِ امْرَاَتُ فِرْعَوْنَ قُرَّتُ عَيْنٍ لِّيْ وَ
لَكَ ؕ لَا تَقْتُلُوْهُ ۖ عَسٰۤى اَنْ يَّنْفَعَنَاۤ اَوْ
نَتَّخِذَهٗ وَلَدًا وَّ هُمْ لَا يَشْعُرُوْنَ ﴿٩﴾

❂ અને ફિરઓનની પત્ની (આસિયા)એ કહ્યું કે આ (બાળક) મારી અને તારી આંખોની ઠંડક છે : (માટે) તેને મારી ન નાખો; કદાચને તે આપણને કોઈ લાભ આપે અથવા તેને આપણો (પાલક) પુત્ર બનાવી લઈએ, અને તેઓ ખરી હકીકતથી વાકેફ ન હતા.

**(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૯)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ(સ.)**

## ૨૪ નમાઝ વિષે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

...فَاَقِيْمُوا الصَّلٰوةَ ۚ اِنَّ الصَّلٰوةَ كَانَتْ

عَلَى الْمُؤْمِنِيْنَ كِتٰبًا مَّوْقُوْتًا ﴿١٠٣﴾

*(પધ્ધતિ અનુસાર) નમાઝ પઢતા રહો કારણ કે નમાઝ તો ઈમાનદારો ઉપર સમય નક્કી કરીને ફર્ઝ કરવામાં આવી છે.)*

(સૂરએ નિસા, આયત–૧૦૩)

(૩૩૭) કયામતના દિવસે જે ઈબાદતનો હિસાબ સૌ પ્રથમ લેવામાં આવશે તે નમાઝ છે. (ઈસ્નાઅશરીયા, સફા–૯)

(૩૩૮) બેશક નમાઝ દીનનો સ્થંભ છે કે જે બંદાના આમાલમાં સૌ પ્રથમ જોવામાં આવશે. જો નમાઝ સાચી હશે તો તેના બીજા આમાલને જોવામાં આવશે અને જો નમાઝ સાચી નહીં હોય તો બીજા આમાલને જોવામાં નહીં આવે. (વાફી, જિલ્દ–૨, બાબ ફઝલુસ્સલવાત, સફા–૯)

(૩૩૯) જે બંદો જાણી જોઈને નમાઝનો ત્યાગ કરશે તો તેણે અલ્લાહ અને તેના રસૂલથી કરવામાં આવેલા કરારનો ભંગ કર્યો ગણાશે. (ઉસૂલે કાફી, જિલ્દ–૩, બાબુલ કબાએર, હદીસ–૨૪)

(૩૪૦) મારી શફાઅત તેના માટે નથી કે જે નમાઝને તુચ્છ ગણે. અલ્લાહની કસમ આવા લોકો હૌઝે કૌસર પર મારી પાસે નહીં આવી શકે.

(વસાએલુશ્શીઆ, કિતાબુસ્સલાત)

(૩૪૧) શયતાન મોમિનથી ત્યાં સુધી ભયભીત રહે છે કે જ્યાં સુધી તે નિયમિતપણે નમાઝ પઢતો રહે છે પરંતુ જ્યારે તે નમાઝોનો ત્યાગ કરવા લાગે છે તો શયતાનને તેને કબીરા ગુનાહોમાં ધકેલવાની હિંમત મળે છે.
(ઓયૂન અખબાર અર્રિઝા, બાબ–૩૦, હદીસ–૧)

(૩૪૨) જે બંદો એક વાજિબ નમાઝ પઢે છે તો અલ્લાહની પાસે તેના માટે એક કબૂલ થયેલી દુઆ જમા થાય છે.

(સહીફતુર્રિઝા, હદીસ–૧૦)

(૩૪૩) એક નમાઝ પઢયા પછી બીજી નમાઝની રાહ જોવી એ જન્નતના ખજાનામાંથી એક ખજાનો છે. (વાફી, જિલ્દ–૨, બાબ ફઝલુસ્સલવાત, સફા–૧૦)

(૩૪૪) નમાઝ ત્રાજવા સમાન છે જે સંપૂર્ણ અદાયગી કરશે તે સંપૂર્ણ બદલો

મેળવશે. (વાફી, જિલ્દ–૨, બાબ ફઝલુસ્સલવાત, સફા–૧૦)

(૩૪૫) તમારી નમાઝોનો ત્યાગ ન કરો કારણ કે જે બંદો નમાઝોનો ત્યાગ કરશે તેને કયામતના દિવસે કારૂન અને હામાનની સાથે ઉઠાડવામાં આવશે અને અલ્લાહ તેને મુનાફિકો સાથે જહન્નમમાં દાખલ કરશે. તે બંદા પર અફસોસ છે કે જે નમાઝ અને રસૂલ (સ.)ની સુન્નતની રક્ષા ન કરે. (ઓયૂન અખબાર અર્રિઝા)

(૩૪૬) મારી શફાઅત તે બંદાને નહીં પહોંચે કે જે વાજિબ નમાઝને તેના સમય પર ન પઢે. (અમાલી અલ સદૂક, મજલિસ–૪૨, હદીસ–૧૫)

(૩૪૭) તમે તમારી નમાઝોનું રક્ષણ કરો કારણ કે અલ્લાહ કયામતના દિવસે સૌ પ્રથમ તમારી નમાઝ વિષે પૂછશે, જો તે સંપૂર્ણ હશે તો ઠીક છે નહીંતર તમને જહન્નમમાં ધકેલવામાં આવશે.

(સહીફતુર્રિઝા, હદીસ–૧૫૪)

(૩૪૮) નમાઝ તંબુની વચ્ચેના સ્થંભ સમાન છે, જો તે સલામત રહેશે તો તંબુના બધા ભાગ સલામત રહેશે અને જો તે સલામત નહીં રહે તો તંબુ સલામત રહેશે નહીં. (વસાએલુશ્શીઆ, બાબુસ્સલવાત બાબોજૂબ)

(૩૪૯) તેણે તો જેમ તેમ કરીને વેઠ વાળી. જો તે આ રીતે જ નમાઝ પઢતો રહે અને એમ કરતાં કરતાં જ મરી જાય તો તે મારા દીન પર નહીં મરે. (વસાએલુશ્શીઆ, બાબુસ્સલવાત બાબોજૂબ)

(૩૫૦) નમાઝનો જાણી જોઈને ત્યાગ ન કરો, કેમકે જે કોઈએ આવું કર્યું તો તેણે ઈસ્લામથી અણગમો વ્યકત કર્યો તેમ ગણાશે. (વાફી, જિલ્દ–૨, બાબુલ હાફેઝા અલસ્સલવાત)

(૩૫૧) દરેક વસ્તુનો એક ચહેરો હોય છે, તમારા દીનનો ચહેરો નમાઝ છે. એવું ન બને કે તમે તમારા દીનના ચહેરાને વિકૃત કરી નાખો. દરેક વસ્તુની એક શરૂઆત હોય છે અને નમાઝની શરૂઆત તકબીરતુલ એહરામ છે.

(મજાઝાતુન્નબવિયા, સફા–૨૦૮)

(૩૫૨) જેણે નમાઝને જાણી જોઈને તેનો સમય વીતી જાય ત્યાં સુધી છોડી દીધી તો એવા બંદાના નેક આમાલ બરબાદ થઈ જશે ? ત્યાર પછી ફરમાવ્યું, "કોઈ પણ વ્યકિત અને કુફ્રની વચ્ચે ફક્ત નમાઝના ત્યાગનું અંતર છે." (તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૪૫૬) (ક્રમશ:)

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૩૯

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ


رَبِّ هَبْ لِيْ مِنَ الصّٰلِحِيْنَ ﴿١٠٠﴾

(પારો–૨૩, સૂરએ સાફફાત, આયત–૧૦૦)

અર્થ : અય મારા પરવરદિગાર ! મને સદાચારી આત્માઓમાંથી (એક આત્મા) અર્પણ કર.

# ગડમથલ ૨૫૨

**::::: સંપાદક:::::**
જાફરી આવાઝ
(કાર્યાલય)




### ::::: આડી ચાવીઓ :::::

(૧) સિંહ, શેર (૩)
(૩) દોસ્ત, મિત્ર (૩)
(૫) અલ્લાહનું ઘર (૨)
(૬) મેઘગર્જના, કુરઆનની આયતનું નામ (૩)
(૭) સહાયક, મદદગાર (૩)
(૮) ઉચિત, યોગ્ય (૨)
(૯) કબર, સમાધિ, ગોર (૩)
(૧૧) ભલાઈ, કલ્યાણ, નેકી, નજાત (૩)
(૧૩) નાશવંત, નાશ પામનારી (૨)
(૧૪) વંશ, વંશવૃક્ષ, કુળ (૩)
(૧૫) લીટી, રેખા (૩)
(૧૬) વખાણ, હમ્દ, પ્રશંસા (૨)
(૧૭) હિંમત, તાકાત, શકિત (૩)
(૧૯) પ્રમાણ, સાબિતી, પ્રમાણપત્ર (૩)
(૨૧) મુશ્કેલી, મુસીબત (૨)

### ::::: ઊભી ચાવીઓ :::::

(૧) પ્રભાવ, ચિહ્‌ન, તાસીર (૩)
(૨) પીડા, વેદના (૩)
(૩) સુંદર, ખુબસૂરત (૩)
(૪) વસંતઋતુ, ખુશનૂમા મોસમ (૩)
(૫) શકિતમાન, સમર્થ, અલ્લાહનું એક નામ(૩)
(૯) દૂધ, શીર (અરબીમાં) (૩)
(૧૦) હસ્તક્ષેપ, વિક્ષેપ (૩)
(૧૧) ખેતીનો તૈયાર થયેલ પાક (૩)
(૧૨) તુચ્છ, પામર (૩)
(૧૩) દીવાબત્તી, ફાનસ (૩)
(૧૭) સ્પર્શ કરવાની ક્રિયા (૨)
(૧૮) હોઠ, ઓષ્ઠ (૨)
(૧૯) હંમેશાં, અવાજ (૨)
(૨૦) ઔષધ (૨)
(૨૧) યુવાન, જવાનનું સંક્ષિપ્ત રૂપ (૨)

### ગડમથલ નં.૨૫૧નો ઉકેલ

આડી ચાવીઓ : (૧) અસદ (૩) હબીબ (૫) કા'બા (૬) રઅદ (૭) નસીર (૮) રવા (૯) લહદ (૧૧) ફલાહ (૧૩) ફાની (૧૪) નસલ (૧૫) લકીર (૧૬) સના (૧૭) મજાલ (૧૯) સનદ (૨૧) જફા ઊભી ચાવીઓ: (૧) અસર (૨) દરદ (૩) હસીન (૪) બહાર (૫) કાદિર (૯) લબન (૧૦) દખલ (૧૧) ફસલ (૧૨) હકીર (૧૩) ફાનૂસ (૧૭) મસ (૧૮) લબ (૧૯) સદા (૨૦) દવા (૨૧) જવાં

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### યુનાની ફિલોસોફર

(ગતાંકનું ચાલુ)

ઈમામ જાફર સાદિક(અ.)એ પૂછ્યું, શું તમારી રૂહ ખાવા-પીવા માટે પોતાનું મોઢું વાપરે છે ખરી ? જાબિરે જવાબ આપ્યો કે ના. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, તમારી રૂહનું મોઢું ન હોવા છતાં તમે સપનામાં ખાવા-પીવાનો સ્વાદ માણી શકો છો ? જાબિરે કહ્યું કે હા. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, જ્યારે તમે સપનું જુઓ છો તો તમારી રૂહના પગ ન હોવા છતાં તે ચાલે છે અને એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે અને આંખ ન હોવા છતાં જુએ છે, કાન ન હોવા છતાં સાંભળે છે અને મોઢું ન હોવા છતાં એ ખોરાક લે છે અને પાણી પીએ છે એટલે તમારી રૂહનું તમારા કરતાં જુદું જ એક જીવન છે અને સપનાં જોતી વખતે તમારી રૂહને જીવન વિતાવવા માટે તમારા શરીરની જરૂર રહેતી નથી.

જાબિરે કહ્યું, પરંતુ જો મારું શરીર ન હોય તો હું કદીય સપનું જોઈ શકું નહીં. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, સપનું ન જોઈ શકો પરંતુ તમારી રૂહ તમારા શરીર વગર જીવિત રહી શકે છે. યાદ રાખો કે મેં કહ્યું છે કે હું ધારી લઉં છું કે તમે મુસલમાન નથી અને હું એક એવા માણસથી વાતચીત કરી રહ્યો છું કે જે પોતાને બીજી દુનિયામાં લઈ જાય છે. તમે કહ્યું છે કે જો તમારું શરીર ન હોય તો તમે સપનાં નહીં જોઈ શકો અને મેં તમારી વાતને સમર્થન આપ્યું છે. હવે તમારાથી પૂછું છું કે શું સપનાં દરમિયાન તમારી રૂહ તમારાથી જુદું જીવન જીવે છે ? અને જ્યાં જવા ઈચ્છે છે ત્યાં જાય છે ? અને જે કરવા ઈચ્છે છે તે કરે છે ? પોતાનું અસ્તિત્વ ધરાવે છે કે નહીં ? જાબિરે કહ્યું કે હા.

ઈમામ જાફર સાદિક(અ.)એ પૂછ્યું, શું સપનું જોવા દરમિયાન રૂહના હાજર હોવામાં અને તેના જુદા જીવન હોવામાં શું તમને કોઈ શંકા છે કે નહીં? જાબિરે જવાબ આપ્યો, કોઈ શંકા નથી. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે શું તમે ફિલોસૉફીના આ નિયમને સ્વીકારો છો ખરા કે જે વસ્તુ અસ્તિત્વમાં આવે છે તે કદીય નાશ નથી પામતી ? જાબિરે કહ્યું કે હા. હું આ નિયમને સ્વીકારું છું. ઈમામ જાફર સાદિક(અ.) એ ફરમાવ્યું તો પછી તમારી રૂહ કે જે મખ્લૂક છે અને તેમ છતાંય તમે તેનો ઈન્કાર કરતા નથી. જો તે તમારા મોત પછી નાશ નથી પામતી અને જે કંઈ તમે જાણો છો એ જ તમારી રૂહ છે એટલે તમે પણ નાશ નથી પામવાના અને મોત પછી તમે પોતાને ઓળખી લેશો. જાબિરે કહ્યું, મને આ વાતમાં કોઈ શંકા નથી કે મારી રૂહ સપનાં જોવા દરમિયાન હાજર હોય છે પરંતુ રૂહનું અસ્તિત્વ નિયમો ઉપર આધારિત છે, મારાથી જુદું નથી

કારણ કે જો મારું શરીર ન હોય તો હું સપનાં ન જોઈ શકું અને જો સપનાં ન જોઉં તો મારી રૂહ કે જે એકાકી અને જુદું જીવન ધરાવે છે તેને હું જોઈ શકવાનો નથી.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, જ્યારે સૂરજનો તડકો તમારા શરીર ઉપર પડે છે અને તમારો પડછાયો જમીન ઉપર પડે છે તો શું આ પડછાયો આધારિત છે કે નહીં ? જાબિરે કહ્યું કે તે આધારિત છે એમાં કોઈ શંકાની વાત નથી. ઈમામ જાફર સાદિક(અ.)એ પૂછ્યું કઈ વસ્તુ ઉપર આધારિત છે ? જાબિરે જવાબ આપ્યો, બે વસ્તુઓ ઉપર. પહેલી વસ્તુ સૂરજનો તડકો અને બીજી વસ્તુ મારું પોતાનું અસ્તિત્વ. આ બે વસ્તુઓ વગર પડછાયો અસ્તિત્વમાં ન આવી શકે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, ફિલોસૉફીના નિયમ મુજબ તમારો પડછાયો પણ એક વાર જમીન ઉપર પડે છે તે સૂર્યાસ્ત થઈ ગયા પછી જાહેરી રીતે નાશ પામે છે પરંતુ ખરેખર નાશ નથી પામતો. તો પછી તમારી રૂહ કેવી રીતે નાશ પામશે ભલે ને તે તમારા શરીર ઉપર આધારિત જ કેમ ન હોય ?

જાબિરે પૂછ્યું, અલ્લાહે શા માટે એવું રાખ્યું છે કે આપણે એક મુદ્દત સુધી માના પેટમાં રહીએ અને ત્યાર પછી એક મુદ્દત સુધી આ દુનિયામાં જીવન વિતાવ્યા પછી મરી જઈએ કે જેથી આપણને આના કરતાં વધારે સારા જીવન તરફ લઈ જવામાં આવે? આપે (અગાઉ) જેમ ફરમાવ્યું છે તેમ અલ્લાહ તઆલાને કોઈની સાથે દ્વેષ કે ઈર્ષા નથી કે જેથી તે કોઈને સારી પરિસ્થિતિમાંથી ખરાબ પરિસ્થિતિ તરફ લઈ જાય. આ પ્રશ્ન પૂછવા પાછળ મારો આશય એ છે કે શું આ બાબત વધારે સારી અને સહેલી ન હતી કે અલ્લાહ શરૂઆતથી જ આપણને સારી દુનિયા આપી દે ? એટલે કે તે દુનિયા કે જેમાં આપણે મોત પછી પહોંચવાના છીએ ? તેમજ આપણું સર્જન કરી દે અને આપણે આવી રીતે દુન્યવી જીવનના તબક્કાઓને પાર કરવા ન પડત?

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, એક મુસલમાન માટે આ પ્રશ્નનો જવાબ હાજર છે કારણ કે એક મુસલમાન જાણે છે કે આદમ(અ.) જન્નતમાં હતા અને જાહેરી રીતે ઈચ્છાની પેરવી કરવા માટે તેમને જન્નતમાંથી કાઢી દેવામાં આવ્યા અને તેમને આ દુનિયાના જીવનનો સામનો કરવો પડ્યો.

માના પેટમાં જીવન વિતાવવાના તબક્કા અને આ દુનિયામાં જીવન અને મૃત્યુના તબક્કા, હવે માણસને એટલા માટે પાર કરવા પડશે કે તે જો નેક હોય તો પહેલી જગ્યાએ પાછો ચાલ્યો જાય એટલે કે જન્નતમાં પોતાનું સ્થાન લઈ લે અને જો ગુનેગાર હોય તો આ બધા તબક્કા પાર કર્યા પછી પોતાની સજા પામે. પરંતુ જો હું એક એવા માણસની વાત કરું કે જે મુસલમાન નથી તો ત્યાં મારે તેનો મઝહબ શું છે તે જાણવો પડે.

જો તે યહૂદી કે ઈસાઈ હોય તો તેનો પણ અકીદો એ જ છે કે માણસ શરૂઆતમાં જન્નતમાં હતો અને ત્યાંથી તેને કાઢી દેવામાં આવ્યો અને જે તબક્કા તે આ દુનિયામાં પાર કરી રહ્યો છે તે તેને પવિત્ર કરવા માટે છે જેથી તે ફરીથી જન્નતમાં પગ મૂકવાને લાયક બની જાય.

જો હું કોઈ એવા માણસ સાથે વાત કરી રહ્યો હોઉં કે જે કોઈ તૌહીદી મઝહબ ઉપર ઈમાન નથી ધરાવતો તો હું તેને કહીશ કે જો તું મારા અલ્લાહ ઉપર ઈમાન રાખતો હોય તો આ પ્રશ્ન મને પૂછ અને જો તું ઈમાન નથી રાખતો તો શા માટે પૂછે છે

કે અલ્લાહે શરૂઆતમાં જ માણસને સારી દુનિયા શા માટે આપી ન દીધી અને કેટલાક તબક્કા પાર કરવા તેને છોડી દીધો જેથી તે એ તબક્કાઓને પાર કરીને વધારે સારી દુનિયા સુધી પહોંચે ?

જો મને સવાલ કરવાવાળો માણસ નાસ્તિક હોય અને જો તે મારી પાસેથી અલ્લાહ તઆલાની હિકમત વિશે જાણવા માગે તો હું તેને કહીશ કે અલ્લાહ તઆલા માણસ પાસે એટલા માટે વિવિધ તબક્કાઓ પાર કરાવે છે કે માણસ દરેક તબક્કામાં પહેલા તબક્કા કરતાં વધારે પાક થઈ જાય કે જેથી સંપૂર્ણ બની જાય એટલે સુધી કે તે હંમેશની ખુશનસીબીવાળી દુનિયામાં દાખલ થવાને લાયક બની જાય અને તેને હું એમ પણ કહીશ કે પ્રખર બુધ્ધિશાળી અને સૌથી શક્તિશાળી અલ્લાહ એના કરતાં ઘણો મહાન છે કે માણસ પાસે વિવિધ તબક્કાઓ એટલા માટે પાર કરાવે છે કે માણસ પહેલાં હતો તેના કરતાં પણ વધારે બદનસીબ થઈ જાય એટલે પ્રખર બુધ્ધિશાળી અને સૌથી શક્તિશાળી અલ્લાહનો છેવટનો આશય એ છે કે માણસ ખુશનસીબી હાસિલ કરે.

જાબિરે કહ્યું, મારો એક બીજો પણ સવાલ છે અને તે એ છે કે અલ્લાહ તઆલાએ માણસનું સર્જન કરવાની શી જરૂર હતી ? અને અલ્લાહ તઆલા માણસનું સર્જન કરવાથી દૂર રહે એ વાતની શું સંભાવના નહોતી ? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, એક મુસલમાન જાણે છે કે અલ્લાહ તઆલાએ માણસને એટલા માટે પેદા કર્યો છે કે માણસ પોતાને ઓળખે એટલે કે માણસ પોતાના અસ્તિત્વને શોધે. એક મુસલમાન માને છે કે અલ્લાહ તઆલાએ માણસને જે સૌથી મોટી નેઅમત આપેલી છે તે તેનું સર્જન છે. (ક્રમશઃ)


**લગ્ન વિષયક**

**સાબરકાંઠાના અપંગ યુવક માટે કન્યા જોઈએ છે.**

**ઉંમર** : ૩૦ વર્ષ
**વ્યવસાય** : ધંધો
**લગ્ન સ્થિતિ** : અપરણિત

ઈચ્છુક વાલીઓએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

9924450071 / 9974543768



**વેટરનરી ડોક્ટર**

**ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા**

(B.V.Sc. & A.H.)

- Graduate in 2005
- ૭ વર્ષનો Field Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

**મો. ૯૯૭૮૭૬૯૬૫૧**

ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ

# મદીનતુલ ઈલ્મ

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*

મુસ્લિમ જગતમાં પયગમ્બરે પાક (સ.) ના અક્ષરજ્ઞાન વિષેના પાસા સંબંધી ખૂબ મોટી ચર્ચા પ્રચલિત છે કેમકે કુરઆને આપ (સ.) નો **'ઉમ્મી'** તરીકે સંદર્ભ આપ્યો છે. **કેટલાક મુસ્લિમો તો એવો બેશરમીભર્યો દ્રષ્ટિકોણ ધરાવે છે કે પયગમ્બરે પાક (સ.) એક અભણ (નિરક્ષર) માણસ હતા** – કે જેઓ વાંચી કે લખી શકતા ન હતા અને તેથી જ કુરઆને તેમનો 'ઉમ્મી' તરીકે સંદર્ભ આપ્યો છે. આ દલીલ પોતાનો પ્રભાવ ગુમાવે છે અને જો આપણે આપણા વહાલા પયગમ્બર (સ.)ના જીવન ઉપર વિચાર કરવાની તસ્દી લઈએ તો તે દલીલને પાયા વગરની પુરવાર કરી શકાય તેમ છે. આપ (સ.) **એક સફળ ધંધાદારી માણસ** હતા અને વળી **લોકો સાથેના આપના ઈમાનદારીપૂર્વકના વ્યવહાર માટે** આપને **'અમીન'** તરીકેનો સંદર્ભ પણ આપવામાં આવ્યો હતો. મક્કાના લોકો જ્યારે બહારગામ જતા તો પોતાની અમાનતો આપની પાસે છોડીને જતા હતા. **જો પયગમ્બરે પાક (સ.) નિરક્ષર હોત, જેવો કે આપણા કેટલાક મુસ્લિમ બિરાદરો દાવો કરે છે, તો આપ (સ.) લોકોનો વિશ્વાસ જીતી શકયા ન હોત અને એક સંપૂર્ણ અભણ માણસ ઘણાં બધાં વર્ષો સુધી સફળતાપૂર્વક વેપાર ધંધો ચલાવે એવું વિચારવું પણ એટલી જ અક્કલ વગરની વાત છે કેમકે એ તો જાણીતી હકીકત છે કે પયગમ્બરે પાક (સ.) પોતાની નબુવ્વતની જાહેરાત પહેલાં એક કાર્યક્ષમ વેપારી હતા.**

પરંતુ આ મુદ્દાની આપણે વધુ ચર્ચા કરીએ તે પહેલાં ચાલો આપણે 'ઉમ્મી' શબ્દના અર્થને સમજીએ. રિસર્ચ અનુસાર **'ઉમ્મી' શબ્દના અર્થ નીચે મુજબ થાય છે** :

- શાળાનું શિક્ષણ પ્રાપ્ત કર્યા વગરનો અને લેખનકાર્યથી અપરિચિત માણસ
- **ઉમ્મુલ કુરા**નો રહેવાસી
- અનેક ઈશ્વરમાં માનનારા અરબ લોકો કે **જેઓ કોઈ આસમાની કિતાબની પેરવી ન કરતા હોય.**
- લુગાતે કિશવરી (નામના શબ્દકોષ) અનુસાર **ઉમ્મી એક એવો માણસ છે કે જે પિતાના પ્રેમથી વંચિત હોય કેમકે તેણે પોતાના જન્મ પહેલાં જ પિતાનો સાયો ગુમાવેલો હોય.**

ઉપરના પ્રથમ અર્થ સિવાય બાકીના ત્રણ અર્થ પયગમ્બરે પાક (સ.)ના જીવન સાથે

*સંબંધિત છે અને એમની બાબતમાં મુસ્લિમ ઉમ્મતમાં કોઈ મતભેદ નથી.*

- *આપ (સ.) **મક્કામાં (ઉમ્મુલ કુરામાં) જન્મ્યા હતા.***
- *આપ (સ.) **અનેક ઈશ્વરમાં માનનારા અરબ લોકોની વચ્ચે** જન્મ્યા હતા **કે જેઓ કુરઆન પહેલાંની કોઈ કિતાબની પેરવી કરતા નહોતા.***
- *આપ (સ.) **પોતાના પિતા હઝરત અબ્દુલ્લાહ (અ.)ની વફાત પછી** જન્મ્યા હતા.*

*ઈસ્લામના જુદા જુદા ફિરકાઓ વચ્ચે વિચારનો મતભેદ ત્યારે શરૂ થાય છે કે જ્યારે ઉપર દર્શાવેલ 'ઉમ્મી' શબ્દનો પહેલો અર્થ શાબ્દિકરીતે ઉમ્મતના અમુક ચોક્કસ વર્ગો દ્વારા લેવામાં આવે છે અને તે પયગમ્બરે પાક (સ.)ની બદનામી કરવાના આશયથી બતાવે છે તે કારણે તે બાબત તાર્કિકરીતે દલીલો કરવા માટે લાયક બની જાય છે. આર્બેરી **<u>અન્નબીય્યલ – ઉમ્મી</u>**નો અનુવાદ **<u>'સામાન્ય લોકાના પયગમ્બર'</u>** તરીકે કરે છે. જ્યારે કેટલાકે એવી દલીલ કરી છે કે **<u>'ઉમ્મી'નો અર્થ અભણ એવો થતો નથી પરંતુ તેનો અર્થ ધાર્મિક કિતાબ વગરના</u>** એવો થાય છે. આ રીતે 'ઉમ્મી' શબ્દ **<u>અનેક ઈશ્વરમાં માનનારા એવા અરબ લોકો થાય છે કે જેઓ કુરઆનના પહેલાં ધાર્મિક કિતાબ વગરના હતા અને પયગમ્બરે પાક (સ.) આ ઉમ્મત માટે કુરઆન લઈ આવ્યા.</u>***

*→ ઉપરના વિભાગમાં 'ઉમ્મી' શબ્દ ઉપરથી પ્રાપ્ત થતી રિસર્ચની રોશનીમાં આપણે આવા અભિપ્રાયની પ્રતિ દલીલો આપવાનો પ્રયત્ન કર્યો છે. આના ઉપર વધુ સમજૂતી માટે ચાલો આપણે કુરઆન તરફ નજર કરીએ. કુરઆને આપણા વહાલા પયગમ્બર (સ.)ના અખ્લાક અને ચારિત્ર્યની પ્રશંસા એટલા બધા પ્રસંગોએ કરી છે કે **આવી રીતે કુરઆને કહેલા 'ઉમ્મી' શબ્દવાળું** વિધાન આપ (સ.)ને **અભણ ગણતું હોય એ બાબત જ દમ વગરની લાગે છે.** તેથી જ તો **<u>અલ્લાહ (સુ.વ.ત.) આપણા વહાલા પયગમ્બર (સ.)ના ઈલ્મ વિષે શું કહે છે તે બાબત વિષે જુદી જુદી આયતો ઉપર મનન કરવું</u>** આપણા માટે **<u>વાજિબ થઈ જાય છે.</u>***

આપણે આ રિસર્ચની શરૂઆત આદમ (અ.)ની ખિલ્કત સંબંધી આયતો ઉપર ચિંતન મનન કરીને કરીએ :

- "અને (અય રસૂલ !) એ સમયને યાદ કરો કે જ્યારે તમારા પરવરદિગારે ફરિશ્તાઓને કહ્યું હતું કે હું જમીનમાં (મારો) એક નાયબ બનાવવાનો છું. <u>(ફરિશ્તાઓ નવાઈ પામીને) કહેવા લાગ્યા, શું તું જમીન ઉપર એવા માણસને પેદા કરીશ કે જે જમીનમાં ફસાદ અને ખૂનરેજીઓ કરતો ફરે જોકે (અગર તારે) ખલીફા બનાવવો હોય (તો અમારો હક વધારે છે) કેમકે અમે તારી</u>

**<u>તારીફ અને તસ્બીહ કરીએ છીએ અને તારી પાકીઝગીને સાબિત કરીએ છીએ.</u>** ત્યાર પછી ખુદાએ ફરમાવ્યું (કે) એમાં તો શંકા જ નથી કે જે હું જાણું છું તે તમે નથી જાણતા.''

(સૂરએ બકરા, આયત—૩૦)

ઉપરનો પ્રસંગ આદમ (અ.)ની ખિલ્કતનો સંદર્ભ આપે છે કે જ્યારે ફરિશ્તાઓએ શરૂઆતમાં આદમ (અ.)ની સર્વોપરીતાનો સ્વીકાર કરવાની આનાકાની દર્શાવી હતી. તેમણે એવી દલીલ કરી હતી કે ખિલાફત માટે તેઓ વધારે લાયક હતા કેમકે તેમણે સર્વશક્તિમાન અલ્લાહની હમ્દોસના અને ઝિક્ર કર્યો હતો.

● ''અને **આદમને બધી ચીજોનાં નામ શિખવાડ્યાં** ત્યાર પછી તેમને ફરિશ્તાઓની સામે રજૂ કર્યા અને ફરમાવ્યું કે **અગર તમે તમારા દાવામાં કે અમે ખિલાફત માટે હકદાર છીએ — સાચા હો તો મને એ ચીજોનાં નામ બતાવો.**''

(સૂરએ બકરા, આયત—૩૧)

તેમની (ફરિશ્તાઓની) આનાકાની જોઈને અલ્લાહ (સુ.વ.ત.)એ આદમ (અ.)ને તે નામોનું ખાસ ઈલ્મ શિખવાડી દીધું અને ફરિશ્તાઓને પડકાર ફેંક્યો કે જો તમે ખિલાફત માટેના તમારા દાવામાં સાચા હો તો, મને તેમનાં જે નામ હોય તે નામ બતાવી દો.

● **(એ વખતે ખુદાએ આદમને) હુકમ કર્યો કે અય આદમ ! તમે આ ફરિશ્તાઓને એ બધી ચીજોનાં નામ બતાવી દો.** બસ જ્યારે આદમે ફરિશ્તાઓને તે ચીજોનાં નામ બતાવી દીધાં તો **ખુદાએ ફરિશ્તાઓ તરફ સંબોધન કરીને ફરમાવ્યું; કેમ, મેં તમને નહોતું કહ્યું કે હું આસમાનો અને જમીનોનાં છૂપાં રહસ્યોને જાણું છું** અને જે કંઈ તમે હવે જાહેર કરો છો અને જે કંઈ તમે છુપાવો છો, (તે બધું) જાણું છું.''

(સૂરએ બકરા, આયત—૩૩)

અને જ્યારે ફરિશ્તાઓ અલ્લાહ (સુ.વ.ત.) એ પૂછેલાં નામ બતાવી ન શકયા અને અલ્લાહ (સુ.વ.ત.)એ તેમને જે શિખવાડ્યું હતું તેનાથી આગળ કંઈ ન જાણતા હોવાની પોતાની મર્યાદાનો તેમણે સ્વીકાર કરી દીધો તો અલ્લાહ (સુ.વ.ત.)એ આદમ (અ.)ને પેલાં નામોની માહિતી આપવાનું કહ્યું અને આ રીતે તેમની સર્વોપરીતા સાબિત કરી દીધી. ત્યાર પછી ફરિશ્તાઓ આદમ (અ.) આગળ સજ્દામાં ઝૂકી ગયા અને પોતાના ઉપર તેમની સર્વોપરીતાને અને ખિલાફતને સ્વીકારી લીધી. ઈબ્લિસે એવું કરવાનો ઈન્કાર કર્યો અને તેથી તે શયતાન બની ગયો.

→ જો આપણે ઉપરના પ્રસંગોની હારમાળાનું યોગ્ય રીતે પૃથ્થકકરણ કરીએ તો **<u>આદમ (અ.)ની ખિલાફતના ઉપરના પ્રસંગ ઉપરથી પયગમ્બરે પાક (સ.)ની સર્વોપરીતાનું</u>** એક મજબૂત સમાંતર ચિત્ર દોરી શકીએ. પરંતુ આવું

કરતાં પહેલાં વધારે સમજૂતી માટે આપણે ઉપર દર્શાવેલા પ્રસંગોનો સંક્ષિપ્ત સાર જોઈ લઈએ :

અલ્લાહ (સુ.વ.ત.)એ ફરિશ્તાઓને માહિતી આપી કે તે પોતાનો એક નાયબ બનાવવાનો છે. શરૂઆતમાં ફરિશ્તાઓ તરફથી આનાકાની દર્શાવવામાં આવી અને તેમણે એવી દલીલ કરી કે અલ્લાહ (સુ.વ.ત.)ની હમ્દોસના અને ગુણગાન ગાવાના કારણે આ હોદ્દા માટે અમે વધારે હકદાર છીએ. **અલ્લાહ (સુ.વ.ત.) એ તેમની દલીલ સામે વાંધો ઉઠાવ્યો નહીં અને તેમની આનાકાની માટે તેમને શિક્ષા પણ કરી નહીં.** તેના બદલે તેણે આદમ (અ.)ને અમુક નામોનું ઈલ્મ શિખવાડ્યું અને સાબિત કરી દીધું કે તેમના **ઈલ્મના કારણે આદમ (અ.) ખિલાફત માટે તેમના કરતાં વધારે લાયક હતા.** પરંતુ આ બાબત સાબિત કર્યા પછી પણ ઈબ્લિસ હજુ પણ જીદ્દિલો રહ્યો અને તેણે આદમ (અ.)ની સર્વોપરીતાનો સ્વીકાર ન કર્યો અને **તેથી જ તો તેનો બહિષ્કાર કરવામાં આવ્યો અને તે શયતાન બની ગયો.**

→ ઉપરના પ્રસંગોની હારમાળા ઉપરથી જે પરિણામ હું મેળવવા માગું છું તે એ છે કે **અલ્લાહ (સુ.વ.ત.) કદાચ તેની નાફરમાની કરવાની શરૂઆતની ભૂલને માફ કરી પણ દે જેવી રીતે કે તેણે ફરિશ્તાઓને આદમ (અ.)ની સર્વોપરીતાનો સ્વીકાર કરવાની તેમની આનાકાની માટે માફ કરી દીધા હતા** પરંતુ **ઈબ્લિસ શયતાનને સજા કરીને** અલ્લાહ (સુ.વ.ત.)એ એવું બતાવી દીધું છે કે **તે એવા લોકોને તો માફ નહીં જ કરે કે જેઓ તેના પયગમ્બરોની નાફરમાની કરવાનું ચાલુ રાખતા હોય અને અલ્લાહ (સુ.વ.ત.)એ તેમની સર્વોપરીતાને સ્થાપ્યા પછી ય તેમના વિષે બૂરું બોલતા હોય.**

ઉપરના પરિણામને ધ્યાનમાં રાખવાની જરૂર છે જ્યારે કે આપણે એ આયતો તરફ જોઈએ કે જે પયગમ્બરે પાક (સ.) સાથે સંબંધ ધરાવતી હોય અને એક વાર જ્યારે આપણે આયતોનું પૃથક્કરણ કરી લઈશું ત્યાર પછી આપણે તેમને ઉપરના પરિણામ સાથે સાંકળીશું.

● "(અને અય રસૂલ (સ.) !) **આના પહેલાં ન તો તમે કોઈ કિતાબ પઢતા હતા કે ન તો પોતાના હાથથી તમે લખતા હતા** (જો) એવું હોત તો આ જૂઠ્ઠાઓ ચોક્કસ તમારી નબુવ્વતમાં શંકા કરત." (સૂરએ અન્કબુત, આયત–૪૮)

ઉપરની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.) એવું કહીને પયગમ્બરે પાક (સ.)ને સંબોધન કરે છે કે **આના પહેલાં કોઈ પણ કિતાબ** આપ (સ.) ન તો વાંચતા હતા કે ન તો લખતા હતા. અહીં **"આના પહેલાં"** (من قبله)નો શબ્દસમૂહ **કુરઆનનો** સંદર્ભ આપે છે અને તેથી જ તેને આ રીતે વાંચી શકાય કે **'કુરઆનના પહેલાં'** પયગમ્બરે પાક (સ.) **આના જેવી જ**

**<u>બીજી કોઈ કિતાબ</u>** વાંચતા કે લખતા નહોતા. આ સમજૂતીને વધારે સરળ આવી રીતે બનાવી શકાય કે **<u>કુરઆનના પહેલાં પયગમ્બરે પાક (સ.) એ કોઈ પણ ધાર્મિક ગ્રંથ વાંચ્યો કે લખ્યો ન હતો.</u>** આ આયતને હવે એવી રીતે સમજાવી શકાય કે **<u>જો કાફિરોએ કુરઆન નાઝિલ થયા પહેલાં પયગમ્બર (સ.)ને ધર્મગ્રંથો વાંચતા કે લખતા જોયા હોત તો તેમણે કુરઆન અલ્લાહ તરફથી નાઝિલ થયેલું છે તેવી વિશ્વસનીયતાને બદલે રસૂલલ્લાહ (સ.)એ જાતે જ લખ્યું છે એવી શંકા કરત. આ આયત અથવા તો કુરઆન દ્વારા કોઈ પણ જગ્યાએ એવું કહેવામાં આવ્યું નથી કે આપ (સ.)ને વાંચતાં–લખતાં 'આવડતું' ન હતું.</u>**

ઉપરના અનુમાનને સૂરએ અલકની નીચેની આયતો દ્વારા વધારે સંગીન બનાવી શકાય તેમ છે :

● "(અય રસૂલ (સ.) !) તમારા **પરવરદિગારનું નામ લઈને પઢો કે જેણે (દરેક ચીજને) પેદા કરી.** તેણે માણસને જામી ગયેલા લોહીથી પેદા કર્યો, **<u>પઢો અને તમારો પરવરદિગાર મોટો કરીમ છે કે જેણે કલમ દ્વારા તાલીમ આપી. તેણે માણસને એવી વાતો બતાવી કે જે કંઈ જાણતો જ ન હતો.</u>** (સૂરએ અલક, આયત–૧ થી ૫)

ઉપરની આયતો કે જેમાં વધારે ચોખવટ કરવાની જરૂર નથી, તેમને સ્પષ્ટપણે જોઈ શકાય તેમ છે કે જિબ્રઈલ (અ.) પયગમ્બરે પાક (સ.) ને જે કંઈ તેમના ઉપર નાઝિલ કરવામાં આવ્યું છે તેને **<u>'વાંચવાનું'</u>** કહીને સંબોધન કરે છે.

હવે આપણે એવી આયતો તરફ જઈએ કે જે કુરઆનના નાઝિલ થવાની વાતને સમજાવે છે :

● "(અને અય રસૂલ (સ.)!) **બેશક આ (કુરઆન) સઘળી ખુદાઈના પાલનહાર (ખુદા) તરફથી ઉતારવામાં આવેલું છે કે જેને રૂહુલ અમીન (જિબ્રઈલ) સ્પષ્ટ અરબી ભાષામાં લઈને તમારા દિલ ઉપર નાઝિલ થયા છે** જેથી તમે પણ બીજા પયગમ્બરોની માફક લોકોને ખુદાના અઝાબથી ડરાવો."

(સૂરએ શોઅરા, આયત–૧૯૨ થી ૧૯૫)

સર્વશક્તિમાન અલ્લાહ (સુ.વ.ત.)એ કુરઆને પાકને આપણા વહાલા પયગમ્બર (સ.)ના દિલ ઉપર મહાન ફરિશ્તા જિબ્રઈલ (અ.) દ્વારા નાઝિલ કર્યું હતું. આ રીતે તો **અલ્લાહ (સુ.વ.ત.) જ એક માત્ર એવો શિક્ષક છે કે જેણે પયગમ્બરે પાક (સ.)ને તાલીમ આપી હતી** અને તેણે જિબ્રઈલ (અ.)ને આ ઈલાહી પયગામોને પયગમ્બરે પાક (સ.) તરફ લઈ જનાર (સંદેશ) વાહક તરીકે નિયુક્ત કર્યા હતા. આ બાબતને વધુમાં નીચેની આયતોની રોશની દ્વારા સમજાવી શકાય.

● "કસમ છે સિતારાની કે જે વખતે તે તૂટ્યો.

તમારો રફીક મોહંમદ ન તો ભટકી ગયો છે કે ન બહેકી ગયો છે અને તે (પોતાની) નફસાની ખ્વાહિશથી કંઈ જ નથી બોલતો. જે કંઈ તે કહે છે, તે બીજું કંઈ નથી **પરંતુ વહી છે કે જે તેની તરફ મોકલવામાં આવે છે. તેને મોટી કુવ્વતવાળા અને મોટી અકકલવાળાએ તાલીમ આપી છે.**" (સૂરએ નજમ, આયત–૧ થી ૫)

આ આયત કહે છે કે **સર્વશક્તિમાન અલ્લાહે પયગમ્બર (સ.)ને શિક્ષણ આપ્યું છે એવી રીતે કે તે કદી પણ કોઈ ભૂલ ન કરી શકે અને કદી ગુમરાહ ન થઈ શકે.** અહીં **સર્વશક્તિમાન અલ્લાહ જ શિક્ષક છે અને પયગમ્બર (સ.) તેના લાયક વિદ્યાર્થી છે** કે જે **પોતાની મરજીથી તો કંઈ બોલતા જ નથી** પરંતુ **માત્ર એટલું જ બોલે છે કે જેટલું અલ્લાહ (સુ.વ.ત.) તેમની પાસેથી બોલવાની ઈચ્છા રાખે છે.**

→ ઉપર દર્શાવેલી આયતોનું ક્રમાનુસાર પૃથકકરણ કરતાં આપણે એવું અનુમાન કરી શકીએ છીએ કે **દુનિયાએ ચાલીસ વર્ષ સુધી, જ્યાં સુધી કુરઆન નાઝિલ થવાનું શરૂ થયું ન હતું ત્યાં સુધી, પયગમ્બરે પાક (સ.)ને કદી કોઈ પણ ધાર્મિક કિતાબ વાંચતાં કે લખતાં જોયા ન હતા. કુરઆન પયગમ્બરે પાક (સ.)ના દિલ ઉપર મહાન ફરિશ્તા જિબ્રઈલ (અ.) દ્વારા અલ્લાહ (સુ.વ.ત.)ના હુકમથી નાઝિલ થયું હતું.** અલ્લાહ (સુ.વ.ત.)એ એવી સંપૂર્ણતાથી પયગમ્બરે પાક (સ.)ને તાલીમ આપી હતી કે **તેઓ કદી પણ ગુમરાહ ન થાય કે ન તો ભૂલો કરી શકે. આ રીતે આપ (સ.) સર્વશક્તિમાન અલ્લાહના એક નિપુણ વિદ્યાર્થી હતા.**

→ ઉપરોક્ત પરિણામ **પયગમ્બરે પાક (સ.)ના સંપૂર્ણ હોવાનું અને સર્વશક્તિમાન અલ્લાહની બીજી ખિલ્કત ઉપર આપની સર્વોપરીતા હોવાનું સમર્થન કરે છે. કુરઆનના નાઝિલ થવા પહેલાં જો કોઈએ તેમની સંપૂર્ણતા વિષે અને ઈલ્મ વિષે શંકા કરી હોત તો કદાચ તેને અલ્લાહે એવી રીતે માફ કરી દીધો હોત કે જેવી રીતે તેણે આદમ (અ.)ની સર્વોપરીતાનો સ્વીકાર કરવાની બાબતમાં ફરિશ્તાઓની શરૂઆતની આનાકાનીને માફ કરી દીધી હતી.** પરંતુ **જો કોઈ માણસ આપણા વહાલા પયગમ્બર (સ.) ના ઈલ્મ અને સાક્ષરતાની બાબતમાં તેમના ઉપર કુરઆન નાઝિલ થયા પછી શંકા કરે તો શયતાનના જેવી જ તેની પણ દશા થાય.** આવું એટલા માટે કે **જે માણસ પયગમ્બરે પાક (સ.) ના ઈલ્મ અને સાક્ષરતા વિષે શંકા કરે છે તે વાસ્તવમાં તો અલ્લાહ (સુ.વ.ત.)ના શબ્દો ઉપર પડકાર ફેંકે છે** કેમકે સર્વશક્તિમાન અલ્લાહે પોતે જ પયગમ્બરે પાક (સ.)ને માર્ગદર્શન અને શિક્ષણ આપ્યું છે.

પયગમ્બરે પાક (સ.) પછી હઝરત ઈબ્રાહીમ (અ.) ઈસ્લામના ઈતિહાસમાં મોખરાનું સ્થાન ધરાવે છે. પયગમ્બર મોહંમદ (સ.)ના જન્મની સદીઓ પહેલાં ઈબ્રાહીમ

(અ.)ના, તેમના દીકરા ઈસ્માઈલ (અ.) સાથેના પ્રયત્નો હતા કે જેમણે મક્કાની સુધારણા કરી હતી. તેમણે અલ્લાહના ઘર કા'બાના પાયા ઉપર બાંધકામ કર્યું હતું અને બદલામાં અલ્લાહ (સુ.વ.ત.)એ તેમની ખિદમતોનો સ્વીકાર ઈસ્લામને **<u>"મિલ્લતે ઈબ્રાહીમ"</u>**નો સંદર્ભ આપીને કર્યો હતો. તેથી કા'બાના પાયા ઉપર ચણતરકામ કરતી વખતે તેમણે મક્કાના લોકો માટે જે દુઆઓ માગી હતી તેનો ચાલો આપણે ઉલ્લેખ કરીએ :

● "(અને) અય અમારા પરવરદિગાર ! મક્કાવાળાઓમાં તેમનામાંથી જ **<u>એક રસૂલને મોકલ કે જે તેમને તારી આયતોને વાંચી સંભળાવે</u>** અને **<u>આસમાની કિતાબ તેમજ અક્કલની વાતો શિખવાડે</u>** અને **<u>તેમને (તેમના નફસોને) પાકીઝા કરી દે</u>** બેશક તું જ ગાલિબ અને તદ્બીરવાળો છે."

(સૂરએ બકરા, આયત–૧૨૯)

ઈબ્રાહીમ (અ.)એ મક્કાના લોકોમાંથી તેમને ઈલાહી કિતાબમાંથી ઈલ્મ અને હિકમતનું શિક્ષણ આપીને તેમની વધારે સુધારણા કરવા માટે એક પયગમ્બર મોકલવાની દુઆ માગી હતી. તેમની દુઆનો જવાબ અલ્લાહ (સુ.વ.ત.)એ આ રીતે આપ્યો હતો :

● "અમોએ તમારામાંનો જ **<u>એક રસૂલ મોકલ્યો કે જે તમને અમારી આયતો પઢીને સંભળાવે અને તમારા નફસોને પાકીઝા કરે અને તમને કિતાબ (કુરઆન)ની વાતો શિખવાડે અને તમને એવી બાબતો બતાવે કે જેમની તમને પહેલેથી ખબર જ ન હતી."</u>**

(સૂરએ બકરા, આયત–૧૫૧)

પયગમ્બરે પાક (સ.)નો જન્મ થતાંની સાથે જ અલ્લાહ (સુ.વ.ત.)એ ઈબ્રાહીમ (અ.)ની દુઆઓને પરિપૂર્ણ કરી દીધી. એ તો આપણા વહાલા પયગમ્બર (સ.)ના પ્રયત્નો જ હતા કે જેમણે આખી અરબ દુનિયાની સુધારણા કરી દીધી. આપ (સ.)એ (અલ્લાહના) હુકમો પહોંચાડ્યા, તેમની રૂહોને પાકીઝા કરી દીધી કિતાબે ખુદાના પાઠ તેમને શિખવાડ્યા અને હિકમતની તાલીમ આપી.

→ કુરઆને પાકે ઉપરની આયતોમાં સમર્થન આપ્યું છે કે આપણા વહાલા પયગમ્બર (સ.) કંઈ અભણ (નિરક્ષર) નહોતા –જેવો કે કેટલાકે ખોટો દાવો કર્યો છે – પરંતુ **<u>હકીકતમાં આપ (સ.) આ ધરતી ઉપર એવા મહાનતમ સુધારક હતા કે જેમણે આ ધરતી ઉપર હંમેશાં કૃપા વરસાવી હોય.</u>** આ બધું જાણી લીધા પછી પણ જો કોઈ હજુ પણ એવો દાવો કરે કે પયગમ્બર મોહંમદ (સ.) અભણ હતા તો **<u>તે ઈબ્રાહીમ (અ.)ની દુઆઓની પરિપૂર્ણતાનો અને કુરઆન અને તેના હુકમોનો વિરોધ કરવાના અપરાધ માટે ગુનેગાર છે.</u>**

આપણા વહાલા પયગમ્બર (સ.)ની નિરક્ષરતાની બાબતમાં ઉમ્મતના અમુક લોકોએ

જે ખોટા દાવા કર્યા છે તેમને આપણા પ્રયત્નો વડે આપણે નકારી કાઢ્યા છે. આપણે એ પણ જોયું છે અને એવું સમજ્યા છીએ કે આપ (સ.) ના ઈલ્મ અને હિકમત વિષે કુરઆનનું કહેવું શું છે. આપ (સ.)ના અગાધ ઈલ્મની ચર્ચા કરવી શકય નથી પરંતુ ચાલો આપણે હવે કુરઆનની રોશનીમાં આપ (સ.)ના ઈલ્મની વિશાળતાને સમજવાનો પ્રયત્ન કરીએ.

આપણા રોજિંદા જીવનમાં જ્યારે આપણે કોઈ માણસને કોઈ કામ કરવાનું સોંપીએ છીએ તો પહેલાં આપણે ખાત્રી કરી લઈએ છીએ કે એ વ્યકિત જવાબદારી સ્વીકારી લેવા માટે પૂરતી સક્ષમ છે કે નહીં. જો આપણે આપણા દુન્યવી કામ માટે આટલી બધી ચિંતા કરતા હોઈએ તો પછી અલ્લાહ (સુ.વ.ત.) પોતાના સૌથી સન્માનનીય સંદેશવાહક તરીકે પયગમ્બરે પાક (સ.)ની નિયુકિત કરતી વખતે તો વધારે ચિંતિત હોવો જ જોઈએ. તેથી ચાલો આપણે એ જોઈએ કે અલ્લાહ (સુ.વ.ત.)એ પોતાના સંદેશવાહક તરીકે પયગમ્બરે પાક (સ.)ની નિમાણૂક કરતી વખતે કેવાં પગલાં ભર્યાં હતાં :

● "(અય રસૂલ (સ.)!) **<u>શું અમોએ તમારી છાતીને (ઈલ્મથી) વિસ્તૃત કરી દીધી નહોતી?</u>**"

(સૂરએ શર્હ, આયત–૧)

અલ્લાહ (સુ.વ.ત.)એ આપણા વહાલા પયગમ્બર (સ.)ની છાતીને વિસ્તૃત કરી દઈને પોતાના ઈલ્મની તાલીમ આપી હતી. શું આ રીતે પયગમ્બર (સ.)ને આપવામાં આવેલ ઈલાહી ઈલ્મની કોઈ મર્યાદાઓ હોઈ શકતી હતી ખરી ?

● "અને ખુદાએ જ તો તમારા ઉપર પોતાની કિતાબ અને હિકમત નાઝિલ કરી અને **<u>જે બાબતો તમે નહોતા જાણતા તે તમને શિખવાડી દીધી</u>** અને તમારા ઉપર તો ખુદાનો ખૂબ જ મોટો ફઝલ છે." (સૂરએ નિસા, આયત–૧૧૩)

ઉપરની આયત એવો દાવો કરે છે કે અલ્લાહ (સુ.વ.ત.)એ **<u>એ બધી જ વસ્તુઓનું ઈલ્મ બતાવી દીધું હતું કે જે પયગમ્બરે પાક (સ.) જાણતા નહોતા.</u>** **પયગમ્બરે પાક (સ.) તો અલ્લાહના સૌથી મહાન પયગમ્બર અને પૃથ્વી ઉપરના સર્જનોમાં સર્વોત્તમ હતા** અને તેથી જ તો આપ (સ.) ઉપર **<u>સૌથી મહાન ઈલ્મની નવાજિશ કરેલી હોવી જ જોઈએ કે જેવું ઈલ્મ આપ (સ.)ના પહેલાં કોઈને મળ્યું જ નહોતું.</u>** શું એનો અર્થ એવો થાય કે અલ્લાહ (સુ.વ.ત.) એ 'ગેબ'ના ઈલ્મથી આપને પરિચિત કરી દીધા હતા?

● "(મુનાફિકો !) ખુદા એવો નથી કે સારા નરસાનો ભેદ રાખ્યા વગર જે પરિસ્થિતિમાં તમે છો તે પરિસ્થિતિમાં મોમિનોને પણ છોડી દે અને ખુદા એવો પણ નથી કે તમને ગેબની વાતો બતાવી દે પરંતુ (હાં) **<u>ખુદા પોતાના રસૂલોમાં જેને ચાહે છે (ગેબ બતાવવા માટે) પસંદ કરી લે છે.</u>** તેથી ખુદા અને તેના રસૂલો

પર ઈમાન લાવો.''

(સૂરએ આલે ઈમરાન, આયત–૧૭૯)

આ આયત જણાવે છે કે અલ્લાહ (સુ.વ.ત.) મુનાફિકોને ગેબના ઈલ્મથી પરિચિત કરતો નથી, પરંતુ તે વધુમાં આવું કહીને ઉમેરો કરે છે કે અલ્લાહ (સુ.વ.ત.) તેના પસંદ કરેલા પયગમ્બરોને ગેબના ઈલ્મથી પરિચિત કરે જ છે. **આનો અર્થ એ થયો કે કેટલાક એવા પણ પયગમ્બરો હતા કે જેઓ 'ગેબના' ઈલ્મથી પરિચિત હતા.** (પયગમ્બર) ખિઝર (અ.) ભવિષ્યમાં શું થવાનું છે તેનું ભવિષ્યકથન કરતા હતા અને મૂસા (અ.) તે જાણતા ન હતા તેવો કુરઆને પ્રસંગ ટાંકયો છે. ખિઝર (અ.) માટે કુરઆને કહ્યું છે કે તેમને **'ઈલ્મે લદુન્ની'**નો અમુક ભાગ અને **અલ્લાહની રહેમતનો અમુક ભાગ** આપવામાં આવ્યો હતો અને તેથી જ તો તેઓ ભવિષ્યને જોઈ શકતા હતા.

દરેક ઈસ્લામી ફિરકો સર્વાનુમતે એવું માને છે કે આપણા પયગમ્બરે પાક (સ.) બધા પયગમ્બરોના સરદાર છે. આપ (અ.) **'સરવરે અંબિયા'** અને **'ઈમામુલ મુર્સલીન'** છે. વળી કુરઆન એવું પણ કહે છે કે આપ (સ.) **'રહેમતુલ્લીલ આલમીન'** (બન્ને જગત માટે રહેમત) છે. આપણી દલીલ કહે છે કે જો ખિઝર (અ.) પાસે અલ્લાહની રહેમતનો અમુક ભાગ અને ઈલ્મે લદુન્નીનો ભાગ હોવાથી તેઓ ગેબની બાબતોથી પરિચિત થઈ શકતા હતા તો આપણા **પયગમ્બરે પાક (સ.) તો 'બન્ને જગત માટે રહેમત' અને અલ્લાહ (સુ.વ.ત.) પાસેથી તાલીમ પામેલા હતા તો શું આપ (સ.)ની પાસે બીજા અંબિયા કરતાં વધારે મોટા પ્રમાણમાં અલ્લાહનું ઈલ્મ અને ગેબની વધારે જાણકારી ન હોઈ શકે ?**

→ આવા તારણ ઉપરથી તો પયગમ્બરે પાક (સ.) અભણ હતા કે ન હતા તે ચર્ચા જ નિરર્થક બની જાય છે. અંતમાં આપણે એવો ઉપસંહાર કરી શકીએ કે અલ્લાહ (સુ.વ.ત.)એ એવી બધી બાબતો કે જે આપ (સ.) જાણતા ન હતા, એવા **ઈલ્મથી આપ (સ.)ની છાતીને વિસ્તૃત કરીને આપને પોતાના આદરપાત્ર પયગમ્બર તરીકે નીમ્યા છે.** વળી આપને **ગેબના ઈલ્મથી પરિચિત પણ કર્યા છે** અને આપને એવા **સંપૂર્ણ બનાવી દીધા છે** કે આપે ન તો કોઈ ભૂલ કરી છે કે ન તો કોઈ ત્રુટિઓ કરી છે અને આ રીતે અલ્લાહ (સુ.વ.ત.)એ આપને બધા પયગમ્બરોના સરદાર તેમજ તેના સૌથી વધારે આદરપાત્ર સંદેશવાહક બનાવ્યા છે.

અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરે પાક (સ.)ને હિદાયત કરી જેથી ઉમ્મત આપની હાજરી વડે લાભ મેળવી શકે. પરંતુ આપ (સ.)ના પછી શું થશે ? પયગમ્બરે પાક (સ.) અલ્લાહ (સુ.વ.ત.)ના ઈલ્મના સુયોગ્ય વારસદાર હતા અને આપના પછી આપ (સ.)નો જાનશીન પણ એટલો જ સમર્થ હોવો જોઈએ કે જેથી

વારસાને સમજી શકે અને તેથી જ તો પયગમ્બરે પાક (સ.)એ આ ઈલાહી વારસા માટે પોતાના જાનશીન તરીકે મૌલા અલી (અ.)ને પસંદ કર્યા.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "અય અલી! તમે મારા હૌઝ (કૌસર)ના માલિક, મારા અલમબરદાર, મારા પ્રિયપાત્ર, મારા વઝીર, **મારા ઈલ્મના વારસદાર, મારા જાનશીન અને મારી અગાઉના પયગમ્બરોના વારસાઓને ધારણ કરનારા છો. તમે અલ્લાહની હુજ્જત, ઈમાનની બુનિયાદ અને ઈસ્લામનો સ્થંભ છો. તમે અંધકારમાં રોશની, હિદાયતનું નૂર અને આ દુનિયાના લોકો માટે ફરકાવવામાં આવેલ ધ્વજ છો.** અય અલી ! જે તમારી પેરવી કરે તે બચી જશે અને જે તમને તરછોડી દેશે તે હલાક થશે. **તમે સ્પષ્ટ માર્ગ છો અને સીધો રસ્તો (અલ સેરાત) છો.** તમે એવા લોકોના હાદી છો કે જેઓ નૂરથી ચમકે છે અને તમે ઈમાનદાર લોકોના બાદશાહ છો."

(સંદર્ભ : અમાલી અલ સદૂક, પેજ–૩૮૨, અલ બિહાર, જિલ્દ–૩૮, પેજ–૧૦૦, ગાયત અલ મરામ, જિલ્દ–૩, પેજ–૭૮, બિશારત અલ મુસ્તફા, પેજ–૯૫, અલ બિહાર, જિલ્દ–૪૦, પેજ–૫૩, યનાબેઉલ મોવદ્દત, જિલ્દ–૧, પેજ–૩૯)

→ મૌલા અલી (અ.) ઈલાહી વારસાના જાનશીન છે અને ઉમ્મત ઉપર નિયુકત થયેલા હાદી છે. જો આપણે કુરઆનના હુકમોને, પયગમ્બરે પાક (સ.)ના વારસાને અને ઈસ્લામની વિચારધારાને સમજવાની ઈચ્છા ધરાવતા હોઈએ અને આપણે તેના ઉપર કાયમ રહેવું હોય તો આપણે મૌલા અલી (અ.)ની અને તેમની નસલમાંના અગિયાર ઈમામોની હિદાયત ઉપર અમલ કરવાની જરૂર છે અને એટલા જ માટે પયગમ્બરે પાક (સ.)એ ફરમાવ્યું છે :

اَنَا مَدِيْنَةُ الْعِلْمِ وَ عَلِيٌّ بَابُهَا
فَمَنْ اَرَادَ الْعِلْمَ فَلْيَاْتِ الْبَابَ

**(હું ઈલ્મનું શહેર છું અને અલી તેના દરવાજા છે તેથી જે કોઈ ઈલ્મની ઈચ્છા રાખતો હોય તેને દરવાજાથી પ્રવેશ કરવા દો.)**

(સંદર્ભ : નિશાપુરી મુસ્તદરક, પેજ–૯૨૯, નં.૪૬૯૪, ઈમામ અલી (અ.)ની આધ્યાત્મિકતાનો નિર્દેષ કરતા – રઝા શાહ કાઝમીના – Justice and Remembrance માંથી અવતરણ લેવામાં આવેલ, મુસ્તદરક, જિલ્દ–૩, સફા–૧૨૭,

મત્બૂઆ બૈરૂત (લેબનાન), અલ મોઅજ્જમિલ કબીર અલ તબરાની, જિલ્દ–૧૧, સફા–૫૫, મત્બૂઆ બૈરૂત) ✳

**ઝહીર હોસ્ટેલ તથા ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, હિંમતનગરના વિદ્યાર્થી ભાઈ–બહેનોને માહે રમઝાનુલ મુબારક માસમાં ઈફતારી કરાવવાની ઈચ્છા હોય તેમણે મો.હૈદરઅલી (રેક્ટર) 9574297051નો સંપર્ક કરવો.**

હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## મક્‌તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૧૦

ભાષા : રૂબાઈ

**સુન સુન ભાઈ મેરે દીનકે, એસા ને એસા હે રબ રે,**
**મોત કીતી રે તન તનકું જેતી હે ખલક સબ રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે અય મારા દીનના ભાઈઓ! તમે સાંભળો કે અલ્લાહ તઆલા આવો છે કે તેણે જે ખિલ્કતનું સર્જન કર્યું છે તે પ્રત્યેક તન માટે મોતનું પણ નિર્માણ કર્યું છે.)

**મોત હે પુલ ભાઈ રાહકી, ઉતરના દુજે કિનાર રે,**
**નસદન યાદ કરો મોતકું, તલ એક છોડો ના બિસાર રે.**

(મોત રસ્તાની વચ્ચે આવતો પુલ છે. આ પુલ ઉપર થઈને બીજા કિનારે ઉતરવાનું છે. માટે હર હંમેશ મોતને યાદ રાખો અને એક ક્ષણ માટે પણ તેનો વિચાર કરવાનું છોડી ન દો.)

**આલમ ફાનીથી ચલના, જાના જાના બકાકી તીર રે,**
**દન એ સફરકે ચાર હે, સુનને મન ધર વીર રે.**

(આ આલમે ફાની એટલે કે નાશવંત દુનિયાથી ચાલ્યા જવાનું છે અને બકા એટલે કે શાશ્વત –કાયમી દુનિયા– આખેરતના કિનારા તરફ જવાનું છે. આ ફાની દુનિયાની સફરના દિવસો તો ચાર છે. (દુનિયા ચાર દિવસની ચાંદની છે) માટે હે મોમિનબંધુ ! તું આ બાબત મન ધરીને સાંભળ.)

**મોત હે મરકબ રાહકા, પોચાવે મીતકુ મીત રે,**
**મોતકુ તો કેસે બીસારીએ, યાદ કરો મન ધર પીત રે.**

(મોત રસ્તા પર ચાલવા માટે સવારીનું સાધન છે અને તે સાધન દોસ્તને દોસ્ત સુધી પહોંચાડે છે. મોતને તો કેવી રીતે વિસારાય? માટે તેને મનથી પ્રીત કરીને યાદ કરો.)

**સુન સુન ફાની જગ છોડના, ચલના હે બકાકે મેદાન રે,**
**અવીચળ ભાઈ જે ઠામ હે, અંતે વહાં જાના સહી માન રે.**

(તમે સાંભળો કે આ ફાની જગત છોડવાનું છે અને બકાના મેદાનમાં જવાનું છે. આખેરત અવિચળ એટલે કે કાયમી જગ્યા છે છેવટે તો ત્યાં જવાનું છે તે બાબતને સાચી માનજો.)

**ફેર દેખ ખલક હે દેખના, હશર હોવે જીસ ઠાંમ રે,**
**લેખા ચોખા સબ રે કરના, સફરમાં, જેસે કીએ કામ રે.**

(ફરીથી પાછી ખિલ્કતને જોવાની છે કે જે કયામત થશે તે જગ્યાએ એકઠી થશે. લેખા જોખા એટલે કે દુનિયાની સફરમાં જે કાર્યો હશે તેનો હિસાબ કિતાબ કરવાનો છે.)

**સુન ભાઈ મેરે તું દીન કે, દુનિયા કે હે સફરકી રીત રે,**
**તલ તલ ઘડી ઘડી ચલના, કરને તું મનસું પીત રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે અય મારા દીનના ભાઈ ! આ દુનિયા તો એક મુસાફરી જેવી છે કે જેમાં હર

ઘડી ચાલતા જ રહેવાનું છે તેથી તું મનથી પીત કરી લે.)

**સકરાત વેળા વીરા દોહલી, છોડના હે આ ઘર વાસ રે,**
**સફરમાં થોડે કાજ જીવના, કીતી બોત દીની કેરી આસ રે.**

(સકરાત વેળા એટલે કે મોતનો સમય ખૂબ જ કઠણ છે કેમકે ઘરના વસવાટને તેણે છોડવાનો છે. દુનિયાની આ સફરમાં તો થોડા સમય સુધી જ જીવવાનું છે ભલેને માણસે દુનિયાની ઘણી બધી આશા રાખી હોય તો પણ.)

**દુનિયા ફાની અંતે છોડની મત મત કરો તલ આશ રે,**
**મોત યાદ કરો રીત સફરકી, નસ દન સાંસો સાસ રે.**

(છેવટે તો આ નાશવંત દુનિયાને છોડવાની છે માટે હર હંમેશ તેની આશા રાખતા નહીં. દરેક શ્વાસે શ્વાસે હર હંમેશ એ યાદ કરો કે દુનિયા એક સફર છે અને મોત આવાનું છે.) ✻


**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

::::::::: ઓર્થોરાઈઝ ડીલર :::::::::

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ
**ઈલેક્ટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે

૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન
૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**



**અકબરભાઈ એચ. ખાણશીયા–કિશોરગઢવાળા**
મો.૯૫૭૪૦ ૩૫૮૭૪
**સાબિરભાઈ મોમિન–ચંડીસરવાળા**
મો.૯૮૯૮૭ ૬૨૬૩૭

**નવજીવન પ્લાયવુડ એન્ડ હાર્ડવેર**

પ્લાયવુડ, સનમાઈકા, ફ્લશડોર તેમજ ફર્નિચરને લગતી દરેક આઈટમ વ્યાજબી ભાવે મળશે.

**મલાવ તલાવ રોડ, મોમિન હોસ્ટેલ સામે, ચાંદ કોમ્પલેક્ષ, ધોળકા. જિ.અમદાવાદ.**



**અકબરભાઈ એચ. ખાણશીયા–કિશોરગઢવાળા**
મો.૯૫૭૪૦ ૩૫૮૭૪
**આબિદઅલી એચ. ખાણશીયા–કિશોરગઢવાળા**
મો.૯૯૨૪૪ ૦૯૪૨૯

**નવજીવન વુડ ફર્નિચર વર્ક્સ**

દરવાજા, બારસાખ તેમજ તમામ પ્રકારનું ફર્નિચરનું કામ કરી આપવામાં આવશે.

**મલાવ તલાવ રોડ, મોમિન હોસ્ટેલ સામે, ચાંદ કોમ્પલેક્ષ, ધોળકા. જિ.અમદાવાદ.**

# શાહઝાદી ઝયનબ (સ.અ.)

**લેખન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

مَا رَاَيْتُ اِلَّا جَمِيْلًا

*(મેં સુંદરતા સિવાય કશું જોયું નથી.)*

ઉપરોકત શબ્દો શાહઝાદી ઝયનબ (સ.અ.)એ ઉચ્ચારેલા શબ્દો છે. આ શબ્દો ઉપરથી જ શાહઝાદી ઝયનબ (સ.અ.)ની મહાનતાનો ખ્યાલ આવે છે. તેમણે આ શબ્દો સુખસાહ્યબી અને આનંદપ્રમોદના વાતાવરણમાં ઉચ્ચાર્યા નથી પરંતુ એવા કપરા સંજોગોમાં ઉચ્ચાર્યા છે કે જે સંજોગોમાં નબળા મનવાળા લોકો છુટકારા માટે મોતની તમન્ના કરે. પરંતુ એ શાહઝાદી ઝયનબ (સ.અ.) કે જેમનું અલ્લાહની ઝાત પર ઈમાન, નાના રસૂલ (સ.) ઉપર, વાલેદા ફાતેમા સિદ્દિકા તાહેરા (સ.અ.) ઉપર અને વાલિદ ઈમામ અલી (અ.) ઉપર યકીન અડગ હતું. તે કદી પણ મોતની તમન્ના કરીને પલાયનવાદને અપનાવે નહીં. તેમના જીવનનો મુખ્ય ઉદ્દેશ તેમના શહીદ ભાઈ ઈમામ હુસૈન (અ.)ના સંદેશનો વધારેમાં વધારે ફેલાવો કરવાનો હતો.

તેઓ મુનાફિકો અને જાલિમોને ખુલ્લા પાડવા માગતાં હતાં અને બની ઉમય્યાની જાલિમ હુકૂમતનો પાયો હચમચાવી દેવા માગતાં હતાં. તેમના ભત્રીજા ઈમામ ઝયનુલ આબેદીન (અ.)એ આ કારણે જ તેમને ઉદ્દેશીને નીચેના શબ્દો કહ્યા હતા :

"હે મારી ફોઈ ઝયનબ ! તમે અલ્લાહની મહેરબાનીથી એવાં આલિમ છો કે જેને કોઈએ પણ કશું જ્ઞાન શીખવ્યું નથી અને જન્મથી જ વિદ્વાન છો."

અહીં એક સદી પહેલાંના એક કિસ્સાની ચર્ચા રસપ્રદ થઈ પડશે. શેખ અબ્દુલ ગની નાબ્લુસી પેલેસ્ટાઈનના વિખ્યાત સુન્ની હનફી આલિમ હતા. તેમનો એક પગ કોઈ કારણસર બેકાર થઈ ગયો. તેઓ ઘસડાતા ઘસડાતા શાહઝાદી ઝયનબ (સ.અ.)ના મઝાર ઉપર ગયા. ત્યાં તેમણે તેમના પગમાં શિફા માટે દુઆ માગી. તેમણે નીચે મુજબના શબ્દો મઝાર ઉપર જઈને કહ્યા :

"ઝયનબ બિન્તે હૈદર, ઈલ્મ અને હિદાયતની ખાણ છે. તેમના મઝારનું પ્રવેશદ્વાર બાબે હિત્તાની સમકક્ષ છે તેથી સજ્દો કરતાં તેમાં દાખલ થાઓ."

તેમનો ઈશારો સૂરએ બકરાની આયત–૫૮ તરફ હતો કે જેમાં બની ઈસરાઈલને અલ્લાહે આપેલા હુકમનો સમાવેશ થાય છે :

"સજ્દો કરતાં કરતાં દરવાજામાં દાખલ થાઓ અને કહો, અમને અમારા ગુનાઓના બોજાથી પાક કર કે જેથી અમે તમારી

નાફરમાનીઓને માફ કરીએ અને નેક લોકોની કદર કરીએ.''

શાહઝાદી ઝયનબ (સ.અ.)ને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ જેવા આલિમ હદીસ લખનારા સહિત બધા જ હદીસ લખનારાઓ **"અકીલતુલ બની હાશિમ"** કહે છે કે જેનો અર્થ થાય છે, ''બની હાશિમ કબીલાની બુધ્ધિશાળી મહિલા''. શાહઝાદી ઝયનબે કુફા અને શામના દરબારોમાં આપેલા ખુત્બાઓ જોતાં ઉપરોકત કથનમાં રહેલી સચ્ચાઈ સમજી શકાય છે. શાહઝાદી ઝયનબના અથાક પ્રયત્નોને કારણે જ ઈમામ હુસૈન (અ.)ની કરબલામાં થયેલી શહાદત યાદગાર બની ગઈ. આ હેતુસર શાહઝાદીએ પોતાના બે ફરઝંદો ઓન અને મોહંમદને કરબલામાં ઈમામની મદદ કરવામાં કુરબાન કર્યા હતા.


પ્રખ્યાત ઉર્દૂ શાયર મીર અનીસે યોગ્ય જ કહ્યું છે :

**અલીને બેચ કે સર લી થી કિબ્રિયાકી રઝા,**
**અબ ઉનકી બેટી કી મીરાસ હૈ ખુદાકી રઝા.**

અર્થાત્ : ઈમામ અલી (અ.)એ હિજરતની રાત્રે રસૂલ (સ.)ની જગ્યાએ પોતે સૂઈ જઈને પોતાની જાતને વેચીને હુઝૂર (સ.)ની હિફાઝત કરી હતી અને પરિણામે અલ્લાહની મરજીઓ ખરીદી લીધી હતી, જ્યારે કરબલામાં અને શામમાં ઈમામ ઝયનુલ આબેદીન (અ.)એ શાહઝાદી ઝયનબની આગેવાનીમાં ચાલીને સાબિત કર્યું કે આજે ઝયનબ (સ.અ.)ની મરજી એ જ અલ્લાહની મરજી છે. ✻


મોમિન રોશનઅલી મો.૯૪૨૭૦ ८૬૦૧૦ મોમિન મોહસિનઅલી મો.૯૦૯૯૬૧૭૯૫૦
મોમિન હાસમભાઇ મો.૯૪૨૯૩ ८૨૬૬૪
(રસુલપુર – ખેરાલુવાળા)





યાદગાર હાર્ડવેર
હાર્ડવેર, પ્લાયવુડ, પ્લમ્બર પાઇપ ફીટીંગ સામાનના છૂટક તથા જથ્થાબંધના વહેપારી.
30, ડિવાઇન પ્લાઝા શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડ રોડ, વડનગર.

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

### સૂરા નં.૭૯ સૂરએ નાઝેઆત

કુલ ૪૬ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

કસમ છે સખ્તાઈથી (નાસ્તિકોના) પ્રાણ ખેંચી કાઢનારા (ફરિશ્તા)ઓની. (૧)

અને ઘણી જ સહેલાઈથી (મોમિનોની) રૂહ (આત્મા) કાઢી લેનારા (ફરિશ્તા)ઓની. (૨)

અને કસમ છે હવામાં તરતા ફરનારાઓની. (૩)

પછી પહેલ કરી આગળ વધી જનારાઓની. (૪)

પછી અલ્લાહની આજ્ઞાઓની વ્યવસ્થા કરનારાઓની. (૫)

જે દિવસે ધ્રુજી ઊઠનારી (ધરતી) ધ્રુજી ઊઠશે. (૬)

તે પછી બીજો એક ધરતીકંપ થશે. (૭)

તે દિવસે અંતઃકરણો ધડકવા માંડશે. (૮)

તેમનાં ચક્ષુઓ ઢળેલાં હશે. (૯)

તે (નાસ્તિક)ઓ કહે છે કે શું અમે મરણ બાદ પાછા આગલી સ્થિતિમાં ફેરવાઈશું ?(૧૦)

શું ત્યારે પણ કે જ્યારે અમે સડી ગયેલાં હાડકાં થઈ ગયા હોઈશું ? (૧૧)

મલાએકાઓની કસમ છે કે જેઓ કાફરોની રૂહો સખ્તીથી કાઢે છે અથવા તો માત્ર રૂહ કબ્ઝ કરનારા મલાએકા છે.

કસમ છે ફરિશ્તાઓની કે મોમિનોની રૂહ આસાનીથી કાઢનારા છે દરેક મોમિનને મરતી વખતે બેહિશ્તની નેઅમતો દેખાડવામાં આવે છે અને કાફરોને જહન્નમની આગ અને તેની રૂહ સખ્તીથી કાઢશે.

હવામાં ઉડનારા ફરિશ્તાઓની કસમ છે કે જેઓ જમીનવાળાઓની વ્યવસ્થા માટે હર્યાફર્યા કરે છે.

તેઓ મોમિનોની રૂહને જન્નતની તરફ આગળ લઈ જનારા છે અથવા ખુદાના અહકામો જમીનો ઉપર લાવતી વખતે ખુદાની ફરમાબરદારીમાં વધી જનારા ફરિશ્તાઓની કસમ.

દીન–દુનિયાની વ્યવસ્થા કરનારા ફરિશ્તાઓની કસમ ! એથી મુરાદ ચાર ફરિશ્તા છે. (૧) જિબ્રઈલ કે તેઓ હવા તથા લશ્કર ઉપર નિર્માણ થયેલા છે. (૨) મીકાઈલ, તેઓ વરસાદ ઉપર. (૩) ઈસરાફીલ કે જેઓ દુનિયાનાં કામો ઉપર નિર્માણ થયેલા છે. (૪) ઈઝરાઈલ તેઓ રૂહ કબ્જ કરનારા છે અને બીજા ફરિશ્તાઓ જન્નતના સવાબ અને જહન્નમના અઝાબની વ્યવસ્થા કરે છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે અલ્લાહ પોતાના બનાવેલા સર્જનની કસમ ખાવાનો હક રાખે છે. તેથી તેની અઝમત

જાહેર થાય છે. એ કસમ ખાઈ શકે છે પણ ઈન્સાનો માટે તેની જાત સિવાય કોઈની કસમ ખાવી ન જોઈએ. શરીઅતની કસમ એ જ હોય છે કે જે ખુદાના નામથી ખવાય છે.

પછી કુદરત ફરમાવે છે કે તે દિવસને યાદ કરો કે જે દિવસે કંપનાર કાંપશે જ્યારે પહેલો સૂર ફૂંકાશે ત્યારે જમીન, પહાડ ધ્રુજશે અને તેની પાછળ આવનાર પાછળ આવશે એટલે તે પછી આસમાની સિતારાઓ ફાટીને પડી જશે. કેટલાક કહે છે કે પાછળ આવનાર કયામત છે અને તે વખતે બીજો સૂર ફૂંકવામાં આવશે.

જ્યારે બીજો આવો બનાવ બનશે તે દિવસે દિલ ધ્રુજવા લાગશે. તે દિવસે ભયને લીધે આંખો નીચી થશે. તે સખ્તીના દિવસે એટલે કયામતનો ઈન્કાર કરનારા કાફિરોને કહેવામાં આવશે કે તમને જીવતા કરીને ઉઠાડવામાં આવશે ત્યારે તેઓ કહેશે કે શું મરવા પછી ફરી પહેલાંની જેમ સજીવન કરશે ?

તેઓ કહે છે કે જ્યારે અમો સડી ગયેલાં હાડકાં થઈ ગયા હોઈશું ત્યારે શું અમને જીવતા કરીને ઉઠાડવામાં આવશે ?

ત્યાર પછીની આયતોનો અનુવાદ : તેઓ કહે છે કે જો એમ હોય તો આ પાછું ફરવું ઘણું જ હાનિકારક હશે. (૧૨)

પછી તો તે (કયામત)માં એક જ અવાજ થશે. (૧૩)

કે તરત જ તેઓ ખુલ્લા મેદાનમાં આવી જશે. (૧૪)

અને તેમણે મશ્કરીથી કહ્યું કે જો એમ જ છે તો બીજી વખત સજીવન થઈ ઊઠવું નુકસાનકારક છે કારણ કે અમો હંમેશાં તેને જૂઠલાવીએ છીએ.

અલ્લાહ ફરમાવે છે કે તમે નવાઈ ન પામો કેમકે અમારી કુદરત પાસે આ કામ ઘણું આસાન છે. ઊઠાડવું માત્ર ઈસરાઈલની એક ફૂંક છે તેથી તમામ ખિલ્કત સજીવન થઈ જશે. જીવતા થઈને ઊઠવું બીજી વખતના સૂરથી છે.

જ્યારે બીજી વખત સૂર ફૂંકવામાં આવશે ત્યારે તેઓ બધા સજીવન થઈને 'સાહેરા' એટલે સપાટ જમીન ઉપર આવશે. સાહેરા એ જમીનનું નામ છે કે જે બયતુલ મુકદ્દસની પાસે છે. સર્વે જણનો હશ્ર ત્યાં થશે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : (અય રસૂલ !) ભલા તારી પાસે મૂસાનું વૃતાંત આવ્યું છે ? (૧૫)

જ્યારે તેને તેના પરવરદિગારે તૂવાના પવિત્ર મેદાનમાં પોકારીને કહ્યું. (૧૬)

કે ફિરઓન તરફ જા, કારણ કે બેશક તેણે ઘણું માથું ઊંચક્યું છે. (૧૭)

પછી તેને કહે કે ભલા તને આ વાતની ઈચ્છા છે કે તું (શિર્કથી) પાક થઈ જાય ? (૧૮)

અને હું તને તારા પરવરદિગારનો માર્ગ દેખાડી દઉં કે જેથી તું ભય પામે ? (૧૯)

હવે ખુદાએ તઆલાએ પોતાના હબીબના

દિલાસા માટે તૂવા નામના જંગલમાં જ મૂસા (અ.)ને બોલાવ્યા અને કહ્યું કે ફિરઓન તરફ જા તે ગર્વ કરીને હદથી આગળ વધી ગયો છે માટે વિવેકથી કહે કે તું કુફ્ર અને શિર્કથી પાક થવા ચાહતો હો તો લાએલાહા ઈલ્લલ્લાહનો એઅતેકાદ રાખ. હું તને ખુદાનો રસ્તો બતાવું. તું ખુદાના અઝાબથી ડર કે જે અલ્લાહની માઅરેફત તરફ તને લઈ જશે. નાફરમાનીથી પરહેઝ કર. આ આયતમાં એ પ્રત્યે ઈશારો છે કે ખુદાની માઅરેફત વગર ખોફ પેદા થતો નથી કે જે અલ્લાહથી ડરે છે તે નેકીના કાર્યો કરે છે જેઓ ખુદાથી ડરતા નથી તેઓ બૂરા કાર્યો કરે છે. (ક્રમશ:)


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં **LED** મુવીંગ ડીસપ્લે, **LED** ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક **& LED** બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે **LED** સીરીઝ, **LED** પટ્ટા, **LED** બોર્ડ તેમજ **LED**ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

મો.આબિદઅલી ડી. સુથાર
(શેખપુર-ખેરાલુવાળા) મો.૯૮૯૮૪૩૫૮૦૯

મો.સાદિકઅલી આર. ભોરણીયા
(રસુલપુર-ખેરાલુવાળા) મો.૯૯૨૪૪૧૮૨૪૩

**કામરાન એક્રેલીક & L.E.D. સાઈન બોર્ડ**

- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઈન બોર્ડ
- મીરર એક્રેલીક સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફ્લેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ
- આર્ટીકલ સાઈન બોર્ડ
- ડીઝીટલ મુવીંગ મેસેજ ડીસ્પ્લે

તેમજ હોટલ, દુકાનને લગતાં દરેક પ્રકારનાં સાઈન બોર્ડ અને L.E.D.નું કામ અને ઈલેક્ટ્રીક વાયરીંગ, ઈલેક્ટ્રીક પેનલનું કામ કરી આપવામાં આવશે.

**આફિસ : ન્યૂ ચિરાગ L.E.D. હાઉસ, બસ સ્ટેન્ડ પાસે, વડનગર.**
email : newchiragled@gmail.com

હલ્કા ઇર્ફાને અહલેબૈત, મક્તબા જાફરીયા

# ખુત્બો : કર્ઝે હસ્ના વિષે

3

પ્રસ્તુતકર્તા : મોલ્વી મો.નઝરઅલી તાહેરઅલી બાદરપુરા (હરિપુરા)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

પારા-૨, સૂરએ બકરા, સૂરા-૨, આયત-૨૪૫

مَنْ ذَا الَّذِىْ يُقْرِضُ اللّٰهَ قَرْضًا حَسَنًا فَيُضٰعِفَهٗ لَهٗٓ اَضْعَافًا كَثِيْرَةً ؕ وَاللّٰهُ يَقْبِضُ وَيَبْصُۜطُ ۪ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿۲۴۵﴾

*(કોણ છે કે જે અલ્લાહને કર્ઝ આપે છે કર્ઝે હસ્નાનું, તો તે (અલ્લાહ) વધારી દે તેના માટે ઘણો બધો વધારો અને અલ્લાહ સંકુચિત કરી દે છે અને વિસ્તૃત કરી દે છે અને તમે તેની તરફ ફરીને જવાના છો.)*

બિરદરાને મોમિનીન ! આ આયતમાં અલ્લાહે પોતે બંદાથી કર્ઝ લેવાની વાત કરી છે. જો કે આપણા બધા જ માલનો ધણી પરવરદિગારે આલમ છે અને માણસ તો ફક્ત ખુદાના પ્રતિનિધિઓ છે કે અલ્લાહ તેમના ધ્વારા ગરીબ લોકોને મદદ પહોંચાડે છે. તો આ પ્રતિનિધિની એટલે કે જેને અલ્લાહે દોલતની વિપુલતા આપી હોય તે, તો તેના ઉપર ફરજ છે કે તે પોતાની જરૂરિયાતની સાથે સાથે સામાન્ય લોકોની હાજતો અને જરૂરતોને પૂરી કરવા માલમાંથી ખર્ચ કરે એટલે એક વાત યાદ આવી કે માણસની એક આ પણ ફિતરત છે કે જ્યારે તેના કોઈ બેટાનું અથવા સગાનું મોત થાય છે ત્યારે તેને રાત્રે ઊંઘ આવી જાય છે. પરંતુ જો તે પૈસા ગુમાવી દે છે તો તેની ઊંઘ ઊડી જાય છે. તેની ચિંતામાં તે રાત્રે આરામ પણ કરી શકતો નથી. એટલા માટે કે એના દિલનો વિચાર દોલતને ખૂબ ભેગી કરવી અથવા તો તેનો ખર્ચ ન કરવો તેની લાલચ અને સ્વાર્થ તરફનો છે, એટલા જ માટે તમામ દુઃખોના ઉપર તેની નજરમાં દોલતનું ઓછું થઈ જવું અથવા ખતમ થઈ જવું વધારે ભારે લાગે છે.

આવું મન અને વિચાર ન થઈ જાય તે માટે ઈસ્લામમાં આ કર્ઝે હસ્ના એટલે કે સખાવત હુકમ કરવામાં આવ્યો છે. જો કોઈ પણ માણસ બદલાની આશા વગર એક મોટી રકમ કે અન્ય મદદ કરી

શકે તો સમજવું કે તેણે સ્વાર્થ અને લાલચ આ બન્ને ખરાબીઓ પર જીત મેળવી લીધી છે. સ્વાર્થ પર જીત એવી રીતે થઈ કે એને પોતાના પૈસા બીજાની જરૂરિયાત અને તેની મુસીબતોને ધ્યાનમાં રાખીને આપ્યા અને તેની તકલીફો દૂર કરી, એ પણ ભૂલી જવાની આશાએ અને લાલચ પર ફતેહ એવી રીતે થઈ કે હમણાં સુધી એ પૈસાને વધારે થવા માટે બીજાને આપતો હતો. હવે તે જ પૈસાથી ઈસ્લામમાં વ્યાજ હરામ હોવાના કારણે કોઈ પણ વળતર વગર બીજાની મદદ કરી.

કર્ઝનું જાહેરમાં કોઈ વળતર લેવાનું નથી, પરંતુ ખુદાના માટે તેના બંદાઓને ઉછીના તરીકે આપવાના છે. હવે ખુદા કહે છે, તમારી કરેલી કોઈ નેકીને હું વ્યર્થ જવા નહીં દઉં. એ તમામનો પૂરેપૂરો બદલો આપીશ. જો આવી રીતે કર્ઝ આપવામાં આવશે તો ખુદા સૂરએ તગાબુન, આયત-૧૭માં આવી રીતે વાયદો કરે છે.

اِنْ تُقْرِضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا يُّضٰعِفْهُ لَكُمْ وَيَغْفِرْ لَكُمْ ؕ وَاللّٰهُ شَكُوْرٌ حَلِيْمٌ ﴿۱۷﴾

*(અને જો તમે અલ્લાહને કર્ઝે હસ્ના આપશો તો તે તેને તમારા માટે બમણો કરી દેશે, અને અલ્લાહ મોટો કદરદાન અને મહાન સહનશીલ છે.)*

માણસ, માણસની કદર કરે કે ન કરે કોઈ ભરોસો નથી હોતો, પરંતુ અલ્લાહની કદરની વાત જુદી છે. અલ્લાહનો વાયદો પૂર્ણ થવાવાળો છે જ.

એક બીજી જગ્યાએ સૂરએ હદીદ, આયત-૧૮માં અલ્લાહ ફરમાવે છે :

اِنَّ الْمُصَّدِّقِيْنَ وَالْمُصَّدِّقٰتِ وَاَقْرَضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا يُّضٰعَفُ لَهُمْ وَلَهُمْ اَجْرٌ كَرِيْمٌ ﴿۱۸﴾

*(બેશક, ખેરાત કરનારા પુરૂષો તથા ખેરાત કરનારી સ્ત્રીઓ તથા તેઓ કે જેમણે અલ્લાહને કર્ઝે હસ્ના આપ્યું તેમના માટે તેમાં અનેકગણો વધારો કરવામાં આવશે, અને તેમના માટે માનવંત બદલો પણ હશે.)*

આના અનુસંધાનમાં એક હદીસમાં છે કે રસૂલ (સ.)એ ફરમાવ્યું કે જન્નતના દરવાજા ઉપર લખવામાં આવ્યું છે કે સદ્કાનો બદલો દસ ગણો અને કર્ઝનો બદલો ૭૦ ગણો છે. તો મેં જિબ્રઈલને પૂછ્યું કે, "આવું શા માટે છે ? કે સદકો આપવાવાળાને એનો માલ પાછો મળતો નથી જ્યારે કે કર્ઝ આપવાવાળો તો પાછો લેવા માટે જ પૈસા આપે છે ?" તો જિબ્રઈલએ કહ્યું કે, "હા, રસૂલલ્લાહ! તે પ્રમાણે જ છે કારણ કે જે માણસ સદકો લે છે શકય છે કે તે મોહતાજ કે જરૂરિયાતવાળો ન પણ

હોય અને જે વ્યકિત કર્ઝ લે છે એ તો હકીકતમાં મજબૂર હોય છે (એ તો આપણે જાણીએ જ છીએ કે ઉછીના પૈસા કોઈ તિજોરીમાં મૂકવા માટે ન માગે) એ જરૂરિયાતવાળો જ હોય છે, એટલા જ માટે સદકો કદી જરૂરિયાતમંદને પહોંચે છે અને કદી બિનજરૂરતમંદને પણ પહોંચી જાય છે, પરંતુ કર્ઝ હંમેશાં જરૂરતમંદને જ પહોંચે છે, એટલા જ માટે કર્ઝનો બદલો સદકા અને એહસાનથી પણ વધારે છે." તો આવી રીતે કર્ઝ આપવાથી અલ્લાહની નજરમાં ઘણું જ માન વધી જાય છે અને મોમિનની તકલીફો દૂર થાય છે અને અલ્લાહ આપણાથી ખુશ થાય છે અને તેની મહેરબાનીઓ આપણા પર કાયમ માટે રહે છે.

હવે હદીસોની રોશનીમાં આપણે કર્ઝે હસ્ના વિષે જોતા જઈએ. મોમિનને કર્ઝ આપવું એ પણ સુન્નત સદકામાં ગણી શકાય અને તે પણ ઘણા સવાબનું કામ છે અને એનાથી અધિક બીજા પણ ફાયદાઓ છે.

આપે એક રિવાયત ફરમાવી છે કે જે કોઈ મોમિન બિરાદર પોતાના બીજા મોમિન ભાઈને અલ્લાહની ખુશી ખાતર કર્ઝ આપે છે તો તેને એ કર્ઝની રકમ પૂરેપૂરી વસૂલ થાય ત્યાં સુધી આપેલી રકમ જેટલો સદકો હર ઘડી આપવાનો સવાબ મળતો રહે છે. હર ઘડી સવાબ મળવાનું કારણ એ છે કે એ રકમ ચાહે ત્યારે પાછી મેળવવાનો હક ધરાવે છે છતાં પણ તે લેતો નથી."

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું છે કે, "લેનાર ભરપાઈ કરી આપવાની સ્થિતિમાં આવી જાય એટલી મુદત માટે કોઈને કર્ઝની રકમ ધીરવામાં આવે તેનો શુમાર ઝકાતમાં થાય છે." એટલે કે જ્યારે એની પાસે પૈસા આવી જાય ત્યારે પાછા લેવાની એને સગવડ આપવામાં આવે તો એ જેટલા પણ દિવસો રકમને લંબાવે એટલા દિવસ સુધી એની ગણતરી ઝકાતમાં થાય છે. એમ સમજવું કે આપણે ઝકાત આપી રહ્યા છીએ.

એક વાર અલ્લાહના રસૂલ (સ.)એ ફરમાવ્યું કે, "જાણો છો તમારામાંથી કોણ હશે કે જેને અલ્લાહના છાંયામાં જહન્નમની દઝાડનારી જાળથી રક્ષણ મળશે ?" આપ (સ.)એ ત્રણ વાર આ સવાલ પૂછ્યો. ત્યારે લોકોએ અરજ કરી કે, "આપ ફરમાવો કે એ કોણ હશે ?" આપ (સ.)એ ફરમાવ્યું, "જે કર્ઝદારને મોહલત આપશે અથવા કર્ઝ માફ કરી દેશે."

હવે ઘણી વખતે એવું બને છે કે મોમિનને જરૂર હોય છે, પરંતુ હાજતમંદ કે હાજતમંદ છે એવું ગુમાન હોય તેવા શખ્સને માગે તે પહેલાં જ જે આપવું હોય તે આપી દેવું કે જેથી તેનું માન જળવાય. હાજતમંદને માગ્યા પછી આપવા કરતાં માગે એ પહેલાં જ આપી દેવાથી વધારે સવાબ થાય છે.

અમીરુલ મોમિનીન (અ.) પાસે એક શખ્સ આવતો રહેતો હતો. એ હાજતમંદ હોવા છતાં ક્યારેય પણ આપ (અ.)ને પોતાની હાજત કહેતો નહીં. આપ (અ.) તેને વગર માગ્યે હાજત કરતાં

ઘણું વધુ આપી દેતા. એ જોઈને એક માણસે આપ (અ.)ને અરજ કરી કે, "એ માગે તે પહેલાં અને તે પણ હાજતથી ઘણું વિશેષ શા માટે આપો છો ? જરૂર પૂરતું આપો તો પણ ચાલત અને તે માગે તેની પણ રાહ જોતા નથી ?" આપ (અ.)એ જવાબમાં ફરમાવ્યું કે, "અલ્લાહ તારા જેવા મોમિનોમાં વધારો ન કરે. પોતે કંજૂસાઈ કરે છે અને મને આપવાથી રોકે છે. એ માગે અને હું આપું એમાં ખૂબી શી ? એ તો મેં એની આબરૂના બદલામાં આપ્યું કહેવાય. એણે આબરૂ આપી અને મેં તેને હાજતની વસ્તુ આપી."

મોમિન કોઈની સામે લાચાર કે બેઆબરૂ બને આ વાત અલ્લાહને બિલકુલ પસંદ નથી. કર્ઝ એવી રીતે આપવામાં આવે કે તેને આપણા હાથથી લેતાં શરમ ન આવે અને આપ્યા પછી પણ કર્ઝદારને હંમેશાં મોહલત આપવી જોઈએ. એની સાથે કોઈ પણ જાતની જબરદસ્તી કરવી નહીં. હદીસમાં છે કે પોતાના પૈસા પાછા લેવા માટે કોઈને એટલો મજબૂર ન કરો કે એનાં બાલબચ્ચા મુસીબતમાં આવી જાય અને છેલ્લે તેણે પોતાનું ઘર વેચવું પડે. આ ઉઘરાણીની છેલ્લી સીમા છે. આ વાતની જ્યારે આપનારને જાણ થાય કે મારા આપેલા કર્ઝને અદા કરવાના કારણે ઘર વેચીને આપણા આપેલા કર્ઝને માફ કરી દો.

મોમિન માટે એ જ બહેતર અને સારું પણ છે, ભલે એક રીતે એનો પૈસો ન આપ્યો, પરંતુ રબ્બુલ આલમીન એને એનાથી પણ અધિક બદલો બીજી રીતે અદા કરશે.

અહીં એક વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે અગાઉ જે કર્ઝો આપવાની વાત થઈ તે અલ્લાહની ખુશનૂદી માટે આપવામાં આવતા કર્ઝની વાત હતી. એને કર્ઝે હસ્ના કહેવાય છે, જો કે આપનારને દુનિયામાં પણ તેનો બદલો મળવાનો છે, તેની રોજીમાં બરકત પણ થશે, પણ સૌથી બહેતર આશા એ તરફ જ રાખે કે આખેરતમાં અલ્લાહ તેનો બદલો આપનારો છે અને કર્ઝ આપનારે એ તરફ ધ્યાન પણ રાખવું જોઈએ કે મેં ફક્ત આ કામ તેની મુસીબતોને દૂર કરવા માટે કર્યું છે અને કોઈ પણ જગ્યાએ એ આપણા લીધે લાચાર ન થાય. તો આ પ્રમાણે ધ્યાન રાખે તો અલ્લાહ એને જરૂર બદલો આપશે.

આ બધી વાતોથી એક તરફ આપણે એ વાત ન ભૂલવી જોઈએ કે આપણે મોમિન છીએ. બધો દારોમદાર ખુદા પર હોય છે અને હોવો જોઈએ. આપણે કોઈ પણ કામ કરીએ, કર્ઝ આપીએ કે પછી અન્ય કોઈ મદદ કરીએ આપણી સંપૂર્ણ આશા ખુદાથી બંધાયેલી હોવી જોઈએ કારણ કે માણસ ગમે તે અમલ કરશે ચાહે એ સારા કરશે કે ખરાબ અને મોમિન તો સારા જ અમલ કરશે, એમાં તો કોઈ શક નથી. તમામને ખુદાની તરફ પાછા ફરવાનું છે ત્યાં આપણું આમાલનામું ખોલીને બતાવવામાં આવશે. એ વખતે રબ્બુલ આલમીન એવા બંદાને નિરાશ નહીં કરે કે જેણે દુનિયામાં અલ્લાહના બંદાઓને નિરાશ થવા દીધા નથી. એ આંખમાંથી આંસુ નહીં આવવા દે કે

જેને દુનિયામાં બંદાઓના આંસુઓ લૂછ્યાં હતાં અને એ જ બીજી દુનિયા છે કે જ્યાં દુનિયામાં કરેલી કરણી દાન અને પ્રદાનનું ફળ તેના હાથમાં આપવામાં આવશે અને તે દિવસનો સંપૂર્ણ માલિક ખુદા હશે. તમામ મામલાઓ એના જ ઈખ્તિયારમાં હશે.

અંતમાં દુઆ માગીએ :

- અય અલ્લાહ ! અમને દુનિયામાં કોઈના મોહતાજ ન રાખજે.
- અય પરવરદિગાર ! જો અમે કર્ઝદાર હોઈએ તો અમને જેમ બને તેમ જલ્દી તેને અદા કરવાની શક્તિ આપજે.
- અને અમે કર્ઝ લેનાર હોઈએ તો માફ કરવાની નેક તોફીક અતા ફરમાવજે, આમીન. *


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
☞ **બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ, આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**



મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## જંગે અહઝાબનાં મિત્રદળો સામે જંગ

(ગતાંકનું ચાલુ)

અમીરુલ મોમિનીન (અ.) પણ પોતાના મુકામ પર પાછા આવી ગયા. જે લોકો અમ્રની સાથે હતા તેઓ ખંદક પાર કરીને આવ્યા હતા અને પાછા નાસી ગયા હતા, તેમની હાલત ખૂબ જ દુર્દશાગ્રસ્ત હતી. આ પ્રસંગે મૌલા અલી (અ.)એ આ મુજબ અશઆર પઢ્યા.

- *તે પથ્થરના બુતોનો પુજારી હતો અને એ જ તેનો અકીદો હતો કેમકે તેનો ફેંસલો ખોટો હતો જ્યારે કે હું મોહંમદ (સ.)ના અલ્લાહની ઈબાદત કરું છું અને આ જ હિદાયતનો રસ્તો છે.*
- *મેં તેના ઉપર પ્રહાર કર્યો અને તેને એવી રીતે કાપી નાખ્યો કે જેવી રીતે ખજૂરનું ઝાડ કપાઈ જાય છે. આ પ્રસંગ રણપ્રદેશ અને પહાડીની વચ્ચે બન્યો હતો.*
- *અય અહઝાબ (ખંદક)ના લોકો ! એવું ન વિચારો કે અલ્લાહ તઆલા પોતાના દીન અને પોતાના રસૂલ (સ.)ને ભૂલી જશે.*

(મોહંમદ બિન અમ્ર વાકદીએ બયાન કર્યું છે કે તેમને અબ્દુલ્લાહ બિન જાફરે અલી ઔનના હવાલાથી બતાવ્યું અને તેમણે ઝહરીના હવાલાથી બતાવ્યું કે તેઓ કહેતા હતા કે –)

“અમ્ર બિન અબ્દેવદ, અક્રમા બિન અબી જહલ અને હુબૈરા બિન અલી વહબ, નોફિલ બિન અબ્દુલ્લાહ બિન મુગૈરા અને ઝરાર બિન ખત્તાબ એક દિવસ આવ્યા જ્યારે કે જંગે ખંદક ચાલી રહ્યો હતો અને ખંદકને જોવા લાગ્યા. તેઓ ખંદકના કિનારે કિનારે ચાલતા રહ્યા અને એવો અંદાજ લગાવતા રહ્યા કે ખંદકની પહોળાઈ કઇ જગ્યાએ ઓછી છે કે જેથી કરીને તે જગ્યાએ તેઓ ખંદકને પેલે પાર આવી શકે. ત્યાર પછી તેઓ એવી જગ્યાએ આવી પહોંચ્યા કે જ્યાં પહેરો ગોઠવેલો ન હતો. ત્યાં તેમણે પોતાના ઘોડાઓને એડ લગાવી અને ઘોડા છલાંગ લગાવીને ખંદકની પેલે પાર આવી ગયા. તેમના ઘોડા આગળ વધતા રહ્યા અને એવી જગ્યાએ આવી ગયા કે જે ખંદક અને પહાડીની વચ્ચે આવેલી હતી. મુસલમાનો પાછા હટી ગયા અને કોઈની ય હિંમત ન ચાલી કે તેમના મુકાબલા માટે આગળ વધે. ત્યારે અમ્ર બિન અબ્દેવદે એકલાએ જ મુકાબલો કરવાનો પ્રસ્તાવ મૂકયો અને મુસલમાનોને ધમકાવવા લાગ્યો કે “હું બૂમો પાડી પાડીને અવાજ આપી રહ્યો છું કે તમારામાં કોઈ છે કે જે મારી સાથે એકલો લડવાની હિંમત કરે ?

તેના પ્રત્યેક લલકાર પર હઝરત અલી (અ.) ઊભા થઈ જતા હતા અને તેની સાથે લડવાની રજા માગતા હતા. પરંતુ દરેક વખતે પયગમ્બરે

ઈસ્લામ (સ.) તેમને હુકમ આપતા હતા કે તેઓ બેસી જાય અને ઈન્તેઝાર કરે, કદાચ કોઈ બીજો એની સાથે લડવાનો ઈરાદો ધરાવતો હોય. પરંતુ એ દિવસે મુસલમાનો બિલકુલ સ્થિર થઈ ગયા હતા. (જાણે કે તેમને સાપ સૂંઘી ગયો હોય) અથવા તો પછી તેમના માથા ઉપર પક્ષીઓ બેઠેલાં હોય કેમકે દરેક માણસ જાણતો હતો કે અમ્ર બિન અબ્દેવદ (અરબનો) નામચીન બહાદુર છે અને બધા તેનાથી ડરી ગયેલા હતા, માત્ર એનાથી જ નહીં બલ્કે જે લોકો તેમની સાથે હતા તેમનાથી પણ ડરી ગયેલા હતા અને જેઓ તેમની પાછળ રહી ગયા હતા તેમનાથી પણ બી ગયેલા હતા.

લાંબા સમય સુધી અમ્ર બિન અબ્દેવદે પોતાના મુકાબલા માટેના લડવૈયાની માગણી કરી અને તેના પ્રત્યેક અવાજ પર અમીરુલ મોમિનીન (અ.) જંગ કરવા માટે ઊભા થઈ ગયા. છેવટે રસૂલલ્લાહ (સ.)એ આપ (અ.) ને પોતાની પાસે બોલાવ્યા. આપ (અ.) આં હઝરત (સ.)ની નજીક આવી ગયા. આં હઝરત (સ.)એ પોતાનો અમામો પોતાના માથા ઉપરથી ઉતાર્યો અને આપ (અ.)ના સર ઉપર મૂકી દીધો અને પોતાની તલવાર આપ (અ.) ને એવું કહીને આપી કે "કાર્યને પૂર્ણ કરો." ત્યાર પછી આં હઝરત (સ.)એ ફરમાવ્યું, અય અલ્લાહ ! એમની મદદ કર."

આપ (અ.) ઝડપથી અમ્રની તરફ તૂટી પડ્યા. આપ (અ.)ની સાથે જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી (રઝી.) પણ ગયા. જાબિર એટલા માટે ગયા હતા કે બન્નેની વચ્ચેના જંગને નજીકથી જુએ. જ્યારે અમીરુલ મોમિનીન (અ.) નજીક આવી ગયા તો અમ્ર બિન અબ્દેવદને આપ (અ.)એ કહ્યું,

"અય અમ્ર ! જાહેલિયતના દિવસોમાં તું કહ્યા કરતો હતો જ્યારે કે લાત અને ઉઝ્ઝાની પરસ્તિશ થતી હતી કે અગર કોઈ માણસ તને બે બાબતોની ફરમાઈશ કરે તો તું તેમાંથી એક બાબતને માની લઈશ."

તેણે જવાબ આપ્યો,

"હા, આ હકીકત છે."

અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું,

"હું તને દાવત આપું છું કે તું અલ્લાહની વહદાનિયતની ગવાહી આપ અને મોહંમદ (સ.)નો અલ્લાહના રસૂલ તરીકે સ્વીકાર કર અને તેમની ઈતાઅત કર."

તેણે જવાબ આપ્યો,

"મારા ભાઈના બેટા ! હું હમણાં જ તેનો જવાબ આપવા માગું છું."

અમીરુલ મોમિનીન (અ.)એ જવાબ આપ્યો,

"તું અત્યારે જ તેનો સ્વીકાર કરી લે તો બહેતર રહેશે અને પોતે જ જવાબ આપ."

ત્યાર પછી આપ (અ.)એ ફરમાવ્યું,

"આનો બીજો ઉપાય પણ છે."

"બીજો ઉપાય કયો છે ?" તેણે પૂછ્યું.

આપ (અ.)એ ફરમાવ્યું,

"તું પાછો ચાલ્યો જા કે જ્યાંથી તું આવ્યો છે."

તે બોલ્યો,

"કુરૈશની સ્ત્રીઓ આ બાબતને મંજૂર નહીં રાખે."

આપ (અ.)એ ફરમાવ્યું,

"તો પછી એક બીજો ઉપાય છે."

"તે શું છે ?" તેણે પૂછ્યું.

(હઝરત અલી (અ.)એ) જવાબ આપ્યો,

"તું ઘોડા ઉપરથી નીચે ઉતરી જા અને મારી સાથે મુકાબલો કરે."

અમ્ર ખડખડાટ હસ્યો અને બોલ્યો,

"મેં તો એવો કોઈ વિચાર પણ કર્યો ન હતો કે કોઈ અરબ આ રીતે મારી સામે પડકાર ફેંકવાની હિંમત કરશે. તમે એક શરીફ (સજ્જન) માણસ છો અને હું તમને કતલ કરવાનું ઈચ્છતો નથી. તદ્ઉપરાંત તમારા બાપ મારા નિકટના મિત્ર છે. તમે પાછા ચાલ્યા જાઓ, હજુ તો તમે નવજવાન છો. મારી ઈચ્છા એ છે કે મારા મુકાબલા માટે કુરૈશના બે શેખ આવે કે જેમનાં નામ છે અબૂબકર અને ઉમર."

હઝરત અલી (અ.)એ ખટાશપૂર્વકના સ્વરમાં જવાબ આપ્યો,

"પરંતુ હું તો તારી સાથે જંગ કરીશ."

અમ્રને ગુસ્સો આવી ગયો અને તે ઘોડા ઉપરથી નીચે કૂદી પડ્યો. તેણે પોતાના ઘોડાના મોઢા ઉપર ચાબુક ફટકાર્યો અને ઘોડો નાસી ગયો. (ક્રમશ:)


## સુપ્રિમ જનરલ સ્ટોર્સ

અમારે ત્યાં કટલરી, હોઝીયરી, સ્ટેશનરી અને પ્રોવિઝન તથા કપ–રકાબીના સેટ, કાચના ગ્લાસના સેટ, ગીફ્ટ આર્ટીકલ, મુસલ્લા, ટોપી, એહરામના બેલ્ટ, ઝમઝમના પાણીની ડબ્બી, રહેલ, સ્પોર્ટ સેટ, ફાયર પ્રુફ ચુલા, ટુવાલના ટુકડા, વગેરે વસ્તુ વ્યાજબી ભાવે મળશે.

**ઈસ્માઈલહુસૈન (સેવાલણીવાળા) મો. ૯૪૨૭૦ ૮૨૭૪૫**

**અબ્બાસઅલી (સેવાલણીવાળા) મો. ૯૪૨૭૬ ૭૯૮૭૮**

**એ–૧, સિલ્વર પ્લાઝા, કાફે મિલાપ હોટલની લાઈનમાં, બસ ડેપોની પાસે, સિધ્ધપુર.**

**سلونی قبل ان تفقدونی**
**સલૂની કબ્લ અન તફકદૂની**
(પૂછો એ પહેલાં કે મને ન પામો.)

(ગતાંકનું ચાલું)

અસ્બગ બિન નબાતાથી રિવાયત છે કે હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ કુફાના મિમ્બર પર ખુત્બો ઈરશાદ ફરમાવીને કહ્યું :

"અય લોકો ! સવાલ કરી લો મારાથી કે મારા સીનામાં ઈલ્મ ભરેલું છે."

ઈબ્ને અલ્કવા ઊભો થઈ ગયો અને સવાલ કર્યો કે –

"યા અમીરુલ મોમિનીન (અ.) ! પરેશાન કરવાવાળી હવા શું છે ?

**અમીરુલ મોમિનીન (અ.) :** તે એક (અર રિયાહ નામની) હવા છે.

**ઈબ્ને અલ્કવા :** બોજ ઉઠાવવાવાળા કોણ છે ?

**અમીરુલ મોમિનીન (અ.) :** વાદળો.

**ઈબ્ને અલ્કવા :** આસાનીથી ચાલનાર કોણ છે ?

**અમીરુલ મોમિનીન (અ.) :** કશ્તીઓ.

**ઈબ્ને અલ્કવા :** અહકામ (હુકમોને) પહોંચાડવાવાળા કોણ છે ?

**અમીરુલ મોમિનીન (અ.) :** ફરિશ્તાઓ.

**ઈબ્ને અલ્કવા :** યા અમીરુલ મોમિનીન! મેં કિતાબે ખુદાના કેટલાક હિસ્સાઓને કેટલાકના વિરોધી જોયા.

**અમીરુલ મોમિનીન :** અય ઈબ્ને અલ્કવા! તારી મા તારા ગમમાં બેસે, કિતાબે ખુદાના કેટલાક હિસ્સા કેટલાકનું સમર્થન કરે છે ન કે ખંડન કરે છે. બતાવ કે તે કઈ જગ્યાએ આવેલ છે.

**ઈબ્ને અલ્કવા :** યા અમીરુલ મોમિનીન! મેં કુરઆનમાં એક જગ્યાએ **"મશારિક વ મગારિબનો રબ"** અને ત્યાર પછીની એક આયતમાં **રબ્બુલ મશરિકૈન વ રબ્બુલ મગરિબૈન** અને છેલ્લી આયતમાં **'મશરિક વ મગરિબનો રબ'** એવું વાંચ્યું છે.

**અમીરુલ મોમિનીન :** અય ઈબ્ને અલ્કવા! તારી મા તારા ગમમાં બેસે, આ મશરિક (પૂર્વ) છે અને મગરિબ (પશ્ચિમ), અને ખુદાનો કોલ છે કે – "બે મશરિકોનો અને બે મગરિબોનો રબ છે" એમાં એક મશરિકે ગર્મા (ઉનાળો) છે અને બીજી મશરિકે સર્મા (શિયાળો) છે સૂર્યની મુદતને તો તેની નજદીકી અને દૂરીથી જાણી લેવાશે અને ખુદાનો કોલ **મશરિકો અને મગરિબોના રબ**નો મકસદ એ છે કે તેનાં ત્રણસો સાઈઠ સ્થળો છે અને તે દરરોજ એક જગ્યાએથી ઉગે છે અને બીજી જગ્યાએ આથમી જાય છે. પછી તે એ જ જગ્યાએ ત્યાં સુધી પાછો નથી આવતો કે જ્યાં સુધી તે દિવસ પલટાઈને (પાછો) ન આવે.

**ઈબ્ને અલ્કવા :** અય અમીરુલ મોમિનીન! આપના કદમની જગ્યાથી લઈને આપના રબના અર્શ સુધીનું અંતર કેટલું છે ?

**અમીરુલ મોમિનીન :** તારી મા તારા ગમમાં બેસે, અય ઈબ્ને અલ્કવા ! ઈલ્મ પ્રાપ્ત થાય તેવા સવાલ કર, તંગ કરે તેવા સવાલ ન કર. મારા કદમની જગ્યાએથી મારા રબના અર્શનું અંતર એટલું છે કે એક મુસ્લિમ (કપટ વગરનો માણસ) **લા ઈલાહા ઈલ્લલ્લાહ** કહી દે.

**ઈબ્ને અલ્કવા :** 'લા ઈલાહા ઈલ્લલ્લાહ'' કહેવાનો સવાબ કેટલો છે ?''

**અમીરુલ મોમિનીન :** જેણે ખુલૂસથી (સાચા દિલથી) લા ઈલાહા ઈલ્લલ્લાહ કહ્યું તેના ગુના એવી રીતે નાબૂદ થઈ જાય છે કે જેવી રીતે સફેદ કાગળ પરથી કાળા અક્ષરો. અગર તેણે બીજી વખત ખુલૂસની સાથે લા ઈલાહા ઈલ્લલ્લાહ કહ્યું તો આસમાનના દરવાજા ખુલી જાય છે અને મલાએકા એકબીજાને કહેવા લાગે છે કે ખુદાવંદે તઆલાની અઝમતની આગળ ઝૂકી જઈએ અને અગર કોઈએ ત્રણ વખત લા ઈલાહા ઈલ્લલ્લાહ ઈખ્લાસની સાથે કહ્યું તો તે અર્શથી પણ આગળ પહોંચી જશે. તો ખુદા ફરમાવશે કે થંભી જા. મારી ઈઝઝત અને જલાલની કસમ, જે કંઈ એની સાથે છે તેના (ગુના હોવા) છતાંય હું જરૂર તેને બક્ષી દઈશ. તેના પછી એ આયતની તિલાવત ફરમાવી તેના તરફ પાકીઝા કલેમાઓ બુલંદી ઉપર ચઢે છે અને તેના સદાચારને પણ બુલંદ કરે છે એટલે જ્યારે કે તેના અમલ નેક હોય છે તો તેના કોલને અને તેના કલામને બુલંદ કરવામાં આવે છે. (ક્રમશ:)


## અલમદાર ટૂર—સિધ્ધપુર

F/72, સામર્થ્ય કોમ્પલેક્ષ, હોટલ સિધ્ધાર્થની સામે, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.

વર્ષ ૨૦૧૩ની ઉમરા હજ–ઝિયારત મોહર્રમની ટૂરમાં જે મોમિન ભાઈ–બહેનોએ આવવું હોય તેઓ નીચેના નંબર્સ પર સંપર્ક કરવા વિનંતી.

(૧) રસુલભાઈ માકણોજીયા (ખડીયાસણા) – ૯૭૨૬૯૨૬૪૯૯

(૨) હસનભાઈ પનીયા (મોલીપુર) – ૯૮૨૪૯૬૮૯૬૦

(૩) હસનભાઈ સેલીયા (ખડીયાસણા) – ૯૩૨૪૮૧૮૦૪૧

(૪) હસનઅલી આગલોડીયા (કાકોશી) ૯૭૨૪૮૨૨૩૩૦

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી
દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

**જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન**

**ઔલાદે સાલેહ**

(ગતાંકનું ચાલું)

**ઈમામ હુસૈન (અ.)ના કાતિલોને સજા**

(૧) ઈબ્ને અબ્બાસ (રઝી.અ.) કહે છે કે અલ્લાહ તઆલાએ પોતાના નબીએ કરીમ (સ.)ની તરફ વહી મોકલી કે મેં યહ્યા બિન ઝકરિયા (અ.)ના બદલામાં સિત્તેર હજાર માણસોને માર્યા છે અને તારા નવાસાના બદલે સિત્તેર હજારને મારવાનો છું.

(૨) સુફયાન પોતાની દાદીથી નકલ કરે છે કે તે કહેતી હતી કે એ માણસ કે જે ઈમામ હુસૈન (અ.)ના કતલ સમયે મોજૂદ હતો, ત્યાર પછી એ બન્નેમાંથી એકનો ઝિક્ર એટલો બધો લાંબો થઈ ગયો કે તે તેને રસ્સીની માફક પોતાની ગરદનની સાથે વીંટતો હતો અને બીજાની હાલત એવી હતી કે મશ્કને મોઢે લગાવતો હતો ત્યાર પછી બીજીને લગાવતો હતો અને તેની તરસ બુઝાતી નહોતી.

(૩) અબૂ અલ શૈખ મોહદ્દિસ (રહે.અ.) લખે છે કે એક જમાઅતના કેટલાક માણસો પરસ્પર ઝિક્ર કરવા લાગ્યા કે એવો કોઈ શખ્સ બાકી નથી રહ્યો કે જેણે ઈમામ હુસૈન (અ.)ના કતલમાં મદદ કરી હોય તે મરવાના પહેલાં બલામાં સપડાયો ન હોય. એક ઘરડો માણસ કહેવા લાગ્યો, મેં મદદ કરી હતી, મને તો કોઈ મુસીબત નડી નથી. આટલું કહીને તે ચિરાગની બત્તીને દુરસ્ત કરવા માટે ઊભો થયો તો તેને આગ લાગી ગઈ. તે 'આગ, આગ'નો પોકાર કરતાં ફરતો હતો એટલે સુધી કે તે નહેરમાં કૂદી પડયો તેમ છતાંય તે આગ હોલવાતી નહોતી એ જ હાલતમાં તે મરી ગયો.

(૪) સદી (રહે.અ.) નકલ કરે છે કે એક માણસે કરબલામાં મારી મહેમાની કરી. તે મજમામાં એવી વાત નીકળી કે ઈમામ હુસૈન (અ.)ના કતલમાં શરીક થયો હોય એવો કોઈ માણસ નથી નથી કે જે બૂરી મોતે મર્યો ન હોય. મેજબાને તેનો ઈન્કાર કર્યો અને કહેવા લાગ્યો કે હું પણ ઈમામ હુસૈન (અ.)ની શહાદત વખતે હાજર હતો. પછી તો તે પાછલી રાતે ચિરાગને દુરસ્ત કરવા ઉઠ્યો. તેના બદન ઉપર આગ લાગી ગઈ અને તેને સળગાવી દેવામાં આવ્યો. સદી કહે છે, ખુદાની કસમ છે, મેં તેને જોયો તો તે જાણે એક અંગારો બની ગયો હોય.

(૫) ઝહરી (રહે.અ.) કહે છે કે ઈમામ હુસૈન (અ.)ના કાતિલોમાંથી એવો કોઈ બાકી બચ્યો નથી કે તેને દુનિયામાં ગઝબનો સામનો

ન કરવો પડ્યો હોય અથવા તો તેને કતલ કરવામાં ન આવ્યો હોય અથવા આંધળો ન થઈ ગયો હોય અથવા તો તેનું મોઢું કાળું ન પડી ગયું હોય અથવા તો તેના મુલકની થોડી વારમાં પડતી ન થઈ હોય.

(૬) સાહબ બિન ઝિયાદે કહ્યું કે હું ઈબ્ને ઝિયાદની પાછળ પાછળ મહેલમાં દાખલ થયો જ્યારે કે ઈમામ હુસૈન (અ.) શહીદ થયા પછી તેના મોઢામાંથી આગનો ભડકો નીકળ્યો. ત્યાર પછી ઈબ્ને ઝિયાદે કહ્યું, શું તેં આ જોયું ? મેં કહ્યું, હા. ત્યાર પછી મને કહેવા લાગ્યો, આ વાત કોઈને કહેતો નહીં.

(૭) અમ્મારા બિન ઉમૈરથી નકલ છે કે જ્યારે ઈબ્ને ઝિયાદ અને તેના દોસ્તો મસ્જિદના સહનમાં સર મુબારક લાવ્યા. લોકોની પાસે તે પહોંચ્યો તો તેને 'અય આવ્યો, તે આવ્યો', એવી બૂમો પાડતો સાંભળ્યો એટલામાં એક સાપ(નો કણો) આવીને ઈબ્ને ઝિયાદના નસકોરામાં ઘુસી ગયો પછી થોડી વાર પછી નીકળ્યો અને ચાલ્યો ગયો અને ગાયબ થઈ ગયો. વળી પાછા લોકો બૂમો પાડવા લાગ્યા કે 'અય આવ્યો, અય આવ્યો' પછી તે સાપ (નો કણો) આવ્યો અને ઈબ્ને ઝિયાદના નસકોરામાં ઘુસ્યો. આવી રીતે તેણે બે કે ત્રણ વખત કર્યું.

(૮) વાકદી (અલૈહે રહમા) નકલ કરે છે કે એક ઘરડો માણસ ઈમામ હુસૈન (અ.)ના કતલ વખતે હાજર હતો. ત્યાર પછી તે આંધળો થઈ ગયો. તેને તેનું કારણ પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું, મેં જનાબે રસૂલલ્લાહ (સ.)ને ખ્વાબમાં જોયા કે આપ (સ.) પોતાની બન્ને બાંયો ચઢાવેલી અવસ્થામાં હતા અને આપના હાથ મુબારકમાં તલવાર છે અને સામે ચામડાનો ટુકડો પાથરેલો છે અને દસ માણસો ઈમામ હુસૈન (અ.)ના કાતિલોમાંથી ઝિબ્હે કરેલા આપની સામે પડેલા છે. ત્યાર પછી હુઝૂર (સ.) એ તેમના ઉપર લા'નત કરી. પછી રાત પડી. ત્યાર પછી તે સવારે આંધળો થઈ ગયો.

(૯) ઈમામ એહમદ બિન હમ્બલ (રહે.) લખે છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.) શહીદ થઈ ગયા તો એક બદબખ્ત દુશ્મને એવું કહ્યું કે નાઉઝોબિલ્લાહ ફાસિક ઈબ્ને ફાસિક માર્યા ગયા, તો પરવરદિગારે આલમે તેની આંખો ઉપર પથ્થરના બે ટુકડા ફેંક્યા જેથી તે આંધળો થઈ ગયો. (ક્રમશ:)


**નઝીફ દાંતનું દવાખાનું**

**ડો. સાજેદા વી. મોમિન** (બાદરપુર)
ડેન્ટલ સર્જન (BDS)
મોબાઈલ : ૯૯૨૪૮ ૪૫૯૧૪



**દાંત તથા દાંતને લગતી તકલીફોનું નિદાન અને તેની તમામ સારવારની સુવિધાઓ ઉપલબ્ધ છે.**

**::::: સમય :::::**
સવારે ૯-૦૦ થી ૧-૦૦
સાંજે ૪-૦૦ થી ૭-૩૦
રવિવારે ૧૦-૦૦ થી ૧-૦૦ (ફોન કરીને આવવું.)

**::::: સ્થળ :::::**
**ડીવાઈન પ્લાઝા કોમ્પલેક્ષ,**
**બસ સ્ટેશનની સામે, કમાલપુર રોડ,**
**વડનગર, જિ.મહેસાણા.**

| Blog બ્લોગ | : લેખન : |
|---|---|
| Ref : Wayfaring (My search for Truth) | હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) |

- **Mobile** (મોબાઈલ)

  Never give more importance to the person on your mobile phone than to the person who's face to face with you.

  જે માણસ તમારી સાથે મોઢા મોઢ વાત કરે એની સરખામણીમાં જે માણસ તમારા મોબાઈલ ફોન ઉપર વાત કરે તેને કદી પણ વધારે મહત્વ આપતા નહીં.

- **Perception** (સૂઝ/સમજણ)

  While objective reality has its own importance, your perceptions are not meaningless either. Reality changes perception and perception changes reality. It works both ways.

  જ્યારે સ્થૂળ વાસ્તવિકતાને તેનું પોતાનું મહત્વ હોય છે ત્યારે તમારી સમજણ અર્થવગરની ય હોતી નથી. વાસ્તવિકતા સમજણને બદલી નાખે છે અને સમજણ વાસ્તવિકતાને બદલી નાખે છે. તે બન્ને રીતે કાર્ય કરે છે.

- **Relatives** (સગાસંબંધીઓ)

  Relatives need not be selfless for the relation to last long. Any relation is beneficial as it is.

  સંબંધને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે સગાસંબંધીઓ નિ:સ્વાર્થ હોય તે જરૂરી નથી. કોઈ પણ સંબંધ જેવો હોય તેવો લાભદાયક હોય છે.

- **Laughter** (હાસ્ય)

  If you ever find yourself laughing at someone, never mistake your laughter to be innocent fun. Even if your intention is good, your friend may be hurt by it. More often than not your honest introspection may reveal that even your intention was not good after all.

  જો કદી તમે તમારી જાતને કોઈના તરફ હસતી જુઓ તો તમારું હાસ્ય નિર્દોષ વિનોદ હોવાની કદી પણ ભૂલ ના કરતા. ભલેને તમારી નિય્યત સારી હોય તો પણ તમારા મિત્રની કદાચ તેના દ્વારા લાગણી દુભાશે. ઘણી વાર નહીં તો કોઈક વાર તો તમારું

ઈમાનદારીપૂર્વકનું આત્મનિરીક્ષણ કદાચ એ બાબતને પ્રગટ કરે છે કે છેવટે તમારી નિય્યત પણ સારી નહોતી જ.

- **Charity** (સખાવત)

  Charity that demeans the receiver is cruelty.

  એવી સખાવત કે જે લેનારને ઉતારી પાડે તેવી હોય તો તે અત્યાચાર છે.

- **Age** (ઉંમર/વય)

  Every age has its own merits, its own strength, its own weakness and its own beauty. Even old age has strength and youth has weakness. Appreciate your age and you will be happy and satisfied all your life.

  દરેક ઉંમરને તેના પોતાના સદ્‌ગુણો, તેની પોતાની તાકાત, તેની પોતાની નબળાઈઓ અને તેની પોતાની સુંદરતા હોય છે. ઘડપણની ઉંમરની પણ પોતાની તાકાત હોય છે અને યુવાવસ્થાને પોતાની નબળાઈ હોય છે. તમારી ઉંમરને બિરદાવો અને તમે તમારી આખી જિંદગી સુધી સુખી અને સંતોષી રહેશો.

- **Time** (સમય/જમાનો)

  Everthing has both material existence as well as spiritual existence. Even time has both kinds of existence. Whereas hours, days, months, etc. are material measures of time, the spiritual measure of time is the quality of time spent.

  દરેક વસ્તુનું ભૌતિક અસ્તિત્વ અને સાથે સાથે આધ્યાત્મિક અસ્તિત્વ એમ બન્ને હોય છે. વળી સમયને (જમાનાને) પણ બન્ને પ્રકારનાં અસ્તિત્વ હોય છે. જો કલાકો, દિવસો, મહિનાઓ, વગેરે સમયનાં ભૌતિક પરિમાણો છે, તો સમયનું આધ્યાત્મિક પરિમાણ પસાર કરેલા સમયની ગુણવત્તા છે.

- **Friend of God** (અલ્લાહનો દોસ્ત/અવલિયા અલ્લાહ)

  Do you want to become a friend of God? Become a friend of his creation.

  શું તમારે અલ્લાહના દોસ્ત બનવું છે ? તો તેની મખ્લૂકના દોસ્ત બની જાઓ.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

## ‘ગુલિસ્તાન’માંથી પસંદ કરેલ પંક્તિઓ

### WEALTH (ધન/સંપત્તિ)

مَنعَم به کوه و دشت و بیابان غریب نیست
هر جا که رفت، خیمه زد و خوابگاه ساخت
وآنرا که بر مراد جهان نیست دسترس
در زاد و بومِ خویش غریب است و ناشناخت

**મુન્અમ બ કોહો દશ્ત વ બયાંબાન ગરીબ નીસ્ત**
**હર જા કે રફ્ત, ખૈમાઝદ વ ખ્વાબગાર સાખ્ત**
**વ આનરા કે બર મુરાદ જહાન નીસ્ત તસ્તરસ**
**દર ઝાદો બૂમે ખવીશ ગરીબ અસ્ત વ નાશનાખ્ત**

(ધનવાન માણસ, પહાડોમાં, ખેતરોમાં અને જંગલ વિસ્તારમાં પરાયો માણસ નથી. જ્યાં જ્યાં તે જાય છે ત્યાં ત્યાં તે પોતાનો તંબુ ઊભો કરી દે છે અને તેને પોતાનું રહેઠાણ બનાવી દે છે પરંતુ જે માણસ નિરાધાર અને અસફળ હોય છે તે માણસ પોતાના વતનમાં પણ પારયો જ હોય છે.)

هر که زر دید، سر فرو آورد
ور ترازوی آهنین دوش است

**હર કે ઝર દીદ, સર ફરૂ આવરદ**
**વર તરાઝવી આહનીન દોશ અસ્ત**

(જે કોઈ માણસ ધનને જુએ છે તો તેની આગળ પોતાનું મસ્તક નમાવી દે છે જેવી રીતે લોખંડમાંથી બનાવવામાં આવેલા ત્રાજવાની દાંડી ઝુકી જતી હોય છે.)

### WICKEDNESS (દુષ્ટતા)

زنان باردار ای مرد هشیار
اگر وقتِ ولادت مار زایند
از آن بهترَ به نزدیک خردمند
که فرزندان ناهموار زایند

**ઝનાન બારદાર અય મર્દે હોંશિયાર**
**અગર વક્તે વિલાદત માર ઝાયનદ**
**અઝ આં બહેતર બે નઝદીક ખર્દમંદ**
**કે ફરઝંદાન નાહમવાર ઝાયનદ**

(અય સમજદાર માણસ ! બુધ્ધિશાળી માણસોના મત પ્રમાણે તો હમલવાળી સ્ત્રીઓ અણગમતા (અનિચ્છિત) બાળકોને જન્મ આપે એના કરતાં તો સાપનાં બચ્ચાંને જન્મ આપે તે વધારે સારી બાબત છે.)

**شنیدم که مردان راه خدای**
**دل دشمنان را نکردند تنگ**
**ترا کی میسّر شود این مقام ؟**
**که با دوستانت خلاف است و جنگ**

**શનીદમ કે મર્દાન રાહે ખુદાઈ**
**દિલ દુશ્મનાન રા નુકરદંદ તંગ**
**તરાકસી મયસ્સર શૂદ ઈન મકામ ?**
**કે બા દોસ્તાનત ખિલાફ અસ્ત વ જંગ**

(મેં એવું સાંભળ્યું છે કે સાચા ખુદાપરસ્ત માણસો તેમના દુશ્મનોને પણ કંઈ નુકસાન પહોંચાડતા નથી. તમે જો તમારા દોસ્તોની

સાથે પણ જો સંઘર્ષમાં ઊતર્યા હો અને ઝઘડતા હો તો પછી આવો દરજ્જો કેવી રીતે પ્રાપ્ત કરી શકો ?)

**سفله چو جاه آمد و سیم و زرش**
**سیلیی خواهد به ضرورت سرش**
**آن نشنیدی که فلاطون چه گفت؟**
**مور همان به که نباشد پرش**

**સફ્લા ચૂ જાહ આમદો સીમ વ ઝરશ**
**સીલી ખ્વાહદ બે ઝરૂરત સરશ**
**આન નશનીદી કે ફ્લાતૂન ચે ગુફ્ત ?**
**મૂર હમાન બે કે ન બાશદ પરશ**

(જ્યારે કંગાળ માણસ ધન અને હોદ્દો પ્રાપ્ત કરે છે તો તેને ઘણીવાર મોઢા પર તમાચો ખાવાની જરૂર પડે છે. અફ્લાતૂન (પ્લેટો) નામના ફિલોસોફરે જે કહ્યું છે તે શું તમે સાંભળ્યું નથી ? "વધારે સારું તો એ છે કે કીડીને પાંખો આપવામાં આવી નથી.")

**WISDOM (સમજદારી/ડહાપણ)**

**توانگری به هنر است، نه به مال**
**بزرگی به عقل است، نه به سال**

**તવંગરી બે હુનર અસ્ત, ન બે માલ**
**બુઝુર્ગી બે અક્લ અસ્ત, ન બે સાલ**

(વ્યક્તિની શક્તિ તેના ધન ઉપર આધાર રાખતી નથી પરંતુ તેની કુશળતા ઉપર આધાર રાખે છે. મહાનતા (બુઝુર્ગી) ઉંમર ઉપર આધાર રાખતી નથી પરંતુ તેની સમજદારી ઉપર આધાર રાખે છે.) ❋


મંજુરઅલી (વડુવાળા) સબ્દરભાઈ
ઓ.૭૬૦૦૭૨૭૪૪૦ ઓ.૯૮૭૯૫૮૪૪૨૯
મો.૯૬૩૮૭૩૯૨૯૭ મો.૯૮૭૯૭૯૫૪૨૯

**નવયુગ ઇલેક્ટ્રોનિક્સ**

**સેલ્સ એન્ડ સર્વિસ**

અમારે ત્યાંથી બધી જ કંપનીના
- ૨૧ ઈંચના ટીવી મળશે.
- LCD અને LED મળશે.
- દરેક કંપનીના વોશીંગ મશીન મળશે.
- દરેક કંપનીના એ.સી. મળશે.
- દરેક કંપનીના રીસિવર (વાટકા) મળશે.
- ટાટા સ્કાય, ડીશ ટીવી, એરટેલ, વિડીઓકોન
- દરેક કંપનીના રીસિવર રીચાર્જ કરી આપવામાં આવશે.
- દરેક કંપનીની ટી.વી. રીચાર્જ કરી આપીશું.

દુકાન નં. ૧૮૦, દર્શન રેસ્ટોરન્ટની બાજુમાં,
વિજય સિનેમા રોડ, તિરૂપતી બજાર,
સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ.

અબ્બાસઅલી નોદીલીયા
મો.:-94297 41525




- કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.
- લેપટોપ વેચાણ અને રીપેરીંગ.
- પ્રિન્ટર વેચાણ અને રીપેરીંગ.
- ટોનર રીફીલીંગ.
- રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, ઓફીસ, સ્કુલ માં સી.સી.ટીવી કેમેરા નુ ઇન્સ્ટોલેશન કરી આપવામા આવશે.
- કોમ્પ્યુટર ને લગતી તમામ એસેસરીજ મળશે.

જી/46 હીરાપન્ના કોમ્પ્લેક્ષ,
ગંજ બજાર ની સામે, સિધ્ધપુર-384151

# મીર અનીસના મરસિયા

**મરસિયા—૧** (ગતાંકનું ચાલુ) مرثیہ-۱

| | |
|---|---|
| **શહાદત જનાબે અમીરુલ મોમિનીન અલી ઇબ્ને અબીતાલિબ (અ.)** | **شہادت جناب امیرالمومنین علی ابنِ ابی طالبؑ** |
| **ઈસ ઝુલ્મો સિતમ પર ભી ન બાઝ આયે સિતમગર** | اس ظلم و ستم پر بھی نہ باز آئے ستمگر |
| **ચાહા કે ન દુન્યામેં ખવીસે પયમ્બર** | چاہا کہ نہ دنیا میں رہے خویشِ پیمبرؐ |
| **માહે રમઝાં થા કે હુવા શોર યે ઘર ઘર** | ماہِ رمضاں تھا کہ ہُوا شور یہ گھر گھر |
| **તલવાર લગી સજ્દેમેં ઝખ્મી હુએ હૈદર** | تلوار لگی سجدے میں زخمی ہوئے حیدرؑ |
| **મસ્જિદમેં કિસીને અસદુલ્લાહકો મારા** | مسجد میں کسی نے اسداللہ کو مارا |
| **બે જુર્મ દોઆલમકે શહેનશાહકો મારા** | بے جرم دوعالم کے شہنشاہ کو مارا |

(આટલા બધા ઝુલ્મો સિતમ કરવા છતાંય સિતમગરો અટકયા નહીં. એમણે તો એવી ઈચ્છા કરી કે પયગમ્બર (સ.)નાં સગાં વહાલાં દુનિયામાં જીવતાં રહેવાં જ ન જોઈએ. માહે રમઝાનુલ મુબારકનો મહિનો હતો અને દરેક ઘરમાં શોર બુલંદ થયો કે સજ્દાની હાલતમાં મૌલા અલી (અ.)ને તલવાર વાગી છે અને આપ (અ.) ઘાયલ થઈ ગયા છે. મસ્જિદમાં કોઈએ અલ્લાહના શેર મૌલા અલી (અ.)ને મારી નાખ્યા છે. કોઈ અપરાધ વગર બન્ને આલમના શહેનશાહને મારી નાખ્યા છે.)

| | |
|---|---|
| **કાતિલકો મોહિબ્બાને અલી લાયે પકડકર** | قاتل کو محبّانِ علیؑ لائے پکڑ کر |
| **મુશ્કીં થી બંધી સરકો ઝુકાએ થા સિતમગર** | مُشکیں تھیں بندھی سر کو جھکائے تھا ستمگر |
| **જિસદમ પડી ઉસ પર નઝર ખવીસે પયમ્બર** | جس دم پڑی اس پر نظر خویش پیمبرؐ |
| **કાતિલસે યે ફરમાને લગે હૈદરે સફદર** | قاتل سے یہ فرمانے لگے حیدرؑ صفدر |
| **ક્યા મેરી ખતા થી જો સતાયા મુઝે તૂને** | کیا میری خطا تھی جو ستایا مجھے تُو نے |
| **કિસ જુર્મ પે યે વાર લગાયા મુઝે તૂને** | کس جُرم پہ یہ وار لگایا مجھے تُو نے |

(મૌલા અલી (અ.)ના ચાહકો કાતિલને પકડીને લઈ આવ્યા. તેનાં બન્ને બાવડાં દોરડાથી બાંધેલાં હતાં અને તે સિતમગરે માથુ ઝુકાવેલું હતું. જે વખતે પયગમ્બર (સ.)ના સ્વજનોની નજર તેના ઉપર પડી તો મૌલા અલી (અ.) પોતાના કાતિલને ફરમાવવા લાગ્યા કે મારી એવી કઈ ભૂલ હતી કે તેં મને સતાવ્યો ? કયા અપરાધમાં તેં મારા ઉપર વાર કર્યો ?)

| | |
|---|---|
| **રોને લગા સરે શર્મસે નહોવડાકે સિતમગાર** | رونے لگا سرِ شرم سے نہوڑاکے ستمگار |
| **ચાહા યે હસનને કે લગા દેં ઉસે તલવાર** | چاہا یہ حسنؑ نے کہ لگا دیں اسے تلوار |
| **ક્યા રહમ હૈ ફરમાને લગે હૈદરે કર્રાર** | کیا رحم ہے فرمانے لگے حیدرِ کرّار |
| **મારો ન ઉસે કૈદ કરો અય મેરે દિલદાર** | مارو نہ اسے قید کرو اے مرے دلدار |
| **યે ચાહતા હૈ બંદસે રસ્સીકે રિહા હૂં** | یہ چاہتا ہے بندسے رسّی کے رہا ہوں |
| **તુમ ખોલ દો હાથ ઉસકે કે મૈં ઉક્દાકુશા હૂં** | تم کھول دو ہاتھ اس کے کہ میں عقدہ کشا ہوں |

(તે સિતમગર શરમાયેલા મોઢે રોવા લાગ્યો. ઈમામ હસન (અ.)ની તો ઈચ્છા થઈ ગઈ કે તેને તલવાર લગાવી દે. પરંતુ મૌલા અલી (અ.)નો રહેમ કેવો છે તે જુઓ. આપ (અ.) ફરમાવવા લાગ્યા કે અય મારા દિલબર હસન ! તેને મારતા પણ નહીં કે કેદ કરતા પણ નહીં. એ તો એવું ઈચ્છે છે કે તેને જે રસ્સીથી બાંધવામાં આવ્યો છે તેનાથી તે મુક્ત થઈ જાય. તમે તેના હાથ ખોલી નાખો કેમકે હું ઉક્દાકુશા (ગાંઠોને ખોલનાર / સમસ્યાઓને હલ કરનારો) છું.)

| | |
|---|---|
| **બાઝૂ હૈ બંધે ઉસકે હૈ બેચૈન મેરા દિલ** | بازو ہیں بندھے اس کے ہے بےچین مرا دل |
| **હમ વો હૈ કે હલ કરતે હૈ સબ ખલ્કકી મુશ્કિલ** | ہم وہ ہیں کہ حل کرتے ہیں سب خلق کی مشکل |
| **દુશ્મન નહીં મૈં ઉસકા યે ગો હૈ મેરા કાતિલ** | دشمن نہیں میں اس کا یہ گو ہے میرا قاتل |
| **દેવેગા સઝા ઉસકી ઉસે ખાલિકે આદિલ** | دیوے گا سزا اس کی اسے خالقِ عادل |
| **કી ઉસને બુરાઈ તો ઝરર કિયા હૈ હમારા** | کی اس نے برائی تو ضرر کیا ہے ہمارا |
| **દુશ્મન પે કરેં રહમ યે શેવા હૈ હમારા.** | دشمن پہ کریں رحم یہ شیوا ہے ہمارا |

((અય બેટા હસન !) તેના બન્ને હાથ બંધાયેલા છે તે જોઈને મારું દિલ બેચેન બની ગયું છે. આપણે તો એ લોકો છીએ કે આખી દુનિયાની મુશ્કેલીઓને હલ કરીએ છીએ. ભલે ને તે મારો કાતિલ છે પરંતુ હું કંઈ તેનો દુશ્મન નથી. તેને તેની સજા આપવી હશે તો ખાલિકે આદિલ અલ્લાહ આપશે. તેણે બૂરાઈ કરી તો

તેણે આપણને નુકસાન પહોંચાડ્યું છે. દુશ્મનો ઉપર રહેમ કરવી એ તો આપણી પરંપરા છે.)

| | |
|---|---|
| **અય લાલ તુમ્હેં કસમ હૈ ગુસ્સેમેં ન આના** | اے لال تمہیں قسم ہے غصے میں نہ آنا |
| **જબ તક કે મૈં ઝિંદા હૂં ન હાથ ઉસપે ઉઠાના** | جب تک کہ میں زندہ ہوں نہ ہاتھ اس پہ اُٹھانا |
| **જિસ વક્ત હૂં મૈં આલમે ફાનીસે રવાના** | جس وقت ہوں میں عالمِ فانی سے روانا |
| **એક વાર સે તુમ ઉસપે ઝિયાદા ન લગાના** | اک وار سے تم اس پہ زیادہ نہ لگانا |
| **જો ખાઉં મૈં ખાના વહી પહુંચાઈઓ ઉસકો** | جو کھاؤں میں کھانا وہی پہنچائیو اس کو |
| **પ્યાસા હો તો પાનીસે ન તરસાઈઓ ઉસકો** | پیاسا ہو تو پانی سے نہ ترسائیو اس کو |

(અય મારા લાલ હસન ! તમને કસમ છે કે તમે ગુસ્સામાં ન આવી જતા. જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી તેના ઉપર હાથ ન ઉઠાવતા. જે વખતે હું આ ફાની દુનિયાથી રવાના થઈ જાઉં ત્યારે તમે તેના ઉપર એક વાર કરતાં વધારે વાર ન કરતા. જે હું ખાવાનું ખાઉં છું એવો જ ખોરાક તેના માટે પહોંચાડજો. જો તે તરસ્યો હોય તો તેને પાણી પીવાથી ટટળાવતા નહીં.) (ક્રમશ:)


NAJARMOHAMMAD VIJAPURA
(JETHIPURA)
99 98 98 67 77

Order Taken from ALL OVER GUJARAT

યામ લેસર

Acrylic & LED Sign Board

Making Sign Board of **HOTEL & SHOP** as per order.




- LED Single Color Sign Board
- Programming Led Sign Board
- Open LED Sign Board
- Clear Acrylic Sign Board
- Mirror Acrylic Sign Board
- Box Letter Sign Board

To view our portfolio kindly visit to our website.

Shop No.6, 1st Floor, Nr. L.I.C. Office, Samruddhi Complex, Nyay Mandir, Himatnagar, Gujarat.
Website : www.yamlasertech.com Email : yamlasertech@gmail.com

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### વસિયત વિષે

(ગતાંકનું ચાલું)

### વસિયતનામું

અને તમને લોકોને અલ્લાહનો વાસ્તો, તમારા પોતાના રબના ઘરના બારામાં કે જ્યાં સુધી તમે લોકો બાકી હો તેને ખાલી ન છોડતા અગર તેને છોડ્યું તો તમે ઓળખશો નહીં અને જે માણસ તેની હજનો કસ્દ (નિશ્ચય) કરશે તો તેનો અદનો સવાબ એ હશે કે તેના પાછલા ગુના માફ કરી દેવામાં આવશે.

અને ખુદા ખાતર નમાઝનો ખ્યાલ રાખજો એટલા માટે કે આ સર્વશ્રેષ્ઠ અમલ છે અને તમારા દીનનો સ્તંભ છે.

અને ખુદા ખાતર ઝકાતનો ખ્યાલ રાખજો એટલા માટે કે તમારા રબના ગુસ્સાની આગને બુઝાવી નાખે છે.

અને ખુદા ખાતર માહે રમઝાનના રોઝાઓનો ખ્યાલ રાખજો એટલા માટે કે એ મહિનાના રોઝા જહન્નમ માટે ઢાલ છે.

અને ખુદા ખાતર ફકીરો અને મિસ્કીનોનો ખ્યાલ રાખજો અને તેમને તમારી રોઝીમાં ભાગીદાર રાખજો.

અને ખુદા ખાતર પોતાના જાન માલથી રાહે ખુદામાં જિહાદ કરજો એટલા માટે કે રાહે ખુદામાં જિહાદ માત્ર એ માણસો કરે છે, એક ઈમામ અને બીજો જે ઈમામની ઈતાઅત અને તેમની પેરવી કરે છે.

અને ખુદા ખાતર તમે લોકો તમારા નબી (સ.)ની ઝુર્રિયત (ઓલાદ)નો ખ્યાલ રાખજો. તમારી સામે તેમના ઉપર જુલ્મ ન થવા દેતા એ શરતે કે તમે લોકો તેને દફે કરવા પર શક્તિમાન હો.

અને ખુદા ખાતર તમે લોકો તમારા નબી (સ.)ના એ અસ્હાબનો ખ્યાલ રાખજો કે જેમણે કોઈ બિદ્અત (દીનમાં નવીનતા) ન કરી હોય અને ન તો કોઈ બિદ્અત કરવાવાળાને પનાહ આપી હોય એટલા માટે કે રસૂલલ્લાહ (સ.)એ તે લોકોના માટે વસિયત ફરમાવી હોય અને એમનામાંથી જે બિદ્અત કરવાવાળા છે તેમના પર અને બિદ્અત કરવાવાળાને પનાહ આપનારા પર લા'નત કરી હોય.

અને ખુદા ખાતર સ્ત્રીઓનો ખ્યાલ રાખજો અને જે તમારી મિલકતમાં હોય એમના અને અલ્લાહના મામલામાં કોઈ મલામત કરવાવાળાથી કદાપિ ન ડરતા અને જે લોકો તમારું બૂરું ઈચ્છનારા હોય અને તમારા લોકોથી બગાવત કરે તો એમના મુકાબલામાં તમારા લોકો માટે અલ્લાહ કાફી છે. લોકો સાથે સારી વાતો કરજો જેમકે અલ્લાહે તમને લોકોને હુકમ કર્યો છે કે અમ્ર બિલ માઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરને ન છોડતા નહિતર તમારા

લોકો ઉપર વાલી અને હાકિમ એવા લોકોને બનાવીશ કે જે તમારાથી શરારતી અને ખરાબ હોય, પછી જો તમે લોકો એમનાથી નજાતથી દુઆ પણ કરશો તો કબૂલ નહીં થાય.

અય ફરઝંદ ! તમારા લોકો ઉપર લાઝિમ છે કે એક બીજાને મળતા ઝુલતા, તોહફા અને હદિયા આપતા અપાવતા અને સદવર્તન કરતા કરાવતા રહેજો અને એકબીજાની સાથે સંબંધ કાપી નાખવાથી, મોઢું ફેરવવાથી, અલગ થઈ જવાથી પરહેઝ કરજો.

અલ્લાહ તઆલા તમ અહલેબૈતની હિફાઝત કરે અને તમારામાં તમારા નબી તમારા રક્ષક છે અને હું તમને બધાને અલ્લાહને સોંપું છું અને તમને બધાને આખરી સલામ કરું છું.

ત્યાર પછી આપ (અ.) સતત લા ઈલાહા ઈલ્લલ્લાહ કહેતા રહ્યા એટલે સુધી કે માહે રમઝાન હિજરી સન – ૪૦ના છેલ્લા દસ દિવસો અર્થાત્ એકવીસમી તારીખની રાત્રે, જુમ્આની રાત્રે આપ (અ.)ની વફાત થઈ. (૫૪૩૩)

**વસિયત પર લોકોને ગવાહ બનાવવા.**

મોહંમદ બિન ફઝીલે અલી સબાહ કનાનીથી રિવાયત કરી છે. તેમણે બયાન કર્યુ કે એક વખત મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી પૂછયું, શું ખુદાનો આ કોલ :

**સુર્ખરુ હોતા હૈ ઈન્સાં ઠોકરેં ખાને કે બા'દ,**
**રંગ લાતી હૈ હિના પથ્થરપે પિસ જાને કે બાદ.**

يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا شَهَادَةُ بَيْنِكُمْ إِذَا
حَضَرَ أَحَدَكُمُ الْمَوْتُ حِينَ الْوَصِيَّةِ اثْنَانِ
ذَوَا عَدْلٍ مِّنكُمْ أَوْ آخَرَانِ مِنْ غَيْرِكُمْ ...

(સૂરએ માએદા, આયત–૧૦૬)

(અર્થાત્ –અય ઈમાનવાળાઓ ! જ્યારે તમારામાંથી કોઈના માથા પર મોત આવીને ખડી થઈ જાય તો વસિયતના વખતે તમારા (મોમિનો)માંથી બે આદિલોની ગવાહી હોવી જરૂરી છે (અને બનવાકાળ તમે ક્યાંક સફર પર હો અને સફરમાં તમારો મોતની સાથે સામનો થાય) તો પણ બે ગવાહ (ગેરમોમિન પણ ભલે હોય)ના સંબંધમાં પૂછયું કે آخَرَانِ مِنْ غَيْرِكُمْથી કોણ મુરાદ છે ? આપ (અ.) એ ફરમાવ્યું, અને બન્ને કાફિર હોય. મેં પૂછયું, ذَوَا عَدْلٍ مِّنكُمْથી મુરાદ ? આપ (અ.)એ ફરમાવ્યું, તે બન્ને મુસલમાન હોય. (૫૪૩૪)

હમ્માદ બિન ઈસાએ રબીઅ બિન અબ્દુલ્લાહથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી એક સ્ત્રીની બાબતમાં પૂછયું કે જે એક પુરૂષના મરવાના સમયે એકલી હતી, તેની સાથે કોઈ પુરૂષ ન હતો, તો શું મરનારો તેની સાથે વસિયત કરી શકે છે ? આપ (અ.) એ ફરમાવ્યું, તેની પૂરેપૂરી વસિયતમાંથી એક ચતુર્થાંશ (૧/૪) પર અમલ કરવામાં આવશે. (૩૪૩૫)

યૂનુસ બિન અબ્દુર્રહમાને યહ્યા બિન મોહંમદથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી ખુદાનો કોલ :

يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا شَهَادَةُ بَيْنِكُمْ إِذَا حَضَرَ أَحَدَكُمُ الْمَوْتُ حِينَ الْوَصِيَّةِ اثْنَانِ ذَوَا عَدْلٍ مِّنكُمْ أَوْ آخَرَانِ مِنْ غَيْرِكُمْ...

(સૂરએ માએદા, આયત–૧૦૬)ની બાબતમાં પૂછયું તો આપ (અ.)એ ફરમાવ્યું, એ બન્ને કે જે તમારામાંથી હોય તેનાથી મુરાદ મુસલમાન છે અને તે બન્ને કે જે તમારાથી પારકા (ગૈર) હોય તેનાથી મુરાદ અહલેકિતાબ છે અને અગર તમે લોકો અહલેકિતાબને મેળવી ન શકો તો મજૂસમાંથી હોય એટલા માટે કે જઝિયાના મામલામાં અહલેકિતાબનો જ તરીકો ઈખ્તિયાર થાય છે એટલા માટે કે જ્યારે કોઈ માણસ આલિમ મુસાફરીમાં મરવા લાગે અને તેને ત્યાં કોઈ મુસલમાન ન મળે તો અહલે કિતાબમાંથી બે માણસોને ગવાહ બનાવવા અને તેમને અસ્ર (ના સમય) સુધી રોકી દેવામાં આવે અને તેમની ગવાહીમાં કોઈ શંકા હોય તો તે બન્ને અલ્લાહની કસમ ખાઈને કહે કે અમે તે ગવાહીના બદલામાં કોઈ કિંમત નહીં લઈએ. અમે જેની ગવાહી આપીએ છીએ, ભલેને પછી તે અમારો સ્વજન જ કેમ ન હોય, અમે ખુદાને લગતી ગવાહીને નહીં છુપાવીએ, અગર એવું કરીએ તો બેશક અમે ગુનેગાર છીએ. આપ (અ.)એ ફરમાવ્યું કે અગર તે બન્નેની ગવાહીમાં મરનારના વારિસોને શંકા હોય, તેથી અગર પાછળથી ખબર પડે કે તે બન્નેએ જૂઠી ગવાહી આપી છે તો તેને એ બન્નેની ગવાહીને તોડવાનો કોઈ હક નથી જ્યાં સુધી એ બન્નેની જગ્યાએ બે બીજા ગવાહ ઊભા ન થઈ જાય, અને તે બન્ને અલ્લાહની કસમ ખાઈને કહે છે કે અમારા બન્નેની ગવાહી એ બન્ને ગવાહોના મુકાબલામાં બિલકુલ સાચી છે. અગર અમે તેમાં કંઈ વધારો – ઘટાડો કર્યો હોય તો પછી જાલિમોમાંથી ગણાઈશું. જ્યારે તે લોકો એવું કરે તો પહેલા બન્ને ગવાહોની ગવાહી બાતિલ થઈ જશે અને આખરના બન્ને ગવાહોની ગવાહી જાઈઝ હશે. અલ્લાહ

## શબ્દ પરિચય

### ઝઈફ

**ઝઈફ : (ضعيف)** ઝઈફ અરબી ભાષાનો શબ્દ છે જેના અર્થ આ મુજબ થાય છે : (૧) વૃધ્ધ, ઘરડો, વયોવૃધ્ધ (૨) કમજોર, નિર્બળ. ઝઈફનું નારીજાતિ ઝઈફા (વૃધ્ધા) થાય છે. ઝઈફ શબ્દ ઉપરથી બનતા કેટલાક શબ્દો જોઈએ : **ઝઈફુક એતેકાદ** – નબળા વિશ્વાસવાળો **ઝઈફ આવાઝ** – ખૂબ ધીમું બોલનારો **ઝઈફુદ્દિમાગ** – કમજોર મગજવાળો **ઝઈફુલ ઈમાન** – કમજોર ઈમાનવાળો **ઝઈફુલ અકલ** – મંદબુધ્ધિવાળો **ઝઈફુન્નઝ** – મંદ દ્રષ્ટિવાળો **ઝઈફુલ ઉમ્ર** – મોટી ઉંમરવાળો, વયોવૃધ્ધ **ઝઈફુલ કલ્બ** – નબળા હ્દયવાળો **ઝઈફહાલ** – ગરીબ, મુસીબતગ્રસ્ત **ઝઈફુલ–ફુવા** – શકિતહીન, નિર્બળ **ઝઈફુલ બુન્યાન** – જેનો પાયો નબળો હોય તેવું, કાચા પાયાનું, જેની શ્રધ્ધા ડગમગતી હોય તેવો.

તઆલાનો ઈર્શાદ છે :

ذٰلِكَ اَدْنٰۤى اَنْ يَّاْتُوْا بِالشَّهَادَةِ عَلٰى وَجْهِهَاۤ
اَوْ يَخَافُوْۤا اَنْ تُرَدَّ اَيْمَانٌۢ بَعْدَ اَيْمَانِهِمْ ؕ

(સૂરએ માએદા, આયત–૧૦૮)

(આવી રીતે વધારે પડતો કયાસ છે કે તે લોકો સાચે સાચી ગવાહી આપશે અને ડરશે કે ક્યાંક પ્રથમ બન્નેના પછી અમારી ગવાહી પણ રદ ન કરી દેવામાં આવે.) (૫૪૩૬)

(સંદર્ભ : મલ્લા યહઝુરુહુલ ફકીહ, ભાગ–૪, પેજ–૧૪૩ થી ૧૪૬, ઉર્દૂમાંથી અનુવાદિત)

## નુસ્ખા

### પેશાબ

* અડધા તોલા જેટલું સૂંઠનું ચૂર્ણ ગાયના અડધા શેર દૂધમાં પીવાથી વેદનાની સાથે પેશાબમાંથી લોહી પડતું હોય તો તે બંધ થાય છે અને વેદના મટે છે.
* વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો અજમો અને તલ ભેગા કરીને ખૂબ ચાવીને સવાર–સાંજ ખાવાથી આરામ મળે છે.
* આદુના રસમાં ખડી સાકર મેળવી સવારે અને રાત્રે પીવાથી વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો આરામ મળે છે.
* અડધી ચમચી અજમો અને અડધી ચમચી ગોળ મસળી મિકસ કરી સવાર–સાંજ લેવાથી વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો તે મટે છે.


Mo. 96 879 12192
(હૈદરપુરાવાળા)
divine aashish
ડીવાઇન આશિષ
ઇલેક્ટ્રીક સ્ટોર
દુ.નં.૪, હિંમત વિલા એસ્ટેટ, સંતોકબા હોલની સામે, રાજમહેલ રોડ, પાટણ.

શૌકતભાઈ – ૯૪૨૮૩ ૮૪૨૮૬
ફૈઝઅહેમદ – ૯૭૧૪૭ ૬૪૧૯૪
દુકાન – ૯૭૨૨૯ ૦૧૪૬૦
દશાવાડાવાળા
અપના
કટલરી સ્ટોર
હોલસેલર : કટલરી, હોઝયરી, રમકડાં, વિગેરે
ઈ–૧૫, મહાવીર કોમ્પલેક્ષ, યશ હોસ્પિટલ નજીક, વાલીયા ચોકડી, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર – ૩૯૩ ૦૦૨

# આપણા ઘરની વાતો

**● શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની નવીન કારોબારી સમિતિ :**

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની કારોબારી સમિતિની મિટીંગ તા. ૨૯/૫/૨૦૧૩ને બુધવારના રોજ વર્ષ ૨૦૧૩–૧૪ના હોદ્દેદારોની નીચે મુજબ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

(૧) **પ્રમુખ :** મો.ઈસ્માઈલભાઈ એસ. ગોદડ (હરિપુરા) (૨) **ઉપ પ્રમુખ :** મો.મહંમદઅલી આઈ. ખાણશીયા (કાટવાડ) (૩) **મંત્રી :** મો.શેરઅલી એચ. વિજાપુરા (જેઠીપુરા) (૪) **સહમંત્રી :** મો.યૂસુફભાઈ એ. કોવડીયા (કનાઈ) (૫) **આંતરિક ઓડિટર:** મો.ઈસ્હાકભાઈ ડી. ભટ્ટા (ઈલોલ પહાડીયા)

**● કાકોશીમાં 'કરબલા' ખાતે 'યૌમે નજાત'ના દિવસે શાનદાર તરહી મુશાએરો :**

૩, શાબાન, હિ.સ. ૧૪૩૪, તા.12-6-2013ને બુધવારની રાત્રે કાકોશી મુકામે 'કરબલા' ખાતે 'મુશાહિદ યંગ કમિટી અને કામરાન કમિટી, કાકોશી દ્વારા હઝરત ઈમામ હુસૈન (અ.)ની વિલાદતના દિવસે શાનદાર તરહી મુશાએરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખુશાલીના પ્રસંગે જાફરી ખાનદાનના સભ્યોની હાજરીથી આ અનોખા તહેવારમાં જાણે સોનામાં સુગંધ ભળી ગઈ હતી. શહીદે કરબલાની વિલાદતના મુબારક પ્રસંગે 'ઝાકિરાને આલે રસૂલ' દ્વારા ઈમામ હુસૈન (અ.)ના જીવન પ્રસંગો જેવા કે (૧) ઈમામ હુસૈન (અ.)ની વિલાદત, (૨) ફિતરસનો પ્રસંગ, રસૂલ (સ.)નું (૩) સજ્દાનું તૂલ કરવું, (૪) રાકિબે દોશે મુસ્તફા અને (૫) સૂરએ દહર ઉપર આધારિત પાંચ તરહ ઉપર આધારિત સુંદર તરહી મુશાએરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝાકિરાને આલે રસૂલના સભ્યોએ સ્વરચિત રચનાઓ પોતપોતાની આગવી શૈલીમાં રજૂ કરી હતી. આ મહેફિલમાં મુશાએરા સ્વરૂપે મોહંમદ વ આલે મોહંમદ (અ.)ની ફઝીલત સાંભળીને તમામ શ્રોતાઓનાં દિલો ડોલી ઉઠ્યાં હતાં. આ પ્રસંગે મુશાહિદ યંગ કમિટી, કાકોશી દ્વારા તરહી મુશાએરાની કાવ્ય રચનાઓની કિતાબ **'હદિયાએ યૌમે નજાત'** પ્રકાશિત કરવામાં આવી હતી. પ્રસંગને સફળતાપૂર્વક પાર પાડવા માટે મુશાહિદ યંગ કમિટી, કામરાન કમિટી અને ગામ કાકોશીના તમામ નાના મોટા ભાઈઓએ જમણ, ન્યાઝ, ચા-પાણી, સ્ટેજ, વગેરેની જે વ્યવસ્થા કરી હતી તે ખૂબ જ પ્રશંસનીય હતી. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન મોલ્વી સાહેબ મોહંમદઅલી પરબડીયા અને મોલ્વી સાહેબ ખાદિમહુસૈન પટેલે કર્યું હતું. આ તરહી મુશાએરાની ડી.વી.ડી. અને કિતાબ 'હદિયાએ યૌમે નજાત' જે મોમિન ભાઈ-બહેનોને જોઈતી હોય તે નીચેના નંબર ઉપર સંપર્ક કરવો. હિદાયતઅલી સેલીયા (અમદાવાદ) - 9825629340, વજીરઅલી ઢુક્કા (કાકોશી) - 9925855229

**● કિશોરગઢ ખાતે 'મદીનતુલ ઇલ્મ' સ્કૂલ (અંગ્રેજી માધ્યમ)ની શુભ શરૂઆત :**

સને જૂન 2013થી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રથી કિશોરગઢ મુકામે ભાડાના મકાનમાં શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત **'મદીનતુલ ઈલ્મ'** સ્કૂલ (અંગ્રજી માધ્યમ)ની શુભ શરૂઆત કરવામાં આવી. સદર ઉદ્ઘાટન પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના તમામ ગામોના મુખી, આગેવાનો, મોમિન ભાઈ બહેનો, મંડળના સભ્યો, મદીનતુલ ઈલ્મ મેનેજમેન્ટ કમિટીના સભ્યો તથા વિદ્યાર્થીઓના વાલીઓએ હાજરી આપી હતી. મદીનતુલ ઈલ્મ સ્કૂલમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ તેમજ મોમિન ભાઈ– બહેનોમાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. મદીનતુલ ઈલ્મ સ્કૂલના ઉદ્ઘાટન પ્રસંગે મોલ્વી

સાહેબ મંજૂરહુસૈન જી. ખાણસીયા દ્વારા ઈસ્લામિક આદેશાનુસાર ઉદ્દઘાટન વિધિ કરવામાં આવી હતી. મો.કાસમભાઈ વિજાપુરાએ પ્રસંગને અનુરૂપ સુંદર પ્રવચન આપ્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મો.ગુલામ હૈદર ડોડીયાએ કર્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે તા.15/06/2013ને શનિવારના રોજ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) તથા વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા સાહેબ (મદ્દે.)એ મદીનતુલ ઈલ્મ સ્કૂલની મુલાકાત લીધી હતી અને મદીનતુલ ઈલ્મ મેનેજમેન્ટ કમિટીના સભ્યો તેમજ બાળકોને દુઆ આશિષ આપ્યા હતા. નામદારની મુલાકાતથી મોમિનોમાં હર્ષનો માહોલ જોવા મળતો હતો.

● **મેતા મુકામે બોસ્તાને તિફ્લાન સ્કૂલના નવા સંકૂલ 'રાહબર મંઝિલ'નું ઉદ્દઘાટન :**

નામદાર બાવા સાહેબના સલાહ સૂચન અનુસાર 'રાહબર મંઝિલ'નો ઉદ્દઘાટન સમારોહ મુ.તા. ૨૨, રજબ–૧૪૩૪, તા.૧–૬–૨૦૧૩ના રોજ શનિવારે રાત્રે રાખવામાં આવ્યો હતો. સૌ પ્રથમ રાહબર મંઝિલમાં રાત્રે ૯–૦૦ કલાકે કુરઆનખ્વાની રાખવામાં આવી હતી. ત્યાર બાદ પીર સૈયદ મીરઅલી બાવા સાહેબ (રહે.અ.)ની દરગાહ ખાતે મજલિસનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ મહેમાન તરીકે એ.વી.એમ.ના પ્રમુખ એ.ડી.મોમિન સાહેબ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ખૂબ જ સરસ રીતે ઈલ્મ વિશે જ્ઞાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં બોસ્તાને તિફ્લાનના બધા જ સંચાલકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. છેલ્લે મોલ્વી સાહેબે ખૂબ જ સરસ મજલિસ પઢી હતી અને ન્યાઝનું વિતરણ કરીને મજલિસનું સમાપન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સમગ્ર શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત માટે 'રાહબર મંઝિલ'ને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. બીજા દિવસે સવારે ૧૦–૦૦ કલાકે શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત સિવાય ગામના તમામ અગ્રણીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું જેમાં બધા મહેમાનો રાહબર મંઝિલ જોઈને ગદગદિત થઈ ગયા હતા અને આપણી ઈલ્મ પ્રત્યેની ભૂખ જોઈ ખૂબ ભાવવિભોર બની ગયા હતા. વાતાવરણ ભાઈચારા અને એકતાનું પેદા થઈ ગયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગામના તમામ મોમિન ભાઈ બહેનો અને બીજી જમાઅતના અગ્રણીઓએ ખૂબ જ સહયોગ આપ્યો હતો.

● **અભિનંદન :**



નડીયાદ–સુરત નિવાસી **મો.કનીઝફાતેમા હૈદરઅલી મોલ્વી** દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કેમેસ્ટ્રીમાં અને અંગ્રેજીમાં સૌથી વધારે માર્કસ મેળવી બે ગોલ્ડ મેડલ મેળવેલ છે. મો.કનીઝફાતેમાને જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન. ⟶

ઈલોલ તલાવ નિવાસી **મો.ફેઝઅહમદ ઈસ્માઈલભાઈ નુરભાણેજ** ગુજરાત જાહેર સેવા આયોગ (જી.પી.એસ.સી.) અમદાવાદ માફરત ગુજરાત પશુપાલન સેવા વર્ગ–૨, પશુચિકિત્સા અધિકારીની ભરતીમાં નિમાણૂંક થયેલ છે. મો.ફેઝઅહમદને જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

● **ઇન્નાલિલ્લાહે..:**



કનાઈ નિવાસી **મર્હૂમ મો.ઉરીબેન હાજી ગુલામભાઈ ખાંનજીભાઈ ખાણશીયા** મુ.તા. ૧૩, રજબ–૧૪૩૪, તા.૨૪–૫–૨૦૧૩ને શુક્રવારના રોજ ટૂંકી માંદગી બાદ ૭૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે પ્રેમાળ, ઈમાનદાર, નમાઝનાં પાબંદ, અહલેબૈત (અ.)નાં ચાહક અને પીરો મુરશિદનાં મોહિબ હતાં. ⟶



←—મોલીપુર નિવાસી **મર્હૂમ મો.જમાલભાઈ વજીરભાઈ ઝાલર** મુ.તા. ૪, જમા. આખર–૧૪૩૪, તા.૧૫–૪–૨૦૧૩ને સોમવારના રોજ ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ નમાઝ અને રોઝાના પાબંદ હતા. તેઓ રમઝાનુલ મુબારકમાં ૧૦ જેટલા કુરઆન શરીફ ખત્મ કરતા હતા. મર્હૂમ સ્વભાવે માયાળુ, મહેમાનનવાઝ તથા મોહંમદ વ આલે મોહંમદ (સ.)ના ચાહક હતા.


વાઘરોલ નિવાસી **મર્હૂમ મો.નશીરભાઈ દાઉદભાઈ સુણસરા (જેથરા)** મુ.તા. ૨૧ જમા.આખર–૧૪૩૪, તા.૨–૫–૨૦૧૩ને ગુરૂવારના રોજ ૬૮ વર્ષની વયે ઝિક્રે ઈલાહી કરતાં કરતાં અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સિધ્ધપુર ખાતે વર્ષોથી ઓટો ગેરેજના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. ગુરૂવારે પીર, ઔલિયા અલ્લાહની દરગાહે જવાનો તેમનો નિત્યક્રમ હતો. તેઓ વાઘરોલ તેમજ આજુબાજુના પંથકમાં 'સખી ઈમાનદાર મોમિન' તરીકે લોક ચાહતા હતી. તેમણે ગુપ્તદાન, અબોલા જીવો પ્રત્યેના પ્રેમને પાછલી જિંદગીમાં નિત્યક્રમ બનાવી દીધો હતો. મર્હૂમ બે વાર હજ અને ઉમરા ઝિયારતથી મુશર્રફ થયેલા હતા. —→






←—રસૂલપુર (ખે.) નિવાસી **મર્હૂમા મો.ઝયનબબેન ગુલામમહંમદ (ગાજી) સુથાર** મુ.તા. ૧૬, રજબ–૧૪૩૪, તા.૨૭–૫–૨૦૧૩ને સોમવારના રોજ આશરે ૬૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. તેઓ સ્વભાવે શાંત, માયાળુ અને પીરો મુરશિદનાં ચાહક હતાં. તેઓ તસ્બીહ અને ઝિક્ર કરવાવાળાં હતાં.

બાદરપુર નિવાસી **મર્હૂમ મો. હાજી હાસમભાઈ દાઉદભાઈ બટ્ટી** મુ.તા. ૧૯, રજબ–૧૪૩૪, તા.૨૯–૫–૨૦૧૩ને બુધવારના રોજ ૬૬ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ જી.ઈ.બી.માં ફરજ બજાવતા હતા. મર્હૂમ સ્વાભાવે મિલનસાર, નેક, ઈમાનદાર, નમ્ર, શાંત અને દરેક સાથે વિવેકથી વર્તન કરતા હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદ (સ.) અને પીરો મુરશિદના ચાહક હતા. —→





←—પીંપોદર નિવાસી **મર્હૂમ મો.દાઉદભાઈ અલીમોહંમદ ભટ્ટ** મુ.તા. ૨૮, રજબ–૧૪૩૩, તા.૮–૬–૨૦૧૩ને શનિવારના રોજ ૭૨ વર્ષની વયે અલ્લાહ તઆલની રહેમતે પહોંચ્યા છે. તેઓ માધ્યમિક શિક્ષક તરીકે સેવા બજાવીને રિટાયર્ડ થયા હતા. ગામના આગેવાન તરીકે રહી ચૂક્યા હોવા ઉપરાંત તેઓ શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળના કારોબારી સભ્ય પણ રહી ચૂક્યા હતા. તેઓ ઉમરા હજ અને ઝિયારતથી મુશર્રફ થયા હતા. તેઓ સ્વભાવે શાંત અને નરમ હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદ (અ.) અને પીરો મુરશિદના ચાહક હતા.



મર્હૂમા આબેદાબેન

શેખપુર નિવાસી **મર્હૂમા મો.આબેદાબેન મંજૂરઅલી** તથા **મર્હૂમ મો.ઈકરામહુસૈન મંજૂરઅલી (ભગત)** મુ.તા. ૯, જમા. આખર–૧૪૩૪, તા.૨૦–૪–૨૦૧૩ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા આબેદાબેન ૩૪ વર્ષ અને મર્હૂમ ઈકરામઅલી ૩ વર્ષની ઉંમર ધરાવતા હતા. બન્ને મા દીકરો શેખપુરથી મુંબઈ જતાં માર્ગ અકસ્માતમાં અવસાન પામ્યા હતા.



મર્હૂમ ઇકરામહુસૈન

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે જુલાઈ–૨૦૧૩ થી તા. ૧૫, માહે ઓગસ્ટ–૨૦૧૩ મુ.તા. ૬, રમઝાન–૧૪૩૪ થી મુ.તા. ૭, શવ્વાલ–૧૪૩૪ |
|---|---|---|---|
| જુલાઈ | રમઝાન | – | |
| 18 | ૮ | ગુરૂ | વીંછુડો બેસે : બપોરે ૧–૨૭ |
| 19 | ૯ | શુક્ર | વીંછુડો |
| 20 | ૧૦ | શનિ | વફાત : જનાબે ખદીજતુલ કુબરા (અ.) ❄ વીંછુડો ઊતરે : બપોરે ૨–૩૯ |
| 25 | ૧૫ | ગુરૂ | **વિલાદત : હઝરત ઈમામ હસન મુજતબા (અ.)** |
| 27 | ૧૭ | શનિ | વફાત : હઝરત બાલાપીર બાવા (રહે.) |
| 28 | ૧૮ | રવિ | શબે કદ્ર / શબે ઝર્બત |
| 30 | ૨૦ | મંગળ | શબે કદ્ર / **નોંધ જુઓ.** |
| 31 | ૨૧ | બુધ | **નોંધ જુઓ.** |
| **ઓગ.**–1 | ૨૨ | ગુરૂ | શબે કદ્ર |
| 2 | ૨૩ | શુક્ર | ઝિયારત : હઝરત અલી મુર્તઝા (અ.) |
| 4 | ૨૫ | રવિ | **ઉર્સ : સૈયદ ઈમામશાહ બાવા (રહે.), પીરાણા** |
| 5 | ૨૬ | સોમ | વફાત : પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.) |
| 8 | ૨૯ | ગુરૂ | **શબે ઈદ** |
| 9 | શવ્વાલ- ૧ | શુક્ર | **રમઝાન ઈદ ઈદુલ ફિત્ર** |
| 13 | ૫ | મંગળ | **ઉર્સ : પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.), અમદાવાદ** |
| 14 | ૬ | બુધ | **ઉર્સ : પીર સૈયદ નૂરમોહંમદ બાવા (રહે.), નવસારી** ❄ વીંછુડો બેસે : રાત્રે ૭–૧૯ |
| 15 | ૭ | ગુરૂ | **સ્વાતંત્ર્ય દિન** ❄ વીંછુડો |

**નોંધ : તા.૩૦–૭–૨૦૧૩ ❄ મુ.તા. ૨૦, રમઝાન–૧૪૩૪**
❄ હઝરત અલી (અ.)એ હઝરત રસૂલે ખુદા (સ.)ના ખભા ઉપર ચઢીને કા'બાના બુત તોડ્યા ❄ મક્કાનો વિજય

**નોંધ : તા.૩૧–૭–૨૦૧૩ ❄ મુ.તા. ૨૧, રમઝાન–૧૪૩૪**
❄ શહાદત : હઝરત અલી મુર્તઝા (અ.) ❄ વફાત : પીર સૈયદ મોહંમદ (રહે.) ❄ વફાત : પીર સૈયદ કાસિમ અન્વાર શમ્સુદ્દીન (રહે.) ❄ વફાત : પીર સૈયદ નસીરૂદ્દીન મોહંમદ (રહે.) ❄ વફાત : પીર સૈયદ શાહબુદ્દીન (રહે.) ❄ વફાત : પીર સૈયદ રહેમતુલ્લાહ (રહે.) ❄ વિલાદત : પીર સૈયદ મોહંમદ ઈમામુદ્દીન (રહે.)

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)**

(૧) વિલાએ હમ્દ એટલે શું ? (૨) કયા લોકો જન્નતમાં જવાનો ઈન્કાર કરશે ? (૩) ફિરઓન બાદશાહની પત્નીનું નામ શું હતું ? (૪) કયામતના દિવસે સૌથી પહેલાં કઈ ઈબાદતનો હિસાબ લેવામાં આવશે ? (૫) 'કાદિર' શબ્દનો અર્થ શું થાય ? (૬) મીકાઈલ ફરિશ્તા કયા કાર્ય માટે નિયુક્ત થયેલા છે ? (૭) 'મેં સુંદરતા સિવાય કશું જોયું નથી,' આ શબ્દો કોણે ઉચ્ચાર્યા છે ? (૮) અલ્લાહ તઆલાને આપેલા કર્ઝને કયા નામથી ઓળખવામાં આવે છે ? (૯) જંગે અહઝાબમાં મક્કાના કુફ્ફાર તરફથી મુસલમાનો સામે કયો નામી પહેલવાન લડવા માટે આવ્યો હતો ? (૧૦) રસૂલે ખુદા (સ.)ના અસ્હાબમાંથી કયા સહાબીને હુઝૂર (સ.)એ પોતાની અહલેબૈતમાં ગણ્યા છે ? (૧૧) શું શરીર વગર રૂહ જીવતી રહી શકે છે ખરી ?

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઇની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.નૂરમોહંમદ વી. સુથાર (સાલડી) તરફથી ૧૩મી રજબ, મૌલા અલી (અ.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ઝુબેદાબેન ગુલામહુસૈન (સાલડી) તરફથી જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબા તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.ઉરીબેન હાજી ગુલામભાઈ ખાંનજીભાઈ ખાણશીયા (કનાઈ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૩૦૦/- મો.ઈન્તેખાબઅલી ગુલામભાઈ ખાણશીયા
રૂા.૨૦૦/- મો.તાહેરાબેન ઈન્તેખાબઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી ઈન્તેખાબઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.અબ્બાસભાઈ વલીભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.આબિદઅલી અબ્બાસભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન આબિદઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો.મેઅરાજફાતેમા આબિદઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો.મકબૂલફાતેમા આબિદઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો.મહંમદઅલી આબિદઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.મહદીઅલી નશીરભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ નશીરભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.ઝાહેદાબેન મહદીઅલી ખાણશીયા
રૂા.૨૦૦/- મો.અલીભાઈ ગનીભાઈ ભૂરા
રૂા.૧૦૦/- મો.ઈબ્રાહીમભાઈ શરીફભાઈ ખાણશીયા(વકીલ)
રૂા.૧૦૦/- મો.અલીભાઈ શરીફભાઈ ખાણશીયા (વકીલ)
રૂા.૧૦૦/- મો.નજરઅલી વલીભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.નૂરભાઈ અમદાભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.મરયમબેન નૂરભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ નૂરભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન ગુલામઅબ્બાસ પટેલ
રૂા.૫૦/- મો.મંજૂરઅલી ગુલામઅબ્બાસ પટેલ
રૂા.૫૦/- મો.ઝોહરાબેન મંજૂરઅલી પટેલ
રૂા.૫૦/- મો.ઈનાયતઅલી મંજૂરઅલી પટેલ
રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ પટેલ
રૂા.૫૦/- મો.હબીબાબાનુ હસનઅબ્બાસ પટેલ
રૂા.૫૦/- મો.એજાઝઅલી હસનઅબ્બાસ પટેલ
રૂા.૧૦૦/- મો.ઉમરઅલી નૂરભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન ઉમરઅલી પટેલ
રૂા.૫૦/- મો.નજરમહંમદ ઉમરઅલી પટેલ
રૂા.૫૦/- મો.સાકેરાબેન નજરમહંમદ પટેલ
રૂા.૫૦/- મો.ઈસ્મતફાતેમા નજરમહંમદ પટેલ
રૂા.૫૦/- મો.મોહંમદહસન નજરમહંમદ પટેલ
રૂા.૧૦૦/- મો.ઈમદાદઅલી નૂરભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.સાબેરાબેન ઈમદાદઅલી પટેલ
રૂા.૫૦/- મો.મહદીહસન ઈમદાદઅલી પટેલ
રૂા.૫૦/- મો.ફતેહઅલી ઈમદાદઅલી પટેલ
રૂા.૧૦૦/- મો.વલીભાઈ અમદાભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન વલીભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.સકીનાબેન આઈ. પટેલ
રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી ઈસ્માઈલભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.સાકેરાબેન મહંમદઅલી પટેલ
રૂા.૫૦/- મો.તાહેરઅલી મહંમદઅલી પટેલ
રૂા.૫૦/- મો.તાહેરાફાતેમા મહંમદઅલી પટેલ
રૂા.૧૦૦/- મો.ઈર્શાદએહમદ શેરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.તન્વીરફાતેમા ઈર્શાદએહમદ કોવડીયા
રૂા.૧૦૦/- મો.મહંમદઅલી હાસમભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન મહંમદઅલી પટેલ

રૂા.૫૦/- મો.સાકેરાબેન મહંમદઅલી પટેલ
રૂા.૫૦/- મો.હબીબાબેન મહંમદઅલી પટેલ
રૂા.૫૦/- મો.હસનએહમદ મહંમદઅલી પટેલ
રૂા.૫૦/- મો.હુસૈનાબેન મહદીઅલી વિજાપુરા(ભલા)
રૂા.૧૦૦/- મો.હૈદરઅલી શબ્બીરઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.મહેમૂદાબેન મહંમદઅલી ડોડીયા
રૂા.૫૦/- મો.આબેદાબેન આબિદહુસૈન ગોદડ
રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન અબ્બાસઅલી મસી
રૂા.૫૦/- મો.મૈસમઅલી યૂસુફભાઈ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.રોશનઅલી વલીભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.જસ્મીનબેન રોશનઅલી પટેલ
રૂા.૫૦/- મો.ફરહીન રોશનઅલી પટેલ
રૂા.૫૦/- મો.આરેફાબાનુ રોશનઅલી પટેલ
રૂા.૫૦/- મો.મહંમદઅલી રોશનઅલી પટેલ

**મર્હૂમ હાજી હાસમભાઈ દાઉદભાઈ બટ્ટી (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૭૮૬/- મો.અવલીબેન દાઉદભાઈ બટ્ટી
રૂા.૪૨૯/- મો.હાજેરાબેન હાસમભાઈ બટ્ટી
રૂા.૧૧૦/- મો.કાસમઅલી હાસમભાઈ બટ્ટી
રૂા.૫૧/- મો.આબેદાબેન કાસમઅલી બટ્ટી
રૂા.૫૧/- મો.ઈરફાનહૈદર કાસમઅલી બટ્ટી
રૂા.૫૧/- મો.અકબરહુસૈન કાસમઅલી બટ્ટી
રૂા.૫૧/- મો.ઈસ્મતફાતેમા એહમદઅબ્બાસ બટ્ટી
રૂા.૫૧/- મો.ઈરફાનાફાતેમા એહમદઅબ્બાસ બટ્ટી
રૂા.૫૧/- મો.મોહંમદઅર્શદ એહમદઅબ્બાસ બટ્ટી
રૂા.૨૫૧/- મો.ગુલામઅબ્બાસ દાઉદભાઈ બટ્ટી
રૂા.૫૧/- મો.ઝયનબબેન ગુલામઅબ્બાસ બટ્ટી
રૂા.૫૧/- મો.મોહંમદઅલી ગુલામઅબ્બાસ બટ્ટી
રૂા.૫૧/- મો.સુગરાબેન મોહંમદઅલી બટ્ટી
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી ગુલામઅબ્બાસ બટ્ટી
રૂા.૫૧/- મો.સુગરાબેન શબ્બીરઅલી બટ્ટી
રૂા.૨૧/- મો.રાહતફાતેમા શબ્બીરઅલી બટ્ટી
રૂા.૨૧/- મો.રૂકૈયાફાતેમા મોહંમદઅલી બટ્ટી
રૂા.૨૧/- મો.એહસાનલી શબ્બીરઅલી બટ્ટી
રૂા.૨૧/- મો.એહમદઅલી મોહંમદઅલી બટ્ટી
રૂા.૨૧૦/- મો.મીકદાદહૈદર દાઉદભાઈ બટ્ટી
રૂા.૫૧/- મો.સુગરાબેન મીકદાદહૈદર બટ્ટી
રૂા.૨૧/- મો.સલમાનઅલી મીકદાદહૈદર બટ્ટી
રૂા.૨૧/- મો.રહેમતફાતેમા સલમાનઅલી બટ્ટી
રૂા.૨૧/- મો.અઝમતફાતેમા મીકદાદહૈદર બટ્ટી
રૂા.૨૧/- મો.અકબરઅલી મીકદાદહૈદર બટ્ટી
રૂા.૫૧/- મો.નૂરીબેન ઈબ્રાહીમભાઈ ધરખડ
રૂા.૫૧/- મો.ઈબ્રાહીમભાઈ રસૂલભાઈ ધરખડ
રૂા.૫૧/- મો.મરયમબેન અબ્બાસભાઈ મેડા
રૂા.૫૧/- મો.અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ મેડા
રૂા.૫૧/- મો.ઝયનબબેન વજીરભાઈ નાથામેઠા
રૂા.૫૧/- મો.વજીરભાઈ સાવદીભાઈ નાથામેઠા
રૂા.૫૧/- મો.બતૂલફાતેમા અબ્બાસઅલી બટ્ટી
રૂા.૫૧/- મો.અબ્બાસઅલી કમાલભાઈ બટ્ટી
રૂા.૨૧/- મો.મેઅરાજફાતેમા અબ્બાસઅલી બટ્ટી
રૂા.૨૧/- મો.સાદિકઅલી અબ્બાસઅલી બટ્ટી
રૂા.૨૧/- મો.અકબરઅલી અબ્બાસઅલી બટ્ટી
રૂા.૫૧/- મો.હબીબભાઈ મૂસેભાઈ દટ્ટ
રૂા.૧૧૦/- મો.એહમદઅબ્બાસ હાસમભાઈ બટ્ટી
રૂા.૫૧/- મો.આબેદાબેન એહમદઅબ્બાસ બટ્ટી

**મર્હૂમા મો.ઝયનબબેન ગુલામમહંમદ (ગાજી) સુથાર (રસૂલપુર–ખે.)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.રતનબેન ગાજીભાઈ સુથાર
રૂા.૧૦૦૧/- મો.ગુલામમહંમદ ગાજીભાઈ સુથાર
રૂા.૧૦૧/- મો.હૈદરઅલી ગાજીભાઈ સુથાર
રૂા.૫૦૧/- મો.અકબરઅલી ગુલામમહંમદ સુથાર
રૂા.૪૪૦/- મો.અસગરઅલી ગુલામમહંમદ સુથાર
રૂા.૫૧/- મો.ઝોહરાબેન હૈદરઅલી સુથાર
રૂા.૧૦૧/- મો.ઝોહરાબેન અકબરઅલી સુથાર
રૂા.૧૦૧/- મો.હુસૈનાબેન અસગરઅલી સુથાર
રૂા.૫૧/- મો.ઝયનબબેન યાકૂબભાઈ સુથાર

રૂા.૫૧/- મો.કુલસૂમબેન નજરભાઈ સુથાર
રૂા.૫૧/- મો.શીરીનબેન શાકિરભાઈ સુથાર
રૂા.૧૦૧/- મો.શબાનાબેન મંજૂરઅલી સુથાર
રૂા.૧૦૧/- મો.નજમાબેન ઈમદાદઅલી સુથાર
રૂા.૫૧/- મો.કુલસૂમફાતેમા હૈદરઅલી સુથાર
રૂા.૫૧/- મો.મોહસિનઅલી હૈદરઅલી સુથાર
રૂા.૫૧/- મો.શબ્બીરહસન હૈદરઅલી સુથાર
રૂા.૧૦૧/- મો.કનીઝફાતેમા અકબરઅલી સુથાર
રૂા.૫૧/- મો.અઝમતફાતેમા અકબરઅલી સુથાર
રૂા.૫૧/- મો.રાહતફાતેમા અકબરઅલી સુથાર
રૂા.૫૧/- મો.ફઝલફાતેમા અકબરઅલી સુથાર
રૂા.૫૧/- મો.મંજૂરફાતેમા અકબરઅલી સુથાર
રૂા.૫૧/- મો.મહંમદઅલી અકબરઅલી સુથાર
રૂા.૫૧/- મો.મેઅરાજફાતેમા અસગરઅલી સુથાર
રૂા.૫૧/- મો.મહંમદઅકબર અસગરઅલી સુથાર
રૂા.૫૧/- મો.મકબૂલફાતેમા અસગરઅલી સુથાર
રૂા.૫૧/- મો.શબ્બીરહસન અસગરઅલી સુથાર
રૂા.૫૧/- મો.નૂરમહંમદ અલીમહંમદ સુથાર
રૂા.૫૧/- મો.હસનઅલી અલીમોહંમદ સુથાર
રૂા.૫૧/- મો.મીકદાદહૈદર સુલેમાનભાઈ સુથાર
રૂા.૨૫/- મો.તાહેરાબેન ગુલામહુસૈન ભગત
રૂા.૫૦/- મો.સકીનાબેન હાસમભાઈ સુથાર
રૂા.૫૧/- મો.તાહેરાબેન મહંમદઅલી સુથાર
રૂા.૫૧/- મો.ઝોહરાબેન ગુલામભાઈ સુથાર
રૂા.૧૧/- મો.મહેરબાનઅલી મંજૂરઅલી સુથાર
રૂા.૧૧/- મો.સાકેરાબાનુ ઈમદાદઅલી સુથાર
રૂા.૧૧/- મો.મહંમદઅબ્બાસ ઈમદાદઅલી સુથાર
રૂા.૫૧/- મો.મંજૂરઅલી ગુલામનબી સુથાર
રૂા.૧૧/- મો.કામયાબઅલી મંજૂરઅલી સુથાર
રૂા.૧૧/- મો.તાહેરાફાતેમા ઈમદાદઅલી સુથાર
રૂા.૧૧/- મો.નાદેરાફાતેમા ઈમદાદઅલી સુથાર
રૂા.૫૧/- મો.ઈમદાદઅલી સુલેમાનભાઈ સુથાર
રૂા.૧૪૭/- મો.ગુલામમહંમદ રસૂલભાઈ રાબડી

**રૂા.૧૧૫૦/- મો.મર્હૂમ જલાલભાઈ વજીરભાઈ ઝાલર (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.ગુલામભાઈ ઈબ્રાહીમ ભાઈ દાવડા (કાટવાડ) તરફથી તેમના નવીન મકાન 'મશાયખી મંઝિલ'માં રહેવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.અનવરઅલી અલજીભાઈ બટ્ટી (બાદરપુર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.શૌકતઅલી દાઉદભાઈ કોજર (જાફરીપુરા) તરફથી તેમની દીકરી એચ.એસ.સી.માં ૮૧% ગુણ મેળવીને પાસ થઈ તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૨૧૧૦/- મો.સુલેમાન તાજુ કડીવાલા (વદાણીયા) અને તેમના દીકરાઓ (વાઘરોલ) તફરથી તેમના નીચેના મર્હૂમ સગા સ્નેહીઓની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

મર્હૂમા કલીબેન સુલેમાન કડીવાલા
મર્હૂમા અમીનાબેન સુલેમાન કડીવાલા
મર્હૂમ ઝહીરઅબ્બાસ એહસાનઅલી કડીવાલા
મર્હૂમ જમાલભાઈ કરીમદભાઈ કડીવાલા
મર્હૂમા રતનબેન જમાલભાઈ કડીવાલા
મર્હૂમ શરીફભાઈ કરીમદભાઈ કડીવાલા
મર્હૂમા કુવેરબેન શરીફભાઈ કડીવાલા
મર્હૂમ હબીબભાઈ કરીમદભાઈ કડીવાલા
મર્હૂમા અમીનાબેન હબીબભાઈ કડીવાલા
મર્હૂમ સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ કાંધેલા
મર્હૂમ હબીબભાઈ કરીમદભાઈ કાંધેલા
મર્હૂમ ઈબ્રાહીમભાઈ કરીમદભાઈ કાંધેલા
મર્હૂમા હલીબેન ઈબ્રાહીમભાઈ કાંધેલા
મર્હૂમ હાજી યૂસુફભાઈ જમાલ આંબલીયાસણા

મર્હૂમા રેમજીબેન હાજી યૂસુફભાઈ આંબલીયાસણા
મર્હૂમ તાજુભાઈ ઈબ્રાહીમભાઈ કડીવાલા
મર્હૂમા અવલીબેન તાજુભાઈ કડીવાલા
મર્હૂમ જમાલભાઈ તાજુ કડીવાલા
મર્હૂમા હલીબેન જમાલભાઈ કડીવાલા
મર્હૂમા કુલસુમબેન અબ્બાસઅલી કડીવાલા
મર્હૂમ ઈબ્રાહીમભાઈ જીવાભાઈ માંકણોજીયા
મર્હૂમા રાજુબેન ઈબ્રાહીમભાઈ માંકણોજીયા
મર્હૂમ વજીરભાઈ યૂસુફભાઈ ચૌધરી
મર્હૂમા જીવીબેન વજીરભાઈ ચૌધરી
મર્હૂમ વલીભાઈ ઈબ્રાહીમભાઈ બાળવા
મર્હૂમા મરૂબેન વલીભાઈ બાળવા
મર્હૂમ શરીફભાઈ વલીભાઈ બાળવા
મર્હૂમ તાજુભાઈ રાજેભાઈ ભોરણીયા
મર્હૂમ હબીબભાઈ ઈબ્રાહીમભાઈ કડીવાલા
મર્હૂમ શરીફભાઈ હબીબભાઈ કડીવાલા
મર્હૂમ અલીમદભાઈ હબીબભાઈ કડીવાલા
મર્હૂમ રસૂલભાઈ હબીબભાઈ કડીવાલા
મર્હૂમ વલીભાઈ વજીરભાઈ લોરીયા
મર્હૂમા રાજુબેન વલીભાઈ લોરીયા
મર્હૂમ ઈબ્રાહીમભાઈ અલાઉદ્દીન બધરા
મર્હૂમા મરૂબેન ઈબ્રાહીમભાઈ બધરા


**રૂા.૧૦૦૦/- મો.મર્હૂમ દાઉદભાઈ અલીમોહંમદ ભટ્ટ (પીંપોદર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તથા સગા સંબંધીઓ તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.મર્હૂમા આબેદાબેન મંજૂરઅલી તથા મો.મર્હૂમ ઈકરામઅલી મંજૂરઅલી (ભગત) (શેખપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.

રૂા.૧૧૦/- મો.મોલ્વી હૈદરઅલી રસૂલભાઈ (નડીયાદ) તરફથી તેમની દીકરી કનીઝફાતેમાએ બી.એસ.સી.માં બે ગોલ્ડ મેડલ મેળવ્યા તેની ખુશાલી પ્રસંગે.


# રક્ષણ ફેબ્રીકેશન ગૃપ

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

સંપર્ક

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦
સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭
૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**




# સુપર વાયર પ્રોડક્ટ

અમારે ત્યાં હોટલ/રેસ્ટોરન્ટના કંપાઉન્ડ, પાર્ટી પ્લોટ અને ખેતરની ફરતે તારની વાડ (જાળી)નું ફેન્સીંગ વ્યાજબી ભાવે સંતોષકારક કરી આપવામાં આવશે.

કાંટા તારનું જાતે પ્રોડકશન કરીને હોલસેલના ભાવે જાળીનું ફેન્સીંગ કરી આપીશું.

**સુલતાનઅલી ડી. પલસાણીયા**
**મો. ૯૮૭૯૩૩૮૫૭૮, ૮૪૮૫૯૩૩૮૨૨**
**મોહસિનઅલી જી. પલસાણીયા**
**મો. ૯૪૨૮૬૦૯૪૩૦**
**(વાઘરોલવાળા)**

૧૧, જલારામ એસ્ટેટ, રેલ્વે ક્રોસીંગની બાજુમાં, સરખેજ–સાણંદ રોડ, અમદાવાદ – ૩૮૨ ૨૧૦